અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

આજનો સુવિચાર
ભલાઈ ક્યારેય નિષ્ફળ જતી નથી, છેલ્લે ભલું કરનારનું ભલું જ થાય છે

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320 Valid upto 31-12-2023 Posting at RMS Ahmedabad

રવિવાર, તા.૧૪ ઓગસ્ટ, ૨૦૨૨
14/8/2022 * VOL : 42 * N0. 331 સંવત- ૨૦૭૮, શ્રાવણ વદ-૩

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧ ફેક્સ : ૦૭૯-૨૬૪૦૨૮૮૨


## ટેરર ફંડિગમાં બિટ્ટાની પત્ની સહિત ચાર સરકારી કર્મચારીઓ બરતરફ

### જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ સામે ઉપરાજ્યપાલનું મોટું પગલું

**(એજન્સી)શ્રીનગર,** જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આતંક વિરુદ્ધ મોટુ એક્શન લીધુ છે. તેમણે ટેરર ઈકોસિસ્ટમમાં શંકાસ્પદ મળતા બિટ્ટા કરાટેના પત્ની, સૈયદ સલાહુદ્દીનના પુત્ર સહિત ચાર સરકારી કર્મચારીઓને બરતરફ કરી દેવાયા છે. આમની પર આતંકવાદીઓ સાથે સંબંધ રાખવાનો આરોપ છે. તેથી સેવામાંથી નીકાળવામાં આવ્યા છે.

ઉપરાજ્યપાલની કાર્યવાહી બાદ બીજેપીનુ નિવેદન આવ્યુ છે. જમ્મુ-કાશ્મીરમાં બીજેપી અધ્યક્ષ રવિન્દ્ર રૈનાએ કહ્યુ- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આતંકી સંગઠનોના સાગરીત અને તેમની સાથે સહાનુભૂતિ રાખનાર પર આકરા પ્રહાર કર્યા છે.

જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રન્ટના ટોપ આતંકવાદી ફારુક અહમદ ડાર ઉર્ફે બિટ્ટા કરાટેની પત્ની અસબાહ આરજૂમંદ ખાન ૨૦૧૧ બેચના જેકેએએસ અધિકારી છે. આ સિવાય મુહીત અહમદ ભટ કાશ્મીર યુનિવર્સિટીમાં વૈજ્ઞાનિક-ડી તરીકે પોસ્ટેડ હતા. માજિદ હુસૈન કાદરી કાશ્મીર યુનિવર્સિટીમાં વરિષ્ઠ સહાયક પ્રોફેસર અને સૈયદ સલાહુદ્દીનના પુત્ર સૈયદ અબ્દુલ મુઈદ આઈટી, જેકેઈડીઆઈમાં મેનેજર હતા. આ તમામને બંધારણની કલમ ૩૧૧એ લાગુ કરીને હટાવાઈ છે.

કાર્યવાહીની યાદીમાં સૌથી ઉપર બિટ્ટા કરાટેના પત્ની અસબાહનુ નામ છે. બિટ્ટાના આતંકવાદી સંગઠનો સહિત આઈએસઆઈની સાથે ગાઢ સંબંધ છે અને કટ્ટર અલગાવવાદી નેતા છે. કરાટેની ટ્રાયલ દરમિયાન પત્ની અસબાહ ચર્ચામાં આવી હતી. અસબાહને પહેલીવાર ૨૦૦૩માં શેર એ કાશ્મીર કૃષિ વિજ્ઞાન અને ટેકનોલોજી યુનિવર્સિટી કાશ્મીરમાં નોકરી મળી હતી. તેમની નિયુક્તિ કથિત રીતે બેકડોરથી કરાઈ હતી. એ પણ જાણવા મળ્યુ કે ૨૦૦૩થી ૨૦૦૭ની વચ્ચે તે મહિનાઓ સુધી ડ્યુટી પર પહોંચ્યા નહીં અને ગેરહાજર રહ્યા પરંતુ તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહીં. અંતે અસબાહને ઓગસ્ટ ૨૦૦૭માં બરતરફ કરવામાં આવ્યા. સૂત્રોના જણાવ્યાનુસાર કામમાં ગેરહાજર રહ્યા દરમિયાન અસબાહે જર્મની, યુકે, હેલસિંકી, શ્રીલંકા અને થાઈલેન્ડની મુસાફરી કરી હતી. તપાસથી જાણવા મળે છે કે તે જેકેએલએફ માટે કેશ એકઠા કરવા લાગ્યા હતા. તે નેપાળ અને બાંગ્લાદેશની મુસાફરી મોટાભાગે રોડ માર્ગે કરતી હતી. અસબાહે ૨૦૧૧ માં જેકેએએસ પરીક્ષા પાસ કરી અને અમુક જ મહિનામાં બિટ્ટા કરાટે સાથે લગ્ન કરી લીધા.


NCC cadets in traditional attire during full dress rehearsal for the celebrations of the 75th anniversary of Independence at the Red Fort, in New Delhi on Saturday. UNI

## સંક્ષિપ્ત સમાચાર

### ઉજ્જૈન નજીકઅનેક વિસ્ફોટ સંભળાયા

**(એજન્સી)ઉજ્જૈન,** ધરતીના નાભિ સ્થળ ગણાતા મધ્ય પ્રદેશના પમા સૌથી મોટા શહેર ઉજ્જૈનની ધરતીના પેટાળમાં શુક્રવારના રોજ ભારે મોટી ભૂગર્ભીય હલચલ જોવા મળી હતી. મહાકાલની ધરતી ઉજ્જૈનના મહિદપુર પ્રાંતમાં આવેલા જગોટી અને બાગલી ગામમાં સવારથી સાંજ સુધીમાં અનેક વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા અને ધરતીમાં કંપન અનુભવાયું હતું. ભૂકંપ જેવા આંચકાઓના કારણે અનેક ઘરોમાં તિરાડ પડી ગઈ હતી અને વાસણો નીચે પડી ગયા હતા. આ કારણે ડરી ગયેલા લોકો આખો દિવસ ઘરની બહાર જ રહ્યા હતા અને બહાર લોકોની ભારે ભીડ જામી હતી.

### દેશમાં કોરોનાના ૧૫,૮૧૫ નવા કેસ

**નવીદિલ્હી,** ભારતમાં ફરી એકવાર કોરોના કેસમાં ઘટાડો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫,૮૧૫ નવા કેસ નોંધાયા છે અને ૬૮ સંક્રમિતોના મોત થયા છે. દેશમાં એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૧,૧૯,૨૬૪ થયો છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૬,૯૯૬ પર પહોંચ્યો છે અત્યાર સુધીમાં ૪,૩૫,૯૩,૧૧૨ લોકો કોરોના મુક્ત થયા છે. દેશમાં કુલ ૨૦૭,૭૧,૬૨,૦૯૮ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ૨૪,૪૩,૦૬૪ ડોઝ ગઈકાલે અપાયા હતા. દૈનિક પોઝિટિવિટી રેટ ૪.૩૬ ટકા છે.

### સેનાના અપમાન બદલ આમિર સામે કેસ

**(એજન્સી)નવી મુંબઇ,** બોલીવૂડની ફિલ્મો રિલીઝ પહેલાં જ વિવાદોમાં આવી જાય છે. ઘણીવાર ફિલ્મનો સીન વિવાદનું કારણ બને છે તો ઘણીવાર કલાકારોના નિવેદનો. ત્યારે ફરી એકવાર આમિર ખાનની ફિલ્મ પણ વિવાદોમાં છે. લાલ સિંહ ચઢ્ઢા ફિલ્મ રિલીઝ થયા પહેલા જ વિવાદોમાં ઘેરાયેલી હતી. આ ફિલ્મ પર હવે ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લાગ્યો છે. જેના કારણે બોલિવૂડ એક્ટર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

## કોંગ્રેસનાં અધ્યક્ષા સોનિયા ગાંધી ફરીથી કોરોના સંક્રમિત

**(એજન્સી)નવી દિલ્હી,** કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી કોરોના સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કરીને આ વાતની જાણકારી આપી હતી. જયરામ રમેશે ટ્વીટ કરતાં લખ્યુ કે, કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી કોરોના સંક્રમિત થયા છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા પ્રોટોકોલને પગલે તે આઈસોલેશનમાં રહેશે. આ અગાઉ ૨ જૂને પણ સોનિયા ગાંધીને કોરોનાનો ચેપ લાગ્યો હતો.



તેમને ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા, જ્યાં તેમની તબિયત વધુ ખરાબ થઈ ગઈ હતી. તે જ સમયે, બુધવારે પ્રિયંકા ગાંધી પણ કોરોના ચેપની ઝપેટમાં આવ્યા હતા. તે પણ હાલમાં આઈસોલેશનમાં છે. આ પહેલા પણ ૩ જૂને પ્રિયંકા ગાંધી કોરોના સંક્રમિત મળી આવ્યા હતા. ભૂતપૂર્વ લોકસભા સ્પીકર મીરા કુમારને પણ કોરોના થયો છે. તેમણે પોતે ટ્વીટ કરીને આ અંગેની માહિતી આપતા લખ્યુ કે, ગઈકાલે રાત્રે તે ફરીથી કોરોના સંક્રમિત જોવા મળ્યા છે. જે જાણ્યા બાદ તે હાલ કવોરન્ટાઈન છે. આ સાથે મીરા કુમારે પોતાના સંપર્કમાં આવેલા તમામ લોકોને કોવિડ-૧૯ પ્રોટોકોલનું પાલન કરવા વિનંતી કરી છે.

## મંત્રીમંડળમાં સ્થાન ન મળતાં મહારાષ્ટ્રના અનેક ધારાસભ્યો નારાજ

**(એજન્સી)મુંબઈ,** મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી સરકારના મહત્વના પક્ષ શિવસેનાને તોડીને ઠાકરે પરિવારના નજીકના એકનાથ શિંદેએ બળવો કરીને ૫૦થી વધુ ધારાસભ્યો સાથે બીજેપી સાથે નવી સરકારની રચના કરી હતી. ઉદ્ધવ ઠાકરેને મોટાપાયે નુકશાન કરીને હવે શિવસેનાની તમામ અસ્કયામતો પોતાના નામે કરવાની તૈયારી કરી રહેલ શિંદે સમૂહ માટે આગામી સમય કપરા ચઢાણનો છે.એકનાથ શિંદે સરકારની ૨ સભ્યો મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના કેબિનેટનું ૪૦ દિવસ બાદ વિસ્તરણ થતા હવે નવી સરકાર પર જ કાળા વાદળો ઘેરાઈ શકવાની આશંકા હતી અને આજે જોવા મળેલ એક ટ્વિટર પોસ્ટથી તેની શરૂઆત થઈ છે.

એકનાથ શિંદે સરકારના ૯મી ઓગસ્ટે થયેલ કેબિનેટ વિસ્તરણમાં ૧૮ ધારાસભ્યોએ મંત્રીપદના શપથ લીધા હતા, જેમાં ૯ મંત્રી બીજેપી અને ૯ મંત્રી એકનાથ શિંદે જૂથના છે. નવી સરકારમાં રાધાકૃષ્ણ વિખે પાટીલ, સુધીર મુનગંટીવાર, ચંદ્રકાંત પાટિલ, વિજયકુમાર ગાવિત, ગિરીશ મહાજન, ગુલાબરાવ પાટિલ, દાદા ભૂસે, સંજય રાઠોડ, સુરેશ ખાડે, સંદીપન ભુમરે, ઉદય સામંત, તાનાજી સાવંત, રવિન્દ્ર ચવ્હાણ, અબ્દુલ સત્તાર, દીપક કેસરકર, અતુલ સાવે, શંભૂરાજ દેસાઈ, મંગલ પ્રભાત લોઢાએ મંત્રીપદના શપથ લીધા હતા પરંતુ આ વિસ્તરણમાં સ્થાન ન મળતા અનેક બળવાખોર ધારાસભ્યો નાખુશ હોવાનું જાણવા મળ્યું હતુ અને આ નારાજગી હવે જાહેરમાં જોવા મળી રહી છે.

મંત્રીમંડળમાં સ્થાન ન મળતા મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં ત્રીજી ટર્મમાં ચૂંટાઈ આવેલા ધારાસભ્ય સંજય શિરશાટે બળાપો ઠાલવ્યો છે.

## અદિસ અબાબાથી આવતા મુસાફર પાસેથી ૧૦૦ કરોડનું હેરોઈન-કોકેઈન જપ્ત

**(એજન્સી)ચેન્નાઇ,** ચેન્નાઈ એરપોર્ટ પર કસ્ટમ વિભાગને મોટી સફળતા મળી છે. ઈથોપિયન એરલાઈન્સ દ્વારા અદીસ અબાબાથી આવતા એક મુસાફર પાસેથી ૯.૫૯૦ કિલો વજનનું હેરોઈન અને કોકેઈન જપ્ત કરવામાં આવ્યું છે. તેની કિંમત લગભગ ૧૦૦ કરોડ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. એર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)ના અધિકારી અનિલ કુમારના ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે દરોડા પાડવામાં આવ્યા હતા.

ચેન્નાઈ એર કસ્ટમ્સ દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર, ૧૧ ઓગસ્ટના રોજ ઈથોપિયન એરલાઈન્સ દ્વારા અદીસ અબાબાથી પહોંચેલા ભારતીય મુસાફર ઈકબાલ બી.ઉરંદાદીને એઆઈયુ અધિકારીઓએ રોક્યો હતો. તેમની પાસેથી ૯.૫૯૦ કિલો વજનનું હેરોઈન અને કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું અને તેની કિંમત લગભગ ૧૦૦ કરોડ રૂપિયા છે.

નિવેદન અનુસાર, 'મુસાફર અને તેમના સામનની તપાસ કરતાં કોકેઈન અને હેરોઈન મળી આવ્યા હતા. મુસાફરે તેને ચેક-ઈન સામાન અને જૂતામાં છુપાવી દીધું હતું.

તેને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ ૧૯૮૫ હેઠળ જપ્ત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મુસાફરની ધરપકડ કરવામાં આવી છે'

## આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે તિરંગો ફરકાવ્યો

**(એજન્સી)નાગપુર,** રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પણ હર ઘર તિરંગા અભિયાનમાં જોડાઈ ગયો છે. આરએસએસે શનિવારે પોતાના કાર્યાલયમાં તિરંગો ફરકાવવાનો એક વીડિયો શેર કર્યો છે. તેમાં સંઘ પ્રમુખ મોહન ભાગવત તિરંગો ફરકાવી રહ્યાં છે. તેની સાથે લખ્યું છે, 'સ્વાધીનતા કા અમૃત મહોત્સવ મનાએં. હર ઘર તિરંગા ફહરાએં. રાષ્ટ્રીય સ્વાભિમાન જગાએ. આ પહેલા સંઘે પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલમાં તિરંગાની ડીપી લગાવી હતી. આ સાથે મોહન ભાગવતે પોતાના પ્રોફાઈલનો ફોટો બદલી નાખ્યો છે અને તિરંગો લગાવ્યો છે. સંઘ નેતાઓએ હર ઘર તિરંગા અભિયાનમાં ભાગીદારીની અપીલ પણ કરી છે. તો તિરંગા અભિયાનને લઈને કોંગ્રેસ પ્રવક્તા જયરામ રમેશે નિશાન સાધ્યુ અને કહ્યું- તે લોકો જેણે આપણા સ્વતંત્રતા સેનાનીઓને ગદો આપ્યો, જેણે આપણા દેશ સાથે છેતરપિંડી કરી, જેણે આપણા સ્વતંત્રતા સંગ્રામ અને ભારત છોડો આંદોલનનો વિરોધ કર્યો, જેણે અંગ્રેજો માટે કામ કર્યુ, જેણે અંગ્રેજોની માફી માંગી, આજે તે આપણો રાષ્ટ્રીય તિરંગો વેચી રહ્યાં છે. તિરંગા વેચો પાર્ટી. નોંધનીય છે કે આજથી દેશભરમાં હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ થયો છે. ગૃહ મંત્રી અમિત શાહે આજે તેમના બંગલાની છત પર તિરંગો ફરકાવ્યો છે.

## સલમાન રશ્દીની એક હાથની નશો તૂટી ગઈ, આંખો ગુમાવે તેવી શક્યતા

**(એજન્સી)ન્યૂયોર્ક,** ભારતીય મૂળના વિવાદી લેખક સલમાન રશ્દીની હાલત હાલ ખૂબ જ નાજૂક ગણાવાઈ રહી છે. તેમના પર ગઈકાલે ન્યૂયોર્ક નજીક ચાકૂથી ઘાતક હુમલો થયો હતો. ૭૫ વર્ષીય રશ્દીના એજન્ટ એન્ડ્ર્યુ વિલીના જણાવ્યા અનુસાર, તેઓ હાલ વેન્ટિલેટર પર છે. તેમનું લિવર આ હુમલામાં ડેમેજ થયું છે, આ સિવાય તેમના હાથમાં પણ ઈજા થઈ છે તેમજ તેઓ એક આંખ ગુમાવે તેવી પણ શક્યતા છે.રશ્દી પર અટેક કરનારા વ્યક્તિની ઓળખ હાડી મટાર તરીકે કરવામાં આવી છે. ૨૪ વર્ષીય હુમલાખોર ન્યૂજર્સીનો રહેવાસી હોવાનું પણ જાણવા મળ્યું છે. તેની ધરપકડ ઘટનાસ્થળ પરથી જ કરી લેવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, રશ્દી પર હુમલો કરવાનો ઉદ્દેશ હજુ સ્પષ્ટ નથી થઈ શક્યો.

## મધ્યપ્રદેશમાં ડેમ તૂટવાની દહેશત ૧૮ ગામ ખાલી કરાયા

**(એજન્સી)ભોપાલ,** ધાર જિલ્લાના કારમ નદી પર બાંધવામાં આવેલો ડેમ લીકેજ પછી તૂટવાનું જોખમ જોઈને અહીં સેના તહેનાત કરવામાં આવી છે. શુક્રવારે રાતે સેનાના જવાનો ઘટના સ્થળે પહોંચી ગયા છે. એનડીઆરએફની સુરત, વડોદરા, દિલ્હી અને ભોપાલથી એક-એક ટીમ રવાના થઈ છે. દરેક ટીમમાં ૩૦થી ૩૫ જવાન છે. પ્રશાસનનો દાવો છે કે, શનિવારે સવારે ચાર વાગે ડેમના નીચાળવાળા વિસ્તારોને ખાલી કરાવવામાં આવ્યા છે. હાલ સ્થિતિ નિયંત્રણમાં છેમેઘા પાટકરે ડેમ પર જઈ મંત્રી તુલસી સિલાવટ સાથે મુલાકાત કરી હતી.

શનિવારે સવારે જળ સંસાધન મંત્રી તુલસી સિલાવટ અને ઉદ્યોગ સંવર્ધન મંત્રી રાજવર્ધન સિંહ દત્તીગાંવ, કમિશનર, કલેક્ટર અને એસપી ઘટના સ્થળે છે. તેમની દેખરેખમાં ડેમના બીજા છેડેથી વૈકલ્પિક નહેર બનાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. પ્રશાસનનો પ્રયત્ન છે કે, ડેમમાં જમા પાણીનું પ્રેશર ઓછું કરવા બીજા છેડેથી પાણી નીકાળવામાં આવી રહ્યું છે. ડેમમાં ૪૫ મિલિયન ઘન મીટર પાણીની ક્ષમતા છે. જ્યારે તેમાં અત્યારે ૧૫ મિલિયન ઘન મીટર પાણી છે. પાણી વધારે ઓછું થઈ જશે તો ડેમને તૂટતા અટકાવી શકાશે. સિલાવટે જણાવ્યું કે, કારમ ડેમમાં એક છેડેથી સુરક્ષીત પાણી કાઢવામાં આવી રહ્યું છે જેથી ડેમની દિવાલો પર પાણીનું પ્રેશર ઓછું કરી શકાશે. ડેમના નીચાળવાળા ગામોને સુરક્ષીત રાખવા માટે ગામ ખાલી કરાવવામાં આવી રહ્યા છે.

મુખ્યમત્રી શિવરાજ સિંહ ચૌહાણે શનિવારે મંત્રાલયના કંટ્રોલ રૂમમાં ખાસ બેઠક કરીને ધાર જિલ્લામાં જનતાની સુરક્ષાના આદેશ આપ્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, જે ગામોમાં જોખમ આવી શકે છે ત્યાંના લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. મુખ્ય સચિવ ઈકલાબ સિંહ બેંસ, ACS રાજૌરા, ACS એસએ મિશ્રા પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.



અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
16g પ્રોટીન
₹25*/ 500 mL
અમૂલ ગાયનું દૂધ
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57
Amul The Taste of India

સુખી લગ્ન-જીવન માટે

સ્ત્રી-પુરુષોના લગ્ન-જીવનને લગતા કોઈપણ જાતના ગુપ્તરોગ (સેક્સ સમસ્યાઓ) માટેનું ભારતભરમાં પોતાની ઢબનું એકમાત્ર ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ સાયંટીફિક સેક્સ ક્લીનીક
સ્વરૂપ સેક્સ ક્યૉર
"નોબલ્સ" નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
www.swaroopsexcure.com
ફોન : ૨૬૫૮ ૬૦૦૦ ૨૬૫૮ ૭૦૦૦ ૨૬૫૮ ૮૦૦૦ ૪૮૦૦ ૦૦૦૯
સમય : સવારે ૧૧ થી ૨ સાંજે ૪.૩૦ થી ૭ રવિવારે રજા
૫૫ મું વર્ષ

રમકડાની નવી વેરાઇટીઝનો વિશાળ શો-રૂમ
દરેક જાતના રમકડા, ગેઇમ્સ, સ્પોર્ટસના સાધનો, કંપની ભાવે હોલસેલમાં
VORA
વોરા બ્રધર્સ
જુમ્મા મસ્જિદ સામે, ગાંધી રોડ, ફોનઃ- ૦૭૯,૨૫૩૨૧૪૬૧
જૈનવાડીની અંદર, માણેકચોક. ફોનઃ- ૦૭૯, ૨૨૧૧૨૦૨૨

નાગપાંચમ નિમિત્તે ખાજા
તીખા-મોળા-ગળ્યા
ચોખ્ખા ઘી તથા શુધ્ધ સિંગતેલના
૧૦૦% શુધ્ધ ઘીની મિઠાઇઓ
જયહિંદ સ્વીટ્સ TM
માણેકચોક, ફોનઃ- ૨૨૧૪૦૭૧૪
શિવાલીક પ્લાઝા, IIM રોડ, આંબાવાડી. ફોનઃ- ૨૬૩૦૯૩૯૩
સ્ટેડીયમરોડ, નવરંગપુરા, ફોનઃ- ૨૬૪૬૮૬૮૬
Baker's Den
પ્યોર વેજીટેરીયન કેક / પેસ્ટ્રી

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સ્પે. ફરાળી વાનગી

સ્પે.સૌરાષ્ટ્રના બફવડા
ફરાળી પાત્રા સાબુદાણા વડા
કેળાની કટલેશ
સૌરાષ્ટ્ર ફરસાણ એન્ડ સ્વીટ પાર્લર
ફરાળી પાત્રા, ફુલવડી, બટાકા વેફર, કેળા વેફર, રાજગરાનો ચેવડો, સાબુદાણા વડા, સાબુ દાણા ખીચડી, મોરૈયો અને સુકી ભાજી, ફરાળી ભજીયા, ફરાળી ચીપ્સ, ફરાળી દહીંવડા, કેળાની કટલેશ, કેળાનો કેવડો, પાઈનેપલ કેવડો, ફરાળી ખમણ
નોંધ: અમારી બીજી કોઈ શાખા નથી
સ્થળ: ચકલેશ્વર મહાદેવ પાસે, રાયપુર ચકલા, અમદાવાદ
સમય: સવારે ૧૦ થી રાત્રે ૧૧ સુધી
ફોન નં: મો. ૯૨૭૯૮૨૪૩૫૭ ૨૨૧૪૪૧૩૭

CHAVDA નહેરૂનગર
BIG SALE Upto 70%
લેડીઝ જેન્ટસ ફુટવેર
પાર્ટીવેર, ઓફિસવેર, કેઝ્યુઅલ ફૂટવેર
Sunday open
હનુમાનજીના મંદિરની બાજુમાં, નહેરૂનગર, આંબાવાડી અમદાવાદ Tel : 079-26302322




## Editorial....

# વિભાજનની વિભીષિકાનું સ્મરણ

ભારતના વિભાજનના દુઃખદાયક અનુભવને યાદ કરવો આજે એટલા માટે જરૂરી છે, જેથી આપણે સંબંધિત મુદ્દાને ઊંડાણથી સમજીએ અને એના પર કોઈ વિવેકપૂર્ણ સહમતિ બનાવી શકીએ, જે વિભાજન માટે જવાબદાર હતા. શું આપણી રાષ્ટ્રીય સ્મૃતિમાં વિભાજનની ઘટના એ જ સઘનતાથી વસેલી છે, જેથી તેની પુનરાવૃત્તિથી બચાવની ઊર્જા પણ એટલી જ સઘન હોય? એવા કેટલાય સવાલોથી પસાર થઈને જ વિભાજનની વિભીષિકા સ્મૃતિ દિવસના ઔચિત્યને પારખી શકાશે.

સૌથી પહેલાં એ પ્રશ્નની વાત કરી લઈએ, જે વિભાજનના સમયે નિર્ણાયક હતા. આ પ્રશ્ન હતા ધાર્મિક જૂથબંધી અને એના આધાર પર સત્તામાં હક્કની કવાયત અને ધાર્મિક અસહમતિથી પેદા થયેલ નૈતિક દુવિધાઓ. એણે જ વિભાજનની તસવીર પેદા કરી. સંક્ષિપ્તમાં આજે આઝાદીની પ્રક્રિયા જોઈએ તો રાષ્ટ્રીય આંદોલનમાં એક તરફ જ્યાં 'પૂર્ણ સ્વતંત્રતા'ની માંગ જોર પકડી રહી હતી તો તેને જ સમાંતર ધાર્મિક અસ્મિતાને રાજકીય શક્તિ હાંસલ કરવા માટે પણ ઉશ્કેરવામાં આવતી હતી. આ ઉશ્કેરણી બે ભાગીદારો - હિંદુ અને મુસ્લિમ વચ્ચે થઈ રહી હતી, જેના કેટલાય પ્રતિનિધિ સંગઠનો હતાં. એક તરફથી એવો દાવો ક્રમિક રૂપે સંગઠિત થતો રહ્યો, જેની મજબૂત શરૂઆત ૧૯૦૬માં મુસ્લિમ લીગની રચના સાથે થઈ. ત્યારબાદ આ જૂથબંધીએ 'બંધારણીય દરજ્જો' પ્રાપ્ત કરી લીધો, જ્યારે ૧૯૦૯માં માર્લે મિંટો એક્ટ અંતર્ગત મુસ્લિમો માટે અલગ ચૂંટણીની વ્યવસ્થા કરવામાં આવી. પછી તે ગાંધીજીના 'ખિલાફત પ્રયોગ'ના સહારે આગળ વધી, જ્યારે રાષ્ટ્રીય આંદોલનમાં નિતાંત ધાર્મિક પ્રશ્નને સામેલ કરી લેવાયો. એક તરફ મુસ્લિમ જૂથબંધી વધતી જતી હતી, તો બીજી તરફ પ્રતિક્રિયામાં હિંદુ પુનરુત્થાનવાદ પણ જોર પકડવા લાગ્યો, જેને મુખ્ય હવા હિંદુ મહાસભા સંગઠન દ્વારા અપાઈ રહી હતી. ધીમે ધીમે આ જૂથબંધી હિંદુ-મુસ્લિમના 'બે અલગ રાષ્ટ્ર' હોવાના સિદ્ઘઆંત અને તેના પ્રત્યે નાગરિક સહમતિમાં તબદીલ થવા લાગી. ચૌધરી રહમત અલી, ઈકબાલ અને ઝીણાના સહારે આ સિદ્ઘાંતે 'પાકિસ્તાનના વિચાર'ને જન્મ આપ્યો, તો બીજી તરફ હિંદુ રાષ્ટ્રના નિર્માણ પર સમૂહીકરણ ગંભીર થવા લાગ્યું. આ દરમ્યાન અનેક ઘટનાઓ બની, પરંતુ તેની અંતિમ પરિણતિ રાષ્ટ્ર વિભાજન રૂપે થઈ.

સવાલ એ છે કે ધાર્મિક આધાર પર થઈ રહેલી રાજકીય જૂથબંધીને રોકવા માટે ત્યારે શા પ્રયાસો કરવામાં આવ્યા? વસ્તુતઃ તેના પ્રત્યુત્તરમાં 'સેક્યુલરવાદ'ને અજમાવવામાં આવ્યો. એમ માનીને કે રાષ્ટ્રનો પ્રશ્ન સમુદાયના પ્રશ્ન કરતાં મોટો છે, તેથી એક એવી રાજકીય વ્યવસ્થાના નિર્માણ પર ભાર મૂકવામાં આવ્યો, જ્યાં ધાર્મિક અંતર ઘટી જાય. આ આગ્રહ મૂળ તો કોંગ્રેસ તરફથી આવ્યો હતો, પરંતુ દુર્ભાગ્યે એવી વ્યવસ્થા બની ન શકી. હિંદુ પુનરુત્થાનવાદ પર એની સાથે જોડાયેલી અલગાવની પ્રવૃત્તિઓ પર તો કાબૂ મેળવી લેવાયો, પરંતુ પાકિસ્તાનના નિર્માણ સુધી પહોંચી ચૂકેલી મુસ્લિમ માંગને રોકી ન શકાઈ. તેનું એક કારણ તો અંગ્રેજોની નીતિ જ હતી, પરંતુ બીજી તરફ મુસ્લિમ જનતાનું વ્યાપક સમર્થન પણ તેને પ્રાપ્ત હતું. તેનું પ્રમાણ ૧૯૪૬ની ચૂંટણીઓમાં જોવા મળ્યું, જ્યારે મુસ્લિમ લીગે એકતરફી રીતે મુસ્લિમ મતો મેળવ્યા અને તેને પાકિસ્તાનના પક્ષમાં એક જનમત સંગ્રહ માનવામાં આવ્યો.

છેવટે પાકિસ્તાનનું નિર્માણ થયું અને ભારતે એક સેક્યુલર દેશ હોવાનું પસંદ કર્યું, પરંતુ હવે જો ધાર્મિક અંતર પર ફરીથી અલગ રાષ્ટ્રની માંગ થવા લાગે તો આપણી પાસે કયાં ઉપકરણો છે જેનાથી આપણે આ પ્રક્રિયાને રોકી શકીશું? માત્ર બંધારણીય જોગવાઈઓના સહારે તેને રોકી શકવું સંભવ નહીં હોય અને બીજો કોઈ વિકલ્પ દેખાતો પણ નથી. સેક્યુલરવાદનો પ્રયોગ એક વખત નિષ્ફળ થઈ ચૂક્યો છે. તો પછી આપણે ઈતિહાસમાંથી શું બોધ લીધો? કદાચ કશો જ નહીં!

**૧૦ દિવસથી એક પણ સટી. ઈશ્યુ થયું નથી !**

## તલાટીઓની હડતાલને કારણે જન્મ, મરણના દાખલાનું કામ લટકી પડયું

**(એજન્સી) ગાંધીનગર,** ગ્રામીણ ગુજરાતમાં પંચાયત તલાટી કમ મંત્રીઓની હડતાલના શુક્રવારે ૧૦મો દિવસ હતો. આ સમય દરમ્યાન એક પણ પંચાયતમાંથી જન્મ મરણના દાખલા જેવુ સામાન્ય કામ પણ ન થતા ગ્રામીણ ક્ષેત્રોમાં સરપંચો અને સ્થાનીક નાગરીકો વચ્ચે કકળાટ વકર્યો છે. ૧૦ દિવસથી એક પણ સર્ટીફીકેટ ઈસ્યુ ન થતા ગ્રામીણ નાગરીકોની સ્થિતી દયનીય થઈ છે.

૧૬ હજારથી વધુ પંચાયત તલાટીઓએ વર્ષ ૨૦૦૪-૦૫ની પાંચ વર્ષની ફિકસ વેતનની નોકરીને સળંગ ગણવાની માંગણી કરી રહયા છે. એટલું જ નહી સર્કલ ઈન્સ્પેકટર વર્ગ-૩ની જગ્યાઓને વિસ્તારણ અધિકારીમાં અપડેટ કરવામાં આવતા ૧લી જાન્યુઆરી ૨૦૧૬ થી મળવાપાત્ર પ્રથમ દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાઅને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ માટે પરીક્ષા રદ કરવા તેમજ મહેસુલી તલાટીઓને પંચાયતના તલાટીઓની કેડર સાથે મર્જ કરવા અથવા બંનેનો જોબચાર્ટ અલગ કરવા વર્ષોથી માંગણી કરી રહયા છે. તે સિવાય વધારાની કામગીરી ન સોપવા માટે અને સોપો તો વધારાનું ખાસ ભથ્થુ આપવા જેવી પણ તેમની રજુઆતો છે. આ મુદે ગતવર્ષે ઓકટોબરમાં સરકાર સાથે બેઠક બાદ કોઈ જ ઉકેલ ન આવતા રાજયભરના તલાટીઓ બીજી ઓગષ્ટથી સામુહીક હડતાલ ઉપર ઉતર્યા છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયતો સાથે સંકળાયોલી નાગરીકો સેવાઓ અને તેમાંય જન્મ-મરણ પ્રમાણપત્રોની કામગીરી લટકી પડી છે.

## એશિયન ગ્રેનિટોનો પ્રથમ ત્રિમાસિક ગાળાનો ચોખ્ખો નફો રૂ. ૭.૩૩ કરોડ થયો

અમદાવાદ, ભારતની સૌથી મોટી લકઝરી સરફેસીસ અને બાથવેર સોલ્યુશન્સ બ્રાન્ડ્સમાં સ્થાન ધરાવતી એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડે (એજીએલ) નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે સ્ટેન્ડઅલોન ધોરણે રૂ. ૭.૩૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩ના પહેલા ત્રિમાસિક ગાળામાં ચોખ્ખા વેચાણો રૂ. ૨૬૬.૯૭ કરોડ રહ્યા હતા જે ગત નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના રૂ. ૨૩૮.૧૯ કરોડના ચોખ્ખા વેચાણો કરતાં ૧૨.૧ ટકા વધુ રહ્યા હતા. નાણાંકીય વર્ષ ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે એબિટા રૂ. ૧૫.૬૫ કરોડ રહી હતી. કંપનીએ કાર્યદક્ષતા વધારવા, રિયલાઈઝેશન સુધારવા તથા સ્થાનિક અને નિકાસ બજારોમાં પોતાની હાજરી મજબૂત બનાવવા માટે અનેક પહેલ હાથ ધરી છે. આ ત્રિમાસિક ગાળા દરમિયાન એજીએલની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ફ્યુચર સિરામિક પ્રાઈવેટ લિમિટેડે મોરબી ખાતે લાર્જ ફોર્મેટ ગ્લેઝ્ડ વિટ્રિફાઈડ ટાઈલ્સ પર કામગીરી શરૂ કરી હતી. પ્લાન્ટની સ્થાપિત ક્ષમતા વાર્ષિક ૬.૬૦ મિલિયન સ્ક્વેર મીટર છે. યુનિટ સ્થાપવાનો કુલ અંદાજિત ખર્ચ લગભગ રૂ. ૧૭૪ કરોડ છે.

કંપનીના પરિણામો અને નાણાંકીય પ્રદર્શન અંગે એજીએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે સિરામિક ઉદ્યોગ ગેસની કિંમતો, રો મટિરિયલ, કોલસાની કિંમતો, નૂર દરો વગેરે જેવા પડતરને અસર કરતા પરિબળોનો સતત સામનો કરી રહ્યો છે જેના લીધે બિઝનેસ અને માર્જિન પર અસર પડી રહી છે. માંગ ઘટવાના, અગાઉથી પડતર ઊંચી જવાના તથા વધુ પડતી ક્ષમતા ઊભી થવાના લીધે મોરબીમાં ભારતના સૌથી મોટા ટાઈલ ઉત્પાદક ક્લસ્ટરે ઓગસ્ટ, ૨૦૨૨માં એક મહિનાના પ્રોડક્શન બ્રેકની જાહેરાત કરી હતી. આ બધા પડકારો, બદલાતા આર્થિક અને વેપારી માહોલ, ભૂરાજકીય પરિસ્થિતિના લીધે ઊભી થયેલી સ્થિતિ છતાં કંપની વિકાસના માર્ગે આગળ વધી રહી છે. અમને આશા છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૩માં પડતરને અસર કરતાં કેટલાક પરિબળો હળવા થશે અને સમગ્ર ઉદ્યોગની ગાડી ફરી પાટે ચડશે. અમને જણાવતાં આનંદ થાય છે કે કંપની અને તેની પેટા કંપનીઓએ ગુજરાતના મોરબીમાં આગામી ત્રણ ગ્રીનફિલ્ડ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ માટે જમીનની હસ્તાંતરણ કામગીરી પૂરી કરી લીધી છે.

## ધી ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા ભવ્ય ''તિરંગા પદયાત્રા'' યોજાઈ



**અમદાવાદ,** સમગ્ર ભારત દેશ આઝાદીની ૭૫ મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યો છે. દેશના અનેક શહેરોમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યાં છે. ત્યારે અમદાવાદ શહેરમાં ભવ્ય ''તિરંગા પદયાત્રા'' યોજવામાં આવી હતી, જેનું સમગ્ર આયોજન ધી ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતુ.

૭૫ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી પૂર્વે ૧૩ ઓગસ્ટના રોજ ધી ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા આયોજિત કરવામાં આવેલી આ ભવ્ય તિરંગા પદયાત્રાનું પ્રસ્થાન શહેરના હાર્દ સમા ઘી કાંટા મેટ્રો સ્ટેશન નજીક આવેલ મહાલક્ષ્મી કોમ્પ્લેક્સ ખાતેથી કરવામાં આવ્યું હતુ, જેમાં ભારતીય જનતા પાર્ટી કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ અને પૂર્વ મેયર શ્રી અમિતભાઈ શાહ, સહ કોષાધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ તેમજ અગ્રણી વેપારી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. ૧૩ ઓગસ્ટે બપોરે ૩ કલાકે નીકળેલી આ ભવ્ય તિરંગા પદયાત્રામાં ધી ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન સાથે સંકળાયેલા ૬૦૦૦ -૭૦૦૦ જેટલા સભ્યો પોતાના સ્ટાફ સાથે જોડાયા હતા. આ ભવ્ય તિરંગા પદયાત્રા જ્યારે ગારમેન્ટ ઉદ્યોગના હબ એવા ઘી કાંટા વિસ્તાર મા આવેલ અલગ અલગ માર્કેટ સહિત શાહપુર દરીયાપુર વિસ્તારમાં અને રીલીફ રોડ ઉપર નગરશેઠના વંડા પાસેથી પોતાના રૂટમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે ચોતરફ લોકો તિરંગા સાથે જોવા મળી રહ્યાં હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતુ. તિરંગા પદયાત્રામાં જોડાયેલા તમામ લોકોએ વંદે માતરમ અને ભારત માતા કી જય..

## જુના વાઘણીયા ગામેથી વાહનોના સામાન ચોરતી તસ્કર બેલડી ઝડપાઈ

અમરેલી : બગસરાના જુના વાઘણીયા ગામે પુલ પાસેથી એલસીબીના સ્ટાફે ઈકોકાર નીકળતા અટકાવી તલાશી લેતા તેમાંથી જુના-નવા ટાયરો વ્હીલ પ્લેટ-૧૩ નંગ તથા કાર સહિત રૂ.૨.૪૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે વીંછીયાના કંધેવાળીયા જનડા ગામે રહેતા વિજય ઉર્ફે ટીણો હેમુ ઉર્ફે હીમત ઓત્રાદીયા અને કંધેવાળીયા જનડા ગામે મોઢુકા રોડ પર રહેતા રાજેશ રુપસીંગ બાવળીયાને ઝડપી લીધા હતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

**રાહદારીઓના મોબાઈલ લૂંટવાના દરરોજ છ બનાવ**

# ચેઈન સ્નેચિંગ કરતા તત્ત્વોએ હવે મોબાઈલ લૂંટ શરૂ કરી

**(એજન્સી) અમદાવાદ,** મહિલાઓના અછોડા તોડવા એટલે કે ચેઈન સ્નેચિંગ કરતા તત્ત્વોએ હવે મોબાઈલ ફોનનુ સ્નેચિંગ શરૂ કર્યુ છે. પોલીસ સુત્રો સ્વીકારે છે કે રાહદારીઓના મોબાઈલ ફોન લૂંટવાના દરરોજ અડધો ડઝન બનાવો બનવા લાગ્યા છે.

અમદાવાદ શહેર પોલીસે ઓનલાઈન અફઆઈઆર નોંધાવી શકાય એવી સુવિધા આપી છે. એમાં મોટાભાગના મોબાઈલ ફોન લૂટી જવાતા હોવાની ફરીયાદો નોંધાઈ રહી છે. વાસણાના રહીશ ૬૯ વર્ષના મુકેશભાઈ શાહ સવારે છ વાગ્યે ન્યુ વાસણાના સ્વામિનારાયણ પાર્ક પાસે વૉકમાં નીકળ્યા હતા. ત્યારે શર્ટના ખિસ્સામાંથી મોબાઈલ ફોન લૂંટીને બાઈક ઉપર આવેલા બે શખ્સો પલાયન થઈગયા હતા.

શર્ટના ખિસ્સામાંથી કે પછી સવારે કે સાંજના સમયે રસ્તા પર વાત કરતા જઈ રહેલા યુવક-યુવતીઓના હાથમાંથી મોબાઈલ ફોનના સ્નેચિંગની ઘટનાઓ સતત વધી રહી છે. પોલીસ અધિકારી સુત્રો કહે છે કે અગાઉ ચેઈન સ્નેચિંગ કરતા અમુક તત્ત્વો હવે મોબાઈલ સ્નેચિંગ કરવા લાગ્યા છે એટલે કે મોબાઈલ ફોન લૂંટવા લાગ્યા છે. અને આવા ફોન અડધાથી પણ ઓછા ભાવે વેચી દેવામાં આવતા હોય છે. મોબાઈલ ફોનની લુંટનું નેટવર્ક ચલાવતી અને લૂંટેલા મોબાઈલ ફોન ખરીદતા નેટવર્ક અંગે પોલીસ તપાસ કરી રહી છે.


**ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ**
CIN: L29120GJ1990PLC014385
રજી. ઓફિસ : A-53/54, પરીસીમા કોમ્પલેક્ષ, સી. જી. રોડ, એલીસબ્રીજ, અમદાવાદ-380006.
ફોન : +91- 9925018030. ઈ-મેલ: investor.gbl@gmail.com • વેબસાઈટ: www.galaxybearings.com

**૩૦ જુન ૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલાં ત્રિમાસિક ગાળાના ઓડિટેડ નાણાકીય પરિણામોનો સારાંશ**

(શેર દીઠ માહિતી સિવાય, રૂ. લાખમાં)

| નં. | વિગત | સ્ટેન્ડલોન | | | |
|---|---|---|---|---|---|
| | | ત્રિમાસિક ગાળા | | | વાર્ષિક ગાળા |
| | | અનઓડિટેડ | | | ઓડિટેડ |
| | | ૩૦ જુન ૨૦૨૨ | ૩૧ માર્ચ ૨૦૨૨ | ૩૦ જુન ૨૦૨૧ | ૩૧ માર્ચ ૨૦૨૨ |
| ૧ | આવક કામગીરીમાંથી | ૧૭૮૦.૯૯ | ૩૫૨૪.૩૫ | ૧૭૪૧.૯૩ | ૧૦૫૬૯.૮૫ |
| ૨ | ચોખ્ખો નફો / (નુકસાન) સમયગાળા માટે (કર પહેલાં, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ) | ૧૭૫.૩૧ | ૬૨૫.૧૧ | ૩૨૦.૯૩ | ૧૭૮૨.૬૧ |
| ૩ | ચોખ્ખો નફો / (નુકસાન) કર પહેલાંના સમયગાળા માટે (અપવાદરૂપ અને / અથવા વધારાની સામાન્ય વસ્તુઓ પછી) | ૧૭૫.૩૧ | ૬૨૫.૧૧ | ૩૨૦.૯૩ | ૧૭૮૨.૬૧ |
| ૪ | ચોખ્ખો નફો / (નુકસાન) કર પછીના સમયગાળા માટે (અપવાદરૂપ અને / અથવા વધારાની સામાન્ય વસ્તુઓ પછી) | ૧૨૬.૧૦ | ૪૫૮.૬૮ | ૨૩૭.૯૦ | ૧,૩૨૮.૫૭ |
| ૫ | કુલ વ્યાપક આવક/(નુકસાન) સમયગાળા માટે | ૧૨૫.૪૪ | ૪૫૪.૨૯ | ૨૩૮.૪૯ | ૧,૩૨૫.૯૩ |
| ૬ | ઈક્વીટી શેર કેપીટલ | ૩૧૮.૦૦ | ૩૧૮.૦૦ | ૩૧૮.૦૦ | ૩૧૮.૦૦ |
| ૭ | શેર દીઠ આવક (શેર દીઠ રૂ. દસ) | | | | |
| | (એ) બેઝિક : | ૩.૯૭ | ૧૪.૪૨ | ૭.૪૮ | ૪૧.૭૮ |
| | (બી) ડાઈલ્યુટેડ : | ૩.૯૭ | ૧૪.૪૨ | ૭.૪૮ | ૪૧.૭૮ |
| ૧ | ઉપરોક્ત આંકડાઓની ઓડિટ કમીટી દ્વારા ૧૩ ઓગષ્ટ, ૨૦૨૨ ના રોજ યોજાયેલી તેની બેઠકમાં સમીક્ષા કરવામાં આવેલ છે અને બોર્ડ દ્વારા મંજુર કરેલ છે. | | | | |
| ૨ | અગાઉના સમયના આંકડાઓને ફરીથી જૂથબદ્ધ / પુનર્લેખિત કરવામાં આવ્યાં છે. | | | | |

નોંધ- ઉપર દર્શાવેલ વિગતો એ સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) ૨૦૧૫ના નિયમ ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જીસ સમક્ષ રજૂ કરેલા ત્રિમાસિક નાણાકીય પરિણામોનો સારાંશ છે. જે અહેવાલમાં દર્શાવવાની હોય. ત્રિમાસિક નાણાકીય પરિણામોના સંપૂર્ણ દસ્તાવેજ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ (www.bseindia.com) તથા કંપનીની વેબસાઈટ (www.galaxybearings.com) પર ઉપલબ્ધ છે.

બોર્ડના આદેશથી
ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ વતી,
ભરતકુમાર કે. ઘોડાસરા
(પૂર્ણકાલિન ડાયરેક્ટર) DIN: 00032054

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૩ ઑગસ્ટ, ૨૦૨૨



**ADLINE CHEM LAB LIMITED**
CIN : L24231GJ1988PLC010956 [Formerly Kamron Laboratories Limited]
Registered Office : 904, 9th Floor, Shapath-I Complex, Opp. Rajpath Club, Nr. Madhur Hotel, S. G. Highway, Bodakdev, Ahmedabad - 380054, Gujarat, India

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2022**
(₹ in Lakh)

| PARTICULARS | Quarter ended on 30-06-2022 (Unaudited) | Quarter ended on 30-06-2021 (Unaudited) | Year ended on 31-03-2022 (Audited) |
|---|---|---|---|
| Total income from operations (Net) | - | 63.14 | 73.66 |
| Net (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (9.89) | (28.07) | (42.35) |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (9.89) | (28.07) | 71.79 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (9.89) | (28.07) | 71.79 |
| Total Comprehensive Income for the period | (9.89) | (28.07) | 71.79 |
| Equity Share Capital | 585.00 | 585.00 | 585.00 |
| Reserves (Excluding Revaluation Reserves) | - | - | - |
| Earnings Per Share (after extraordinary items) (Face value of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic & Diluted: | (0.17) | (0.48) | 1.23 |

Note :
1 The above is an extract of the detailed format of Quarterly Unaudited Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (LODR) Reg., 2015.
2 The full format of Annual /Quarterly Financial Results are available on the website of BSE Limited at www.bseindia.com

For ADLINE CHEM LAB LIMITED
(Formerly known as Kamron Laboratories Limited)
KAMLESH J. LASKARI
MANAGING DIRECTOR
(DIN: 00461198)

Date: 13th August, 2022
Place: Ahmedabad



**TYPHOON FINANCIAL SERVICES LIMITED**
[CIN: L65923GJ1990PLC014790]
Registered Office: 35, Omkar House, Near Swastik Cross Roads, C.G. Road, Ahmedabad 380009

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2022**
(Rs. In Thousands)

| PARTICULARS | Quarter ended on 30-06-2022 | Quarter ended on 30-06-2021 | Year ended on 31-03-2022 |
|---|---|---|---|
| | (Unaudited) | (Unaudited) | (Audited) |
| Total income from operations (Net) | 604 | 605 | 2428 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 14 | 59 | 128 |
| Net Profit / (Loss) for the period before tax | | | |
| (after Exceptional and/or Extraordinary items) | 14 | 59 | 128 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 11 | 43 | 97 |
| Total Comprehensive Income for the period | (9,471) | 3,280 | 39,224 |
| Equity Share Capital | 30,006 | 30,006 | 30,006 |
| Reserves (excluding Revaluation Reserves) | | | |
| Earnings Per Share (after extraordinary items) (Face value of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic & Diluted: | - | 0.01 | 0.03 |

NOTES:
1. The above is an extract of the detailed format of quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (LODR) Reg., 2015.
2. The full format of Quarterly Financial Results is available on the website of BSE Limited at www.bseindia.com and also on the Company's website.

For TYPHOON FINANCIAL SERVICES LIMITED
Sd/- ASHOK CHHAJER
MANGING DIRECTOR
(DIN: 00280185)

Date : 13th August, 2022
Place : Ahmedabad



**ROBERT RESOURCES LIMITED**
CIN: - L99999GJ1982PLC096012
REGD. OFF: - 3rd FLOOR, PLOT NO 1067, OPP. BINDU NIVAS, KALIYABID ROAD BHAVNAGAR-364001, GUJARAT, Contact No: +91-6358905872
Email :- robertresourceslimited@gmail.com Website:- www.robertresources.com

**Extract of Standalone and Consolidated Unaudited Financial Results for the Quarter ended on 30th June, 2022**
(Rs. in Lakhs)

| S. No. | Particular | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30-06-2022 (Unaudited) | Year ended 31-03-2022 (Audited) | Quarter ended 30-06-2021 (Unaudited) | Quarter ended 30-06-2022 (Unaudited) | Year ended 31-03-2022 (Audited) | Quarter ended 30-06-2021 (Unaudited) |
| 1. | Total income from operations (net) | 0.90 | 81.77 | 0.27 | 42.85 | 81.77 | 0.27 |
| 2. | Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (3.07) | 15.48 | (85.56) | 26.60 | 15.48 | (85.56) |
| 3. | Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (3.07) | 15.48 | (85.56) | 26.60 | 15.48 | (85.56) |
| 4. | NetProfit /(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (44.38) | (20.16) | (91.96) | (32.98) | (20.16) | (91.96) |
| 5. | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income(after tax)] | 109.98 | 265.01 | (29.27) | 15.64 | 265.01 | (29.27) |
| 6. | Equity Share Capital | 1024.50 | 1024.50 | 1024.50 | 1024.50 | 1024.50 | 1024.50 |
| 7. | Other Equity | | 486.72 | | | 526.04 | |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - | | | | | | |
| | 1. Basic: | (0.43) | (0.20) | (0.90) | (0.32) | (0.20) | (0.90) |
| | 2. Diluted: | (0.43) | (0.20) | (0.90) | (0.32) | (0.20) | (0.90) |

Notes:
1. The aforesaid results of the Company have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at its meeting held on 12th August, 2022.
2. The above is an extract of the detailed format of Unaudited Financial Results for the quarter ended 30th June, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the standalone/ consolidated unaudited Financial Results for Quarter ended 30th June, 2022 are available on the websites of the Stock Exchange www.msei.in & www.cse-india.com and on company's website www.robertresources.com.
3. The Previous year/period figures have been regrouped/rearranged, wherever necessary to make them comparable with the current period figures.

Place : Bhavnagar.
Date : 12/08/2022

For, Robert Resources Limited
Sd/-
Hanif Shekh
Managing Director
DIN : 07497812



**ALFA ICA (INDIA) LIMITED**
CIN : L20100GJ1991PLC016763
Regd. Office : Uma Industrial Estate, Vill: Vasna Iawa, Tal: Sanand, Dist: Ahmedabad.
Tel: 079-26754030-31 Fax: +91-79 26754040
E-mail: info@alfaica.com Website: www.alfaica.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/THREE MONTHS ENDED JUNE 30, 2022**
(Rs.in lakhs)

| Sr. No | Particulars | Quarter Ended 30/06/2022 (Unaudited) | Year Ended 31/03/2022 (Audited) | Quarter Ended 30/06/2021 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total income from operations (net) | 1,880.60 | 8,043.69 | 1,538.84 |
| 2 | Net Profit/(Loss) from ordinary activity after tax | 34.45 | 162.74 | 26.40 |
| 3 | Net Profit/ (Loss) for the period (after extraordinary items) | 34.45 | 162.74 | 26.40 |
| 4 | Equity Share Capital (Face value of Rs.10/- each) | 404.00 | 404.00 | 404.00 |
| 5 | Reserve excluding revaluation reserves as per balance sheet of previous accounting year | - | 1,456.96 | - |
| 6 | Earning Per Share (EPS) (before extraordinary items)(of Rs.10/- each)(not annualized) | 0.85 | 4.03 | 0.65 |
| 7 | Earning Per Share (EPS) (after extraordinary items)(of Rs.10/- each)(not annualized) | 0.85 | 4.03 | 0.65 |

Notes:
1 The above Financial Results have been reviewed by Audit Committee and have been approved and taken on record by Board of Directors in their respective meetings held on August13, 2022.
2 Figures for the previous periods have been re-grouped/ re-classified where necessary.
3 The above is an extract of the detailed format of the Unaudited Financial Results of the Company for the quarter and three month ended June 30, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of Unaudited Financial Results of the Company for the quarter and year ended June 30, 2022 are available on BSE Ltd (www.bseindia.com) and on Company's website (www.alfaica.com)

For ALFA ICA (INDIA) LIMITED
Sd/- RISHI TIKMANI
WHOLE-TIME DIRECTOR
(DIN: 00638644)

Date : 13-08-2022
Place : AHMEDABAD



**PROMACT IMPEX LIMITED**
(Formerly known as PROMACT PLASTICS LIMITED)
[CIN: L25200GJ1985PLC007746]
Regd. Office : 12th Floor-1201, City Center-2, B/S Heer Party Plot, Nr. Shukan Mall Cross Road, Science City Road, Sola, Ahmedabad 380 060

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2022**
(Rs. In Lakh)

| PARTICULARS | Quarter ended on 30-06-2022 (Unaudited) | Quarter ended on 30-06-2021 (Unaudited) | Year ended on 31-03-2022 (Audited) |
|---|---|---|---|
| Total income from operations (Net) | 3.85 | 1.56 | 7.34 |
| Net Profit/ (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (19.12) | (23.46) | (118.82) |
| Net Profit/ (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (19.12) | (23.46) | (145.66) |
| Net Profit/ (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (19.12) | (23.46) | (145.66) |
| Total Comprehensive Income for the period | (19.12) | (23.46) | (145.66) |
| Equity Share Capital | 651.18 | 651.18 | 651.18 |
| Reserves (excluding Revaluation Reserve) | - | - | (988.61) |
| Earnings Per Share (after extraordinary items) (Face value of Rs. 10/- each) (for continuing and discontinued operations) | | | |
| Basic: | (0.29) | (0.36) | (2.24) |
| Diluted: | (0.29) | (0.36) | (2.24) |

NOTES:
1 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (LODR) Reg., 2015.
2 The full format of Quarterly Financial Results are available on the website of BSE Limited at www.bseindia.com

For PROMACT IMPEX LIMITED
NIKITA J. PATEL
*MANAGING DIRECTOR*
*(DIN: 03092770)*

Date : 13th August, 2022
Place : Ahmedabad

# દેવગઢબારીઆમાં આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

**(પ્રતિનિધિ) દેવગઢબારીઆ,**
દેવગઢબારીઆ નગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અને હર ઘર તિરંગા થીમ આધારિત ત્રિ-દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળા-કોલેજો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા છે.

શનિવારના રોજ રણછોડરાય મંદિર સભા મંડપ ખાતે મહેંદી હરીફાઈ અને ચિત્ર સ્પર્ધાનું યોજાઈ હતી. જેમાં શાળા-કોલેજોના ૫૫૦ વિદ્યાર્થીઓ સહિત ઓપન વિભાગમાં નાગરિકોએ પણ ભાગ લીધો હતો. જેમાં શાળા- કોલેજોની દીકરીઓએ આઝાદી કા અમૃત મહોત્સવ થીમ આધારિત મનમોહક મહેંદી મૂકીને સૌના દિલ જીતી લીધા હતા. ચિત્ર સ્પર્ધામાં પણ હર ઘર તિરંગા અભિયાન અને નગરની ઐતિહાસિક ઈમારતોને બાળકોએ અવનવી રીતે રંગે રંગી હતી. આ ઉપરાંત નગરપાલિકા દ્વારા હર ઘર તિરંગા અભિયાન હેઠળ દસ હજાર તિરંગાનું ડોર ટુ ડોર વિતરણ કરાયું હતું. જેને સજ્જડ પ્રતિસાદ સાંપડતા નગરજનોએ ઠેર ઠેર રાષ્ટ્રધ્વજ ફરકાવીને પ્રચંડ રાષ્ટ્રભક્તિ દર્શાવી છે.


(તસ્વીરઃ મઝહરઅલી મકરાણી, દેવગઢબારીઆ)

આગામી ૧૪ ઓગસ્ટને રવિવારના રોજ ટાવર પાસે સાંજના સમયે દેશભક્તિ થીમ આધારિત ડાન્સ, લોકનૃત્ય, નાટક અને કોઈ પણ ગૃપ પ્રવૃતિઓ યોજાશે. ૧૫મી ઓગસ્ટ ૭૫માં સ્વતંત્રતા પર્વ નિમિત્તે નગરપાલિકા કચેરી ખાતે સવારે ૯ કલાકે ચીફ ઓફિસર એમ.એલ.વણકરના વરદ હસ્તે અને સવારે ૯-૨૦ કલાકે કારોબારી અધ્યક્ષ સજ્જનબા ગોહિલના વરદ હસ્તે તેમજ સવારે ૯-૫૦ કલાકે ઐતહાસિક ટાવર ખાતે નગરપાલિકા પ્રમુખ ડો.ચાર્મી નીલ સોનીના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

# ઝંડા ઉંચા રહે હમારા, વડોદરામાં હર ઘર તિરંગાને પ્રચંડ પ્રતિસાદ

**(માહિતી) વડોદરા,**
આઝાદીના અમૃત કાળે સમગ્ર વડોદરા શહેર અને જિલ્લો તિરંગામય બની ગયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક ઘરમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા હર ઘર તિરંગા અભિયાન મારફત આપેલા આહ્વાનને પ્રચંડ પ્રતિસાદ સાંપડ્યો છે. અહીંના નાગરિકો પોતાના ઘરમાં તિરંગો લહેરાવી અનેરી દેશભક્તિના દર્શનકરાવ્યા છે.

સમગ્ર દેશની સાથે વડોદરામાં હર ઘર તિરંગા અભિયાનના રંગે લોકો રંગાઈ ગયા છે. વહેલી સવારથી જ નાગરિકો પોતાના ઘરે રાષ્ટ્રીય ધ્વજને પૂરા આદર સાથે લહેરાવતા જોવા મળ્યા હતા. ખાસ કરીને શાળાના છાત્રો, બાળકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળતો હતો. રાજ્ય સરકાર દ્વારા ગોઠવાયેલી વિતરણ વ્યવસ્થાથી ખરીદાયેલા તિરંગાનો નાગરિકોએ વ્યાપક લાભ લીધો હોવાનું મળ્યું હતું.

શહેરીની ઉંચી ઈમારતોથી માંડી અંતરિયાળ ગામની વાડીઓમાં આવેલા નાના શેડ ઉપર, મોટા મોલ્સ, શોપિંગ સેન્ટરથી લઈ નાની રેંકડીઓ, સરકારી ઈમારતોથી માંડી શાળાઓ, મહાશાળાઓ ઉપર તિરંગો છવાઈ ગયો છે. સરકારી, બિનસરકારી અને શૈક્ષણિક સંગઠનો દ્વારા હર ઘર તિરંગા અભિયાનને ધ્યાને રાખીને પ્રભાત ફેરીનું આયોજન કર્યું હતું.

વડોદરા શહેરના ઉચ્ચ અધિકારીઓ પોલીસ કમિશનરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, કલેકટરશ્રી સહિત પદાધિકારીશ્રીઓ દ્વારા આ અભિયાનમાં નેતૃત્વ કરવામાં આવ્યું છે. આ મહાનુભાવોએ પણ પોતાના ઘરમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો છે.

# ડુપ્લીકેટ માર્કશીટ બનાવી વિદ્યાર્થીઓને વિદેશમાં મોકલવાનાં ષડયંત્રનો પર્દાફાશ

**(એજન્સી) અમદાવાદ,**
વિદ્યાર્થીઓની ધોરણ-૧૨ અને કોલેજની ડુપ્લીકેટ માર્કશીટ બનાવીને વિદેશ મોકલવાનાં ષડયંત્રનો પર્દાફાશ એલીસબ્રીજ પોલીસે કરતાં ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. પોલીસે આંબાવાડીના ગ્રાન્ડ મોલમાં આવેલી યુનિવર્લ્ડ નામની ઓફીસમાં દરોડો પાડીને ૫૦થી વધુ ડુપ્લીકેટ માર્કશીટ જપ્ત કરી છે. ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ તેમજગુજરાત યુનિવસીટીની એક લાખ રૂપિયામાં માર્કશીટ બનાવીને વિધાર્થીઓને વિદેશ મોકલતા હતા.

એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ ડી.ડી. પટેલઅને તેમની ટીમને બાતમી મળી હતી કે આંબવાડી પાસે ગ્રાન્ડ મોલ આવેલો છે. જેમાં યુનિવર્લ્ડ નામની કંપની આવેલી છે. જેના માલિક વિધાર્થીઓની ડુપ્લીકેટ માર્કશીટ બનાવીને વિદેશ મોકલી રહયા છે. બાતમીના આધારે પીએસઆઈએ રેડ કરી હતી અઅને મનીષ ઝવેરી રહે. ચંદનબાળા, સુવિધા શોપીગ સેન્ટર પાલડી નીરવ વખારીયા રહે. સીલ્વર નેસ્ટ ગોતા અને જીતેન્દ્ર ઠાકોર રહે.સુભદ્રા પુરા ગુલબાઈ ટેકરા સહીત સાત કરતાં વધુ લોકોની અટકાયત કરી હતી. પોલીસને ઓફીસમાં સર્ચ દરમ્યાન ૫૦ કરતાં વધુ વિધાર્થીની માર્કશીટ તેમજ કમ્પ્યુટર અને ૨૩.૭૫ લાખ રોકડા મળી આવ્યા હતા.

**આંબાવાડી વિસ્તારમાં આવેલી યુનિવર્લ્ડ નામની ઓફીસમાં ડુપ્લીકેટ માર્કશીટ બનાવાતી હતીઃ પોલીસે ૫૦થીવધુ ડુપ્લિકેટ માર્કશીટ જપ્ત કરી**

પીએસઆઈ ડી.ડી.પટેલે મળી આવેલી ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ તેમજ ગુજરાત યુનિવસીટીની માર્કશીટની ચકાસણી કરતાં ચોકાવનારો પર્દાફાશ થયો હતો. જે વિધાર્થીઓનું પરીણામ આવ્યું હોય તેમાં મનીષ નીરવ અને જીતેન્દ્ર નામના આરોપીઓને ચેડાં કરીને માર્ક વધારી દીધા હતા. આ સિવાય ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ તેમજ ગુજરાત યુનિવસીટીના લોગોસીફતપૂર્વક કાઢીને ડુપ્લીકેટ માર્કશીટમાં ચોંટાડી દીધા હતા.

૫૦ કરતાં વધુ વિધાર્થીની જે માર્કશીટ મળી છેતે તમામને વિદેશ મોકલવાની તૈયારીઓ ચાલી રહી હતી. મનીષ ઝવેરી વિધાર્થીઓને વિદેશ મોકલવાનું કામ કરે છે. જેમાં તે ડુપ્લીકેટ માર્કશીટ પણ તૈયાર કરે છે. તેજસ્વી વિધાર્થીઓને વિદેશ મોકલવામાં વાંધો આવતો નથી. પરંતુ જે વિધાર્થીઓ તેજસ્વી નથી અને પસીગ માર્ક સાથે પાસ થાય છે. તેવા વિધાર્થીઓની માર્કશીટમાં તે ચેડાં કરતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ડુપ્લીકેટ માર્કશીટ બનાવવા મનીષ ઝવેરી એન્ડ કંપની એક લાખ રૂપિયા વસુલ કરતી હતી. આ સિવાય વિદેશમાં લઈ જવાનો ખર્ચો પણ અલગ લેતા હતા. આ કંપનીએ સો કરતાં વધુ વિધાર્થીઓની માર્કશીટમાં ચેડા કર્યા હોવાની શકયતા છે. જેને લઈને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હાલ એલીસબ્રીજ પોલીસે મોડી રાતે ત્રણ લોકો વિરૂધ્ધ ચીટીગનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.


ભારતભરમાં સ્વતંત્રતાના ૭૫ માં વર્ષે ઉજવાઈ રહેલ આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે હર ઘર તિરંગા ઘર ઘર તિરંગા અભિયાન અન્વયે ખેડબ્રહ્મા શહેરમાં ઠેરઠેર બજારમાં તથા સોસાયટીઓમાં દુકાનો તથા ઘરોમાં તિરંગાઓ લહેરાઈ રહ્યા છે. અને જબરજસ્ત રાષ્ટ્ર પ્રેમનો માહોલ જોવા મળી રહ્યો છે .ત્યારે ખેડબ્રહ્મા શહેરની હેપ્પી હોટલ વાળા પલ્લવકુમાર રાવલ ઉપપ્રમુખ જિલ્લા યુવા ભાજપએ સ્વખર્ચે ૨૦૦ થી વધુ તિરંગા ખરીદી લોકોને દ્વારા નિશુલ્ક તિરંગા નું વિતરણ કર્યું હતું.
(તસ્વીરઃ- હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

## હર ઘર તિરંગા' ટપાલ વિભાગે ૧૦ દિવસમાં એક કરોડ રાષ્ટ્રધ્વજ વેચીને કીર્તિમાન રચ્યો

**(એજન્સી) નવીદલ્હી,**
આઝાદીના ૭૫ વર્ષ નિમિતે સમગ્ર દેશ 'આઝાદી કા અમૃત મહોત્સવ' ની ઉજવણી કરી રહ્યો છે. આ દરમ્યાન મોદી સરકારે 'હર ઘર તિરંગા' અભિયાન પણ શરૂ કર્યુ હતુ. જે અંતર્ગત ભારતીય ટપાલ સેવાએ રેકોર્ડ બનાવ્યો છે.વિભાગના જણાવ્યા અનુસાર તેમણે ૧૦ દિવસના ટૂંકાગાળમાં એક કરોડ રાષ્ટ્ર ધ્વજનું વેચાણ કર્યુ હતુ. જેમાં ૧.૫ લાખ પોસ્ટ ઓફિસમાં ઓનલાઈન વેચાણ અને ઓનલાઈન ઓર્ડરનો સમાવેશ થાય છે. મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યુ છે કે પોસ્ટ વિભાગે તેની ૧.૫ લાખ પોસ્ટ ઓફિસે 'હર ઘર તિરંગા' અભિયાનને સફળ બનાવવા માટે વ્યસ્ત છે. તેમનો ઉદ્દેશ્ય છે કે દરેક નાગરીકને આ અભિયાન સાથે જોડવાનો છે. આ અંતર્ગત ૧૦ દિવસના ટૂંકાગાળામાં એક કરોડથી વધુ રાષ્ટ્રધ્વજનું વેચાણ કરાયુ હતુ. આમાં ઓનલાઈન અને ઓફલાઈન બંન્ને વેચાણનો સમાવેશ થાય છે. વિભાગે આ ઝંડાઓની કિંમત રૂ.૨૫ નક્કી કરેલ છે.

## લોન વસુલી માટે સવારે ૮ પહેલાં અને સાંજે ૭ પછી કોલ કરવાની મનાઈ

**(એજન્સી) નવીદિલ્હી,**
ભારતીય રિઝર્વ બેકે બકો અને નાણાંકીય સંસ્થાનાને સુચન કર્યુ છે કે તેઓ પોતાના રીકવરી એજન્ટોને લોન વસુલી દરમ્યાન ગ્રાહકો સાથે ગાળાગાળી અને ખરાબ વર્તન કરવાથી રોકો. જો આઉટસોર્સ કર્મચારી પણ જો આવુ કરે છે તો બેંક કે નાણાંકીય સંસ્થાન જ જવાબદાર રહેશે. રિકવરી માટે સવારે ૮ વાગ્યા પહેલાં અને સાંજે ૭ વાગ્યા પછી ફોન કરવો ન જોઈએ. આરબીઆઈએ વેબસાઈટ પર જાહેર સર્ક્યુલરમાં કહ્યુ, એજન્ટ ગાઈડલાઈનથી હટીને કામ કરી રહ્યા છે. બેંકો સંસ્થાનો સુનિશ્ચિત કરવાનુ રહેશે કે એજન્ટ લોન લેનાર લોકોને પરેશાન ન કરે. લોન વસુલી માટે ડરાવવા ધમકાવવા નહી.

## બ્રિટનમાં ૪૮ હજાર રૂા. માં મરઘીનું દુર્લભ એક ઈડુ વેચાય છે, આકાર એકદમ ગોળ!

**લંડન,**
બ્રિટનમાં રહેતા એનાબેલ મુલ્કાહી છેલ્લા ૨૦ વર્ષથી રેસ્ક્યુ કરાયેલા કૂકડા-મરઘી ઉછેરે છે. તેમની પાસે એક એવી મરઘી પણ છે કે જેના એક ઈંડાની કિંમત જ ૫૦૦ પાઉન્ડ થવા જાય છે.(અંદાજ એક ઈંડાના ૪૮ હજાર રૂપિયા) આ મરઘીએ પહેલીવાર ઈંડુ આપ્યુ હતુ ત્યારે તે ઈંડાનો આકાર એકદમ ગોળ હતો. આ દુર્લભ ઈંડુ કરોડોમાં એક હોય છે. સામાન્ય ઈંડાનું વજન ૫૮ ગ્રામ હોય છે જ્યારે આ ઈંડાનું વજન ૧૭૮ ગ્રામ છે!!

# પંચમહાલના ૪૦૦ આરોગ્ય કર્મીઓ હડતાળ પર ઉતર્યા

**ગોધરા.**
પંચમહાલ જિલ્લા પંચાયતના આરોગ્ય કર્મીઓ મુખ્ય ત્રણ માંગણીને લઈને ૮ ઓગસ્ટ થી અચોક્કસ મુદતની હડતાળ પર બેઠા છે . પંચમહાલની ૬૦ પીએચસી , ૧૨ સીએચસી તથા ૭ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા પાયાના કર્મચારીઓ જેવાકે મલ્ટિ પર્પઝ હેલ્થ વર્કર , ફિમેલ હેલ્થ વર્કર , હેલ્થ ફિમેલ , મેઈલ સુપરવાઈઝર , તાલુકા હેલ્થ ફિમેલ અને મેઈલ સુપરવાઈઝર સહિત ૬ કેટેગરીના જિલ્લાના ૪૦૦ કર્મીઓ અચોક્કસ મુદતની હડતાળમાં જોડાયા છે .

આરોગ્ય કર્મીઓ જણાવ્યું કે અમે કોરોનાના કપરા કાળમાં જીવના જોખમે કામ કર્યું હતું . તેમ છત્તાં તે કામગીરીનું ભથ્થુ હજુ સુધી અપાયું નથી . ઉપરાંત ઝીરો કિમી પીટીએ - ફેરંણુ ભથ્થું આપવા અને ગ્રેડ - પે ૧,૯૦૦ થી વધારીને ૨,૮૦૦ કરવાની પડતર માગણીઓ છે . અમારી માંગણીને લઈને અમે ૩ વખત આંદોલન કર્યા હતા . પરંતુ સરકારે નિર્ણય ન લેતા ચોથી વખત અચોક્કસ મુદતની હડતાળ બાદ આરોગ્ય કેન્દ્રના પાયાના કર્મીઓની હડતાળ ના પગલે ચોમાસા ત્ર પર ઉતર્યા છીએ . જિલ્લામાં તલાટીઓની અચોક્કસ મુદતી હડતાળ બાદ આરોગ્ય કેન્દ્રના પાયાના કર્મીઓની હડતાળના પગલે ચોમાસા ઋતુજન્ય રોગચાળા ડેન્ગ્યુ , મેલેરીયા , ચિકનગુનિયા સર્વેલન્સ કામગીરી સાથે વરસાદી વાતાવરણને લઈ પાણીના ક્લોરીનેશનની કામગીરી , કોવિડ પ્રિકોશન ડોઝની કામગીરી , મમતા દિવસ અંતર્ગત નાના બાળકો , સગર્ભાઓને વેક્સિનેશનની કામગીરી સહિતની કુલ ૪૫ થી વધુ આરોગ્યલક્ષી કામગીરીથી કામગીરી પર અસર પડી છે .

# બે શ્રેષ્ઠ શાળા સંચાલકોને ૧૫ ઓકટોબરે એવોર્ડ અપાશે

**(એજન્સી) અમદાવાદ,**
ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા શ્રેષ્ઠ શાળા સંચાલક એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. જેમાં દરવર્ષે રાજયના બે સંચાલકોને એવોર્ડ આપાવામાં આવશે. આ વખતે ૧૫ ઓકટોબરના રોજ શ્રેષ્ઠ શાળા સંચાલક એવોર્ડના વિજેતાના નામોની જાહેરાત કરવામાં આવશે. એવોર્ડ માટે રાજયનેચાર ઝોનમાં વહેચી અરજીઓ મંગાવવામાં આવી છે. ત્યારબાદ તેમાંથી બે શ્રેષ્ઠ સંચાલકોને એવોર્ડ આપી સન્માન કરવામાં આવશે. આ રીતે દરવર્ષે મહામંડળ દ્વારા શ્રેષ્ઠ શાળા સંચાલક એવોર્ડ આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

**ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા સંચાલકો માટેના એવોર્ડની જાહેરાત**

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટ સંચાલીત ગુજરાત રાજય શાળા સંચાલક એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. જેમાં દરવર્ષે શ્રેષ્ઠ શાળા સંચાલકોને એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ વર્ષે જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા સંચાલક એવોર્ડ માટેના ફોર્મ ૫ સપ્ટેમ્બર સુધીમાં એકત્ર કરવાના રહેશે. ત્યારબાદ જીલ્લા પ્રમુખ અને મંત્રીએ તેમના જીલ્લમાંથી આવેલા કુલ ફોર્મની સંપૂર્ણ ચકાસણી કરીને ૧૭ સપ્ટેમ્બર સુધીમાં રાજયના પ્રમુખના કાર્યાલય ખાતે મોકલવાના રહેશે. આ અંગે મહામંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, રાજય કક્ષાની એવોર્ડ સમીતીમાં જાહેરાત આગામી ૧૦ દિવસમાં કરવામાં આવશે. જેમાં મહામંડળના અધ્યક્ષ પ્રમુખ અને અન્ય ૭ સભ્યોને રહેશે.૧ ઓકટોબરના રોજ એવોર્ડ સમીતીની બેઠક બોલાવવામાં આવી છે. અને ઝોન વાઈસ સંભવીત નામોની પસંદગી કરવામાં આવશે.

## મહીસાગર જિલ્લા ન્યાયાલયથી હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું

**(માહિતી) લુણાવાડા,**
દેશની આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે તા.૧૩ ઓગસ્ટ થી તા.૧૫ ઓગસ્ટ,૨૦૨૨ દરમ્યાન હર ઘર તિરંગા અભિયાન ઉજવવામાં આવી રહ્યું છે. હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને જિલ્લા મુખ્ય ન્યાયાધીશ શ્રી એચ એ દવેએ આઝાદીના અમૃત મહોત્સવનું મહત્વ સમજાવી 'હર ઘર ત્રિરંગા'નું આહવાન સાથે લીલી ઝંડી આપી ત્રિરંગા યાત્રાની જિલ્લા ન્યાયાલયથી શરૂઆત કરાવી હતી. જે યાત્રા લુણાવાડા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. આ યાત્રામાં સેક્રેટરી અને પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ શ્રી આઈ. એમ. સરદાર, ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી વી.એમ.વણકર, એડી.સીવીલ જજ શ્રી ખુશ્બ ભટટ, વકીલશ્રીઓ તથા ડીસ્ટ્રીક્ટ કોર્ટના તમામ સ્ટાફગણ, વન સ્ટોપ સેન્ટરના સંચાલકશ્રી દીપીકાબેન, ૧૦૮ અભિયાનના સભ્યશ્રીઓએ જોડાઈને સમગ્ર વાતાવરણ રાષ્ટ્ર ભક્તિમય બનાવ્યું હતું.



## ન્યુયોર્કમાં ૧૫મી ઓગષ્ટે સૌથી મોટો ૨૨૦ ફૂટનો ભારતીય તિરંગો લહેરાવાશે

**(એજન્સી) ન્યુયોર્ક,**
અમેરીકાના ન્યુયોર્કમાં ૧૫મી ઓગષ્ટના દિવસે હડસન નદીના કિનારે ૨૨૦ ફૂટનો ખાદીનો ભારતીય તિરંગો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે સાથે જ ભારતની આઝાદીના ૭૫ વર્ષ થયાના માનમાં ટાઈમ્સ સ્કેવર ખાતે એક વિરાટ હોર્ડીગ્સ લગાવવામાં આવશે. જેની ઉપર લખ્યુ હશે 'આઝાદી કા અમૃત મહોત્સવ' એનઆરઆઈ સમુદાય દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે મોટાપાયે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે.

ટાઈમ્સ સ્કવેરના વિરાટ હોર્ડીગ્સથી વિરાટ ઈન્ડીયા ડે પરેડનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ બધા કાર્યક્રમોનુ આયોજન ફેડરેશન ઓફ ઈન્ડીયન એસોસીએશન દ્વારા કરવામાં આવ્યુ છે. તેઓ ન્યુયોર્ક ઉપરાંત ન્યુજર્સી, કેનેકટીકટ અને નેબ્રાસ્કમાં પણ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમોનું આયોજન કરશે.

## ''હર ઘર તિરંગા'' અભિયાન અંતર્ગત વીર બિરસામુંડા પ્રાથમિક શાળામાં યોજાઈ વિવિધ સ્પર્ધાઓ



**(માહિતી) રાજપીપલા,**
'હર ઘર તિરંગા' અભિયાન હેઠળ નર્મદા જિલ્લામાં વિવિધ શાળાઓના બાળકોમાં દેશપ્રેમ અને એકતાની ભાવના જગાડવાના ઉમદા આશયથી નિબંધલેખન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ગીત સ્પર્ધા સહિત રાષ્ટ્રધ્વજના સન્માનમાં રાષ્ટ્રધ્વજ સાથે તિરંગા યાત્રા નિકળી રહી છે. જે અંતર્ગત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જયેશભાઈ પટેલના માર્ગદર્શન તેમજ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુશ્રી ડો.વર્ષાબેન વસાવાની ઉપસ્થિતિમાં વીર બિરસામુંડા પ્રાથમિક શાળા, રાજપીપલા ખાતે 'હર ઘર તિરંગા' અભિયાનને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.

'હર ઘર તિરંગા' અભિયાન અન્વયે રાષ્ટ્રધ્વજનું મહત્વ અને દેશની આઝાદીમાં વીર શહીદો તેમજ મહામાનવોના સંઘર્ષ અને બલિદાનો વિશે સમજાવતા શિક્ષકોએ વધુમાં બાળકોને પોતપોતાના ઘરે તિરંગો ફરકાવી ફળિયામાં આ અભિયાન વિશે જાગૃત કરવા જણાવ્યું હતું. ખરેખર 'હર ઘર તિરંગા' અભિયાન અંગે બાળકોમાં અનેરો ઉત્સાહ અને જુસ્સો જોવા મળી રહ્યો છે. બાળકોએ આ અભિયાનની થીમ પર રાષ્ટ્રધ્વજ દોરી તેની વિકાસયાત્રા તેમજ ચિત્રસ્પર્ધામાં પોતાની અદભુત કલાકૃતિનું પ્રદર્શન કર્યું હતું.

આ પ્રસંગે નિર્ણાયક તરીકે બી.એડ. કોલેજ, રાજપીપલાના લેકચરરશ્રી રોબિનભાઈ, શ્રી મહેશભાઈ વસાવા, શ્રી રાજેન્દ્રભાઈ તેમજ ડાયેટમાંથી શ્રી દિપકભાઈ હાજર રહ્યાં હતાં. ગીત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે હિરલબેન રાવે સેવા આપી હતી. રાજપીપલા કલસ્ટરના સી.આર.સી રાકેશભાઈ પંચોલી અને સી.આર.સી કલમભાઈ વસાવા, વીર બિરસામુંડા શાળાના શિક્ષકશ્રી સરાધભાઈ સહિત બાળકોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળ બન્યો હતો.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આ સરાહનીય પહેલનો હેતુ લોકોમાં દેશપ્રેમ અને એકતાની ભાવના જગાડી રાષ્ટ્રધ્વજના સન્માનમાં ઘરે-ઘર, મહોલ્લા, દુકાનો, સરકારી-ખાનગી કચેરીઓ સહિત દરેક સ્થળે તિરંગો ફરકાવવાનો છે. તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગાની ઉજવણી હાથ ધરાઈ છે અને વડાપ્રધાનશ્રીએ પણ દેશવાસીઓને ઘરે-ઘર તિરંગો ફરકાવવાની હાકલ કરી છે.

# સંતરામપુર તાલુકાના માનગઢ હીલ ખાતે હર ઘર તિરંગાનો પ્રારંભ કરાવતા કેન્દ્રિય સંસ્કૃતિ મંત્રી અર્જુનરામ મેઘવાલ

**ગોધરા,**
સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં તા. ૧૩ થી ૧૫ હર ઘર તિરંગા અભિયાનનું આહવાન કર્યું હતું. આ આહવાનના પગલે આજે વહેલી સવારે ઉગતા સૂર્યના કિરણોના ખુશનુમાભર્યા વાતાવરણમાં ગુજરાત-રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજયના ત્રિભેટે આવેલ સંતરામપુર તાલુકાના ઐતિહાસિક માનગઢ હીલ ખાતે કેન્દ્રિય સંસ્કૃતિ મંત્રી અર્જુનરામ મેઘવાલે તિરંગાને લહેરાવી સલામી આપીને હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

કેનદ્રિય મંત્રી અર્જુનરામ મેઘવાલે આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેનદ્રભાઈ મોદીના નેતૃત્વમાં માનગઢ હીલ ખાતે તિરંગાને લહેરાવ્યા બાદ જણાવ્યું હતું કે અહીં ગુરૂ ગોવિંદની ધૂણી, સંગ્રહાલય અને સ્મારક છે જે આદિવાસી માટે આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર બન્યું છે. દેશની આઝાદીની ચળવળમાં આદિવાસીઓએ અંગ્રેજો સામે લડત આપી હતી અને ૧૫૦૭ આદિવાસીઓએ તેમના પ્રાણોની આહૂતિ આપી તે સ્થાન આજે ઐતિહાસિક ધરોહર સમાન હોવાનું જણાવ્યું હતું.

મેઘવાલે ગુરૂ ગોવિંદે આદિવાસીઓને ભકિત સાથે ભણતરનો મંત્ર બનાવી કુરિવાજો ત્યજીને સંસ્કારોનું સિંચન કરવાનું મોટું કામ કર્યું હોવાનું કહ્યું હતું. તેમણે વધુમાં હર ઘર તિરંગા એ કોઈ પક્ષ કે સરકારનો કાર્યક્રમ નહીં પણ દેશનો કાર્યક્રમ હોવાનું જણાવી દેશનો પ્રત્યેક નાગરિક આપણો દેશ અમૃતકાળમાં પ્રવેશી રહ્યો છે ત્યારે સૌ દેશવાસીઓ માટે તિરંગા યાત્રાએ દેશભક્તિનો અમૂલ્ય અવસર છે. આ અવસરે દેશના અને રાજયના પ્રત્યેક નાગરિકે ખભે-ખભો મિલાવીને દેશની પ્રગતિમાં સહભાગી થાય તે માટેનો કાર્યક્રમ હોવાનું ઉમેર્યુ હતું. કેન્દ્રિય મંત્રી શ્રી મેઘવાલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ જયારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે, ત્યારે રાષ્ટ્રએ ૭૫ વર્ષમાં શું કર્યું તેનું વિશ્લેષણ કરી આગામી ૨૫ વર્ષ પછી જયારે રાષ્ટ્ર આઝાદીની શતાબ્દી ઉજવશે ત્યારે આગામી વર્ષમાં દેશને વધુ ઉંચાઈએ લઈ જવા સંકલ્પ થી સિધ્ધિ તરફ લઈ જવાનો સરકારે મંત્ર અપનાવ્યો હોવાનું કહ્યું હતું.



**અંગ્રજો સામે આપેલા બલિદાન અને આઝાદી જંગના ભીલોના ભેરૂ એવા ગોવિંદ ગુરૂની ચળવળ સમાન માનગઢ હીલએ ઐતિહાસિક ધરોહર છે : અર્જુનરામ મેઘવાલ**

આ પ્રસંગે શિક્ષણ રાજય મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે, સમગ્ર દેશમાં એક દેશભાવનાને ઉજાગર કરવા માટે સમગ્ર દેશના હર એક ક્ષેત્રના, હર એક સમાજના લોકો 'માં ભારતી' નો જય જય કાર...થવાની સાથે માનગઢ હીલ જે ગુરૂ ગોવિંદના નેતૃત્વ હેઠળ આદિવાસીઓએ અંગ્રેજો સામે લડત આપીને અહીં ધૂણી ધખાવી હતી. તેમ જણાવ્યું હતું. તેમણે વધુમાં ગુરૂ ગોવિંદે આદિવાસી શિક્ષણ સાથે સપ્તસૂત્રી કાર્યક્રમ આપી આદિવાસીઓને સંદેશો પાઠવ્યો હતો કે, મરો તો દેશ માટે અને જીવો તો ગામ માટે આ સૂત્રને સાથર્ક કરવા તેમને અપીલ કરી ઐતિહાસિક ધરોહર સમાન માનગઢ હીલને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવામાં આવે તેવી અપીલ કરી હતી.

ડીંડોરે વધુમાં દેશના દરેક નાગરિકમાં રાષ્ટ્રભાવના ઉજાગર થાય એવા ઉમદા હેતુસર આપણે આપણા પોતાના ઘર ઉપર, ધંધા-રોજગારના સ્થળ ઉપર તથા આપણી ઓફીસ ઉપર આપણું માન-સન્માન, આપણું સ્વાભિમાન અને આપણું અભિમાન એવા આપણા તિરંગા રાષ્ટ્રધ્વજને આન-બાન-શાન અને પૂરા માન-સન્માન અને રાષ્ટ્રધ્વજની આચારસંહિતાના પાલન સાથે ફરકાવવા અપીલ કરી હતી.

આ પ્રસંગે મધ્યપ્રદેશના પદ્મ શ્રી મહેશ શર્માએ માનગઢ હીલની ધરતી પર ૧૯૦૩માં અંગ્રેજોની ગુલામી નહીં સ્વીકારીએ તેનો ઉલ્લેખ છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે, અહીં આઝાદીના આંદોલનમાં ભાગ લેનાર આદિવાસીઓને અંગ્રેજોએ ભીષણ હત્યાંકાંડ કરતાં ૧૫૦૭ આદિવાસીઓએ તેમના પ્રાણોની આહૂતિ આપી હતી. જે ઈતિહાસને કોંગ્રેસે સ્વીકાર્યો નહોતો ત્યારે આ ઐતિહાસિક સ્થાનની ગૌરવગાથાથી આજની યુવા પેઢી વાકેફ થાય તે માટે આ માનગઢ હીલની ગૌરવગાથાનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે કેન્દ્રિય મંત્રી અર્જુનરામ મેઘવાલ, શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઈ ડીંડોર સહિત ઉપસ્થિત મહાનુભાવોએ ગુરૂ ગોવિંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ અર્પી હતી અને પરેડની સલામી ઝીલી હતી.

આ પ્રસંગે ગુજરાત, રાજસ્થાનના સંગઠનના પદાધિકારીઓ, અગ્રણીઓ, સંતરામપુર મામલતદાર સંગાડા, સહિત રાજસ્થાન અને ગુજરાતના નાગરિકોના મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જીયોનું ૧૦૦૦ શહેરમાં ૫જી કવરેજનું આયોજન સંપન્ન

**(એજન્સી) નવીદિલ્હી,**
દેશની સૌથી મોટી ટેલીકોમ કંપની જીયોએ ટોચના ૧,૦૦૦ શહેરોમાં ૫જી કવરેજનું આયોજન પૂર્ણ કરી લીધું છે. અને દેશમાં જ વિકસાવવામાં આવેલા ૫જી ટેલીકોમ સાધનોની ફિલ્ડ ટ્રાયલ હાથ ધરવામાં આવી છે. તેમ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે કે અહેવાલમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને લીમીટેડ આરઆઈએલ જણાવ્યું હતું કે જીયોએ તેની ૧૦૦ ટકા સ્વદેશી ટેકનોલોજી સાથે ૫જી લોન્ચ કરવા માટે તૈયાર થવામાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન વિશાળ સ્તરનાં પગલાં લીધાં હતાં. તાજેતરમાં પૂર્ણ થયેલી ૫જી સ્પેકટ્રમની હરાજીમાં કંપનીએ સૌથી મોટી બોલી લગાવી હતી. પહેલી ઓગષ્ટ સોમવારના રોજ પૂર્ણ થયેલી ટેલીકોમ સ્પેકટ્રમની ભારતની અત્યાર સુધીની સૌથી મોટી હરાજીમાં ૧.૫ લાખ કરોડ રૂપિયાની વિક્રમી બીડ મળી હતી. જેમાં વેચાયેલી તમામ એરવ્યાપી મુકેશ અંબાણીની જીયોએ લગભગ અડધી એરવેઝ મેળવી હતી.

૭ ઓગષ્ટના રોજ બહાર પાડવામાં આવેલા અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે, જીયોનું ૫જી કવરેજ આયોજન ટોચના ૧,૦૦૦ શહેરોમાં લક્ષ્યાંકીત ગ્રાહક વપરાશ અને આવકની સંભવીતતાના આધારે પુર્ણ કરવામાં આવ્યું છે. રીલાયન્સ જીયો ટોચની બીડર હતી.

**એજન્ટો/ પત્રકારો નિમવાના છે**

વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક માટે

**ઉત્તર ગુજરાતઃ** ડીસા/પાલનપુર/અંબાજી/ દાંતા/ સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.
**મધ્ય ગુજરાતઃ** વડોદરા / આણંદ / ખેડા / ગોધરા / દાહોદ/ વગેરે
**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.
**દક્ષિણ ગુજરાતઃ** સુરત / ભરૂચ / વલસાડ / વાપી / બિલીમોરા/ નવસારી વગેરે

**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/ પત્રકારો પોતાના બાયોડેટા સાથે લખી અમદાવાદ ઓફિસે મોકલાવે :
**મેનેજર, વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**
૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.



બનાસકાંઠા જિલ્લા કલેક્ટર આનંદ પટેલે પોતાના નિવાસસ્થાને સહપરિવાર તિરંગો લહેરાવી 'હરઘરતિરંગા' અભિયાનમાં સહભાગી થયા. તથા તેઓએ જિલ્લાના સૌ નાગરિકોને આ અભિયાનમાં જોડાવા અપીલ કરી (પ્રેસ નોટ ફોટો-ભગવાનભાઈ સોની.પાલનપુર)

# તિરંગા યાત્રા દરમ્યાન દેશભક્તિના રંગે રંગાયું પાટણ

**(માહિતી બ્યુરો પાટણ)**

જિલ્લામાં આજે વહીવટી તંત્રના નેજા હેઠળ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો તિરંગા યાત્રામાં જોડાયા હતા. દેશમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા કાર્યક્રમ ઉજવાઈ રહ્યો છે. જે કાર્યક્રમને સફળ બનાવવા આજે પાટણ શહેરમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. આ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં પાટણના નાગરિકો રાષ્ટ્રીય ધ્વજ સાથે ૨ કિલોમીટર સુધી પદયાત્રા કરી તિરંગા યાત્રાને સફળ બનાવી હતી. પાટણ ની એમ એન હાઈસ્કૂલ થી નીકળેલી તિરંગા યાત્રા રેલવે સ્ટેશન રાષ્ટ્રગીત નું ગાન કરી પૂર્ણ થઈ હતી.

હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત પાટણમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તિરંગા યાત્રા આજે દેશભક્તિના માહોલ વચ્ચે પાટણના મુખ્ય શહેરો પર ફરી હતી. પાટણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત યાત્રામાં પાટણની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ પાટણના નાગરિકો સહિત હજારોની જનમેદની તિરંગા યાત્રામાં જોડાઈ હતી. જિલ્લા કલેકટરશ્રી સુપ્રીતસિંહ ગુલાટી દ્વારા આ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટરશ્રી સુપ્રીતસિંહ ગુલાટી સાથે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ તેમજ પદાધિકારીઓ આ તિરંગા યાત્રામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં સ્થાનિક લોકો સાથે કલેકટરશ્રી તેમજ પદાધિકારીશ્રીઓએ પદયાત્રા કરી તિરંગા યાત્રામાં સહભાગી બન્યા હતા.



પાટણની એમ એન હાઈસ્કૂલ થી શરૂ થયેલી આ તિરંગા યાત્રામાં પાટણની સ્વૈચ્છિક સંસ્થાઓ વિદ્યાર્થીઓ તેમજ હજારોની સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા. તિરંગા યાત્રા દરમિયાન લોકગાયક વિજય સુવાળા તેમજ ગીતકાર મનુ રબારી પણ તિરંગા યાત્રામાં સહભાગી બન્યા હતા. તિરંગા યાત્રા દરમિયાન ડીજેના તાલે વાગતા રાષ્ટ્ર ભક્તિના ગીતો અને લોકગાયક વિજય સુવાળા દ્વારા પ્રસ્તુત કરાયેલા ગીતોના કારણે તિરંગા યાત્રાના પથ પર દેશભક્તિના રંગે રંગાયો હતો. એમ એન હાઈસ્કુલ થી નીકળેલી આ તિરંગા યાત્રા રંગીલા હનુમાન ત્રણ દરવાજા હિંગળાજ ચાર ચાર સર્કલ થઈ બગવાડા પહોંચી હતી. જે બાદ રેલવે સ્ટેશન પર લહેરાતા તિરંગાની આસપાસ તિરંગા યાત્રામાં જોડાયેલા લોકો શિસ્તબદ્ધ રીતે ગોઠવાઈ રાષ્ટ્રીય ગીતનું ગાન કરી તિરંગા યાત્રાની પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

પાટણ શહેરમાં નીકળેલી આ તિરંગા યાત્રામાં પાટણના સાંસદશ્રી ભરતસિંહ ડાભી, જિલ્લા કલેકટરશ્રી સુપ્રીતસિંઘ ગુલાટી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી એમ સોલંકી, જિલ્લા પોલીસ વડાશ્રી વિજય પટેલ, નિવાસી અધિક કલેકટર પ્રદીપસિંહ રાઠોડ, ભાજપ પૂર્વ મહામંત્રી કે સી પટેલ તેમજ રાજકીય પક્ષના આગેવાનો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં જોડાઈ તિરંગા યાત્રાને ભવ્યાતિ ભવ્ય બનાવી હતી.




## ઉત્તર ગુજરાત

**મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના સમાચાર**

**ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા**

# સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ સુરીલો સંગીત કાર્યક્રમ યોજાશે

**(પ્રતિનિધિ)ગાંધીનગર,**

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે, જેના અનુસંધાને સમગ્ર દેશમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવવામાં આવી રહ્યો છે. ૭૫માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સૂરીલા સંગીત કાર્યક્રમનું આયોજન સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ગૃહરાજયમંત્રી હર્ષભાઈ સંઘવી વિશેષ ઉપસ્થિત રહેશે.

તારીખ ૧૪ ઓગસ્ટની સાંજે ૭ વાગ્યે પનઘટ ગૃપના કલાકારો દ્વારા આઝાદીના અમૃત મહોત્સવને સંગીતમય રીતે ઉજવવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જશવંતભાઈ પટેલ, અમદાવાદ પૂર્વ લોકસભાના સાંસદ હસમુખભાઈ પટેલ, તેમજ ગાંધીનગર દક્ષિણ બેઠકના ધારાસભ્ય શંભુજી ઠાકોર પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમના ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા વિવિધ કૃતિઓ વડે સાંસ્કૃતિક કાર્યક્રમનો રસપાન કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત થવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તમામ નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવે છે.

# પાટણ જિલ્લામાં વન મહોત્સવ અંતર્ગત ૨૧.૪૦ લાખ રોપાઓ ઉછેરવાનું આયોજન

**પ્રાચીનકાળથી વનસ્પતિ-વૃક્ષ અને વન સાથે મનુષ્યનો નાડી પ્રાણસંબંધ રહ્યો છે :- ભાનુમતીબેન મકવાણા**

**(માહિતી બ્યુરો, પાટણ )**

પાટણ જિલ્લામાં ૭૩મા જિલ્લા સ્તરીય વન મહોત્સવની ઉજવણી રિઝઓનલ સાયન્સ સેન્ટર ચોરમારપુરા ખાતે જીલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાનુમતીબેન મકવાણાની ઉપસ્થિતમાં ઉજવવામાં આવ્યો. જે અંતર્ગત જિલ્લામાં ૨૧.૪૭ લાખ રોપાઓના ઉછેર થકી જિલ્લાને લીલોછમ કરવા માટેનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

પાટણ જિલ્લામાં જંગલની જમીન તેમજ જંગલ સિવાયની જમીનમાં વૃક્ષનું પ્રમાણ વધે તે માટે ચાલુ વર્ષે ખાતાકીય વાવેતર તેમજ વન મહોત્સવ થકી અથાગ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. વિવિધ યોજનાઓ હેઠળ જંગલ વિસ્તારમાં તેમજ જંગલ સિવાયના બહારના વિસ્તાર જેવા કે ગૌચર, સ્વૈછિક સંસ્થા, સ્મશાન ભૂમિ, ખેડૂતોની જમીન તેમજ રોડ વિસ્તારમાં ૧૨૭૯.૫૦ હેકટરમાં ૧૧.૭૦ લાખ રોપઓનુ વાવેતર ચાલુ ચોમાસામાં કરવામાં આવશે.

પાટણ જિલ્લામાં વન મહોત્સવ યોજના અંતર્ગત ચાલુ વર્ષે ૭૩મા વન મહોત્સવ અંતર્ગત ૨૧.૪૦ લાખ રોપા પોલીથીન બેગમાં ઉછેરવામાં આવેલ છે. જે રોપાઓને ગ્રામપંચાયતો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, ખેડુતો તેમજ લોકોને વિતરણ કરવામાં આવશે. ફાર્મ ફોરેસ્ટ્રી, વૃક્ષ ખેતી યોજના તથા એગ્રો ફોરેસ્ટ્રી મોડલ યોજના હેઠળ ખેડૂતોના ખેતરમાં અને શેઢ વૃક્ષ વાવેતર યોજનાના લાભાર્થીઓના ખેતરમાં ૪૬૬ હેક્ટરમાં ૪.૨૫ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. ગુજરાત સરકારે ચાલુ વર્ષે ઉપવન બનાવવાની યોજના પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાનું લૂખાશન ગામે હનુમાન મંદિર ખાતે અંદાજે ?૧૦.૦૦ લાખના ખર્ચે એક પવિત્ર ઉપવન બનાવવામાં આવશે. મહાનુભાવોના હસ્તે જિલ્લાના લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.



૭૩મા વન મહોત્સવમાં જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાનુમતીબેન મકવાણા, સંસદ સભ્યશ્રી ભરતસિંહ ડાભી, શ્રી કે.સી.પટેલ, જિલ્લા કલેકટરશ્રી સુપ્રીતસિંઘ ગુલાટી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એમ.સોલંકી, નાયબ વન સંરક્ષકશ્રી વહિવટ ગાંધીનગર, નાયબ વન સંરક્ષકશ્રી બિંદુબેન પટેલ તેમજ ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**'હર ઘર તિરંગા' અંતર્ગત**

# ગાંધીનગર ખાતે 'રન ફોર તિરંગા' રેલીને પ્રસ્થાન કરાવતાં મેયર



(તસ્વીરઃ જનક પટેલ, ગાંધીનગર)

**(પ્રતિનિધિ)ગાંધીનગર,**

આઝાદીના અમૃત મહોત્સવ-૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આજે ગાંધીનગર ખાતે યોજાયેલ 'રન ફોર તિરંગા' રેલીનું ગાંધીનગરના મેયર અને પ્રથમ નાગરિક હિતેશભાઈ મકવાણાએ રેલીને પ્રસ્થાન કરાવીને સહભાગી થયા હતા.

આ પ્રસંગે IITE અને ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ ડૉ હર્ષદભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારતભરમાં યોજાઈ રહેલા 'હર ઘર તિરંગા' અભિયાનમાં સહભાગી થઈને પોતાના ઘર પર તિરંગો લહેરાવવા વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તા. ૧૩થી ૧૫ ઓગસ્ટ દરમિયાન ગુજરાત સહીત ભારતભરમાં યોજાનાર 'હર ઘર તિરંગા' અભિયાનના ભાગરૂપે ગાંધીનગર ખાતે નવા સચિવાલય બસ સ્ટેન્ડથી ગ-૫ સુધી યોજાયેલી જિલ્લા કક્ષાની 'રન ફોર તિરંગા' રેલી યોજાઈ હતી. જેમાં ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ, સરકારી વાણિજ્ય-વિનયન કૉલેજ અને સિદ્ધાર્થ લૉ કોલેજના આચાર્યઓ, ફેકલ્ટીઝ, NCC કેડેટ્સ, NSSના સ્વયંસેવકો, હોમગાર્ડ સહીત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જોડાઈને વંદે માતરમ્-ભારત માતા કી જય નારા સાથે સમગ્ર વાતાવરણ રાષ્ટ્ર ભક્તિમય બનાવ્યું હતું.

# પ્રેક્ષા ભારતી, કોબા ખાતે ગાંધીનગર જિલ્લાના વન મહોત્સવની ઉજવણી

**(પ્રતિનિધિ)ગાંધીનગર,**

ગાંધીનગર જિલ્લાના ૭૩મા વન મહોત્સવની ઉજવણી આજે પ્રેક્ષાભારતી, કોબા ખાતે કરવામાં આવી હતી. ૭૩ વન મહોત્સવને મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ૭૩મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૨૮ લાખથી વધુ રોપાઓનો ઉછેર કરીને વિતરણ કરવામાં આવ્યા છે.

વન મહોત્સવને ખુલ્લો મુકતા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજયના સ્થાપના એટલે કે ૧૯૬૦થી રાજય સ્તરીય વન મહોત્સવની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવતી હતી. પરંતુ આ પરંપરાને દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ- ૨૦૦૪થી બદલી છે, તેમજ રાજયના અનેક સ્થળો ખાતે સાંસકૃતિક વનોનું નિર્માણ કરવાનો આરંભ કર્યો હતો. ગાંધીનગરનું પુનિત વન સાંસ્કૃતિક વન બનાવવાનો આરંભ થયો હતો. તેમણે ઉમેર્યું હતું કે, સામાજિક વનીકરણ ક્ષેત્રે રાજયે હરણ ફાળ ભરી છે. તેમજ રાજયના ખેડૂતો ખેતી સાથે વૃક્ષોના વાવેતર થકી આર્થિક લાભ મેળવતા થયા છે. સરકાર દ્વારા ખેડૂતો વૃક્ષોની ખેતી કરતા થાય તે માટે સરકાર વર્ષ-૨૦૧૫માં ૮૬ પ્રકારના વૃક્ષોની કાપણી તથા ઉપજને વાહતુક માટે લેવી પડતી મંજુરીમાં મુક્તિ આપી છે. આ ખેતીને પ્રોત્સાહન આપવા માટે વન વિભાગ દ્વારા ખેડૂતોની જમીનમાં વૃક્ષ વાવેતર માટે રોપા વાવેતર સુધીની તમામ કામગીરી કરી આપવામાં આવે છે. છોડમાં રણછોડ ની શ્રધ્ધા ધરાવતી આપણી ભારતીય સંસ્કૃતિ છે, તેવું કહી ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, આપણા સંસ્કૃતિ પ્રકૃતિ સાથે ઘાટ રીતે સંકાળાયેલ છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમજ તમામ નાગરિકોને પોતાના જન્મ દિવસ, લગ્ન દિવસ અને જીવનની નાની નાની ખુશીમાં વૃક્ષની વાવણી કરવા માટે હાંકલ કરી હતી. તેમજ વૃક્ષોમાં જીવનમાં શું મહત્વ છે, તેની પણ રસપ્રદ વાત પોતાની શૈલીમાં કરી હતી.



(તસ્વીરઃ જનક પટેલ, ગાંધીનગર)

ગાંધીનગરના નાયબ વન સંરક્ષક ડૉ. ચંદ્રેશકુમાર શાનદ્રેએ જણાવ્યું હતું કે, દેશની વન સંપદા અને વૃક્ષોની સંખ્યામાં વધારો થાય તેવા ઉમદા હેતસુર ગુજરાતના પનોતા પુત્ર સ્વ. કનૈયાલાલ મુનશીએ વર્ષ- ૧૯૫૦માં દેશભરમાં અનોખા લોકોત્સવ વન મહોત્સવનો આરંભ કરાવ્યો હતો. આજે ૭૩ મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં જુદા જુદા સ્થળે આવેલી ૧૫ નર્સરીઓમાં વિવિધ પ્રકારના ૨૮ લાખ થી વધુ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. જે રોપાઓને સરકારી સહિત તમામ સંસ્થાઓને તેમની જરૂરિયાત મુજબ રોપાઓ ઉછેરવા માટે આપવામાં આવ્યા છે. તેમજ વૃક્ષ રથ થકી પણ નાગરિકોને ઘરે ઘરે રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. સામાજિક વનીકરણમાં લોકભાગીદારી થકી અકલ્પનીય વધારો થવા પામ્યો છે.

# પાલનપુરમાં રખડતા પશુઓના આતંકથી લોકો ભયભીત

**પાલનપુર,**

પાલનપુર શહેરમાં રખડતા પશુઓનો આતંક વધી રહ્યો હોય લોકોને ઘર બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે જે વચ્ચે શહેરના સોનબાગ વિસ્તારમાં એક રાહદારી મહિલાને એક ગાયે શીંગડા ભરાવી ઈજાઓ પહોંચાડી હતી જોકે ગાયના હુમલામાં ગંભીર ઘાયલ મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુરમાં રખડતા પશુઓ પર નિયંત્રણ મેળવવા તંત્ર સરેઆમ નિષ્ફળ રહેતા શહેરમાં રખડતા પશુની સમસ્યા જટિલ બની છે જાહેર માર્ગો અને શેરી મહોલ્લામાં રખડતા પશુઓના અડિંગાથી લોકોને નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. સોનબાગમાં વિસ્તારમાં સાંજના સમયે રમીલાબેન પ્રમોદકુમાર પરમાર નામની મહિલા રસ્તા પર પસાર થઈ રહી હતી દરમ્યાન એક ગાયે આ મહિલા પર હુમલો કરી હાથ પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા આ ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી જોકે શહેરમાં અગાઉ ગાયના હુમલાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

# સ્વસ્તિક મહિલા કોલેજમાં નંદ મહોત્સવની ઉજવણી કરાઈ

**પાલનપુર,**

શ્રી સોળ ગામ લેઉઆ પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર સંચાલિત સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ દ્વારા નંદ મહોત્સવ તથા સ્વસ્તિક મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં દીકરીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત આરતી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત સ્વસ્તિક શૈક્ષણિક સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું નંદ મહોત્સવ તથા કોલેજ પ્રવેશોત્સવના આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો એસ.જે. દેસાઈ (પીએસઆઈ, ગઢ) નીતાબેન વી. ભૂતડીયા (સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ કોન્સ્ટેબલ, ગાંધીધામ) તથા સંસ્થાના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત સ્વસ્તિક મહિલા કોલેજની દીકરીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. નંદ મહોત્સવ કાર્યક્રમમાં સ્વસ્તિક બાલમંદિર ગુજરાતી મીડિયમ તથા અંગ્રેજી મીડિયમમાં અભ્યાસ કરતા નાના ભૂલકાઓએ વિવિધ કાર્યક્રમ રજૂ કરીને કાર્યક્રમને રંગબેરંગી બનાવ્યો હતો. નંદ મહોત્સવ કાર્યક્રમમાં નાના ભૂલકાઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમ કરવામાં આયો હતો. જેમાં તમામ લોકો જોડાઈને વાતાવરણને વધુ આનંદમય બનાવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનોની આભારવિધિ સ્વસ્તિક મહિલા કોલેજના પ્રિન્સિપાલ નેહલબેન પરમાર દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન સ્વસ્તિક સંકુલના ઉચ્ચતર વિભાગ, બાલમંદિર વિભાગ, અંગ્રેજી માધ્યમ વિભાગ તેમજ કોલેજ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધનસુરા પોલીસ મથકમાં નવનિર્મિત બગીચાનું લોકાર્પણ કરાયું

**ધનસુરા,**

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે ૧૩ થી ૧૫ તારીખ સુધી રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટની ઉજવણીના ભાગરૂપે ધનસુરા પોલીસ સ્ટેશનની અંદર બનાવેલ ગાર્ડનના લોકાર્પણ પ્રસંગે રેન્જ આઈજી ગાંધીનગર અભય ચુડાસમા, જિલ્લા પોલીસ વડા સંજય ડી. રાઠોડ, પીએસઆઈ સોલંકી, ગ્રામ પંચાયતના સરપંચ હેમલતાબેન પટેલ, ભાજપના પૂર્વ ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, ધનસુરા તાલુકા ભાજપના મંત્રી નરેન્દ્ર પટેલ વગેરે હાજર રહ્યા હતા તેમજ ગાર્ડનનું લોકાર્પણ ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમાના હાથે ધરવામાં આવ્યું હતું તેઓએ ગાર્ડન અને પોલીસ સ્ટેશન વિશે અભિપ્રાય માંગ્યા હતા. ગ્રામજનોએ પોલીસ સ્ટેશનની કામગીરી વિશે સંતોષ વ્યકત કર્યો હતો તેમ જ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની કામગીરીથી સંતોષ વ્યકત કર્યો હતો. તેઓએ આ ગાર્ડનમાં યોગદાન આપનાર ગોપાલ સ્નેકસનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, લોક ભાગીદારીથી કાર્ય ધનસુરા પોલીસ સ્ટેશનમાં થયું છે.

**મોરીયા બનાસ મેડીકલ કોલેજ ખાતે**

# પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને ૭૩ મા જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરાઇ

**(માહિતી બ્યુરો, પાલનપુર)**

પાલનપુર તાલુકાના મોરીયા બનાસ મેડીકલ કોલેજ ખાતે અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષસ્થાને ૭૩ મા જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી વૃક્ષારોપણ કરી કરવામાં આવી હતી.

**ચોમાસાની ઋતુમાં આપણા , ઘરની આજુબાજુ, ખેતરના શેઢે-પાળે વૃક્ષો રોપવાનું પવિત્ર કાર્ય કરવું જોઇએઃ ગજેન્દ્રસિંહ પરમાર**

આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારે વન મહોત્સવની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, ચોમાસાની ઋતુમાં આપણા ઘેરની આજુબાજુ, ખેતરના શેઢે-પાળે વૃક્ષો રોપવાનું પવિત્ર કાર્ય કરવું જોઈએ. તેમણે ક્લાયમેન્ટ ચેન્જના પડકારો અને વૃક્ષોનું મહત?વ સમજાવતાં જણાવ?યું કે, વૃક્ષો મનુષ?યના જીવનમાં જન્મથી લઈ મૃત્યુ સુધી આપણો સાથ ક્યારેય છોડતા નથી ત્યારે દરેક વ્યક્તિએ વૃક્ષોનું મહત્વ સમજી વૃક્ષો વાવે તે જરૂરી છે. હજારો જીવ, જંતુ, પશુ, પક્ષી સહિત સમગ્ર સજીવ સૃષ?ટિના અસ?તિત?વ માટે પણ વૃક્ષો હોવા બહુ જરૂરી છે ત્યારે આપણે સૌ સાથે મળી વધુમાં વધુ વૃક્ષો વાવી બનાસકાંઠા જિલ્લાને વૃક્ષોથી હર્યોભર્યો લીલોછમ્મ બનાવીએ.

મંત્રીશ્રીએ કહ્યું કે, આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આપણે પ્રતિવર્ષ વન મહોત્સવની ઉજવણી કરીએ છીએ. તેમણે ઉમેર્યુ કે, ભૂતકાળમાં વન મહોત્સવની માત્ર ગાંધીનગરમાં થતી હતી પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલ સાંસ્કૃતિક વનોના નિર્માણની પરંપરાના લીધે છેલ્લા ૧૮ વર્ષમાં રાજ્યમાં ૨૧ જેટલાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ થયું છે. આ વર્ષે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના દૂધરેજ ખાતે નર્મદા કેનાલની બાજુમાં વટેશ્વર વનનું લોકાર્પણ કરીને ૭૩ મા વન મહોત્સવની ઉજવણી કરાવી છે. તેમણે કહ્યું કે, આપણું ગુજરાત વન, રણ અને દરીયાકિનારાની વિશિષ?ટ ભૌગોલિક સ્થિતિ ધરાવતુ રાજ્ય છે. રાજ્યમાં વૃક્ષોની સંખ્યા વધારવા માટે વન વિભાગ દ્વારા દર વર્ષે મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવે છે જેના લીધે વૃક્ષોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે જણાવ્યું કે, વનો અને વન્યજીવ સૃષ?ટિ વિના માનવ જીવન શક્ય નથી એ બાબત આપણે કોરોનાના સમયમાં સારી રીતે સમજી શક્યા છીએ. વૃક્ષો આપણને ઓક્શીજન- પ્રાણવાયુ આપે છે ત્યારે વૃક્ષોને વાવી તેનું બાળકની જેમ જતન કરી ઉછેર કરીએ.

આ પ્રસંગે સંસદ સભ્યશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, વૃક્ષોના જતનને વરેલી આપણી મહાન સંસ્કૃતિમાં વૃક્ષ કાપવું એ પણ પાપ ગણાય છે ત્યારે વૃક્ષો વાવી તેની માવજત કરી ઉછેર કરીએ. તેમણે કહ્યું કે, ભૂતકાળમાં રાજયકક્ષાના વન મહોત્સવની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવતી હતી પરંતુ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન?દ્રભાઈ મોદીએ રાજયકક્ષાના વન મહોત્સવની ઉજવણી રાજયભરમાં વિવિધ જિલ?લાઓમાં કરવાની શરૂઆત કરતાં પ્રજા હવે ઉત?સાહભેર આ કાર્યક્રમમાં સામેલ થાય છે. તેમણે કહ્યું કે ગુજરાતને હરીયાળું બનાવવા રાજય સરકાર ધ્વારા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

રાજય સભાના સાંસદશ્રી દિનેશભાઈ અનાવાડીયાએ જણાવ્યું કે, વૃક્ષો વાવી તેની યોગ્ય માવજત અને જાળવણી કરી ઉછેર કરવામાં આવે ત્યારે જ સાચા અર્થમાં વન મહોત્સવ સાર્થક થશે. તેમણે કહ્યું કે, કોરોનામાં આપણને સૌને પ્રાણવાયુની કિંમત સમજાઈ છે ત્યારે વધુમાં વધુ વૃક્ષો વાવી તેનો ઉછેર કરવો જ પડશે. સરકારી પડતર જમીન પર વૃક્ષો વાવી જિલ્લાને હરીયાળો બનાવવા તેમણે અપીલ કરી હતી. સીડ બોલ બનાવી વૃક્ષારોપણ માટે શ્રેષ?ઠ કામગીરી કરનાર બનાસ ડેરી વતી એમ.ડી. શ્રી સંગ્રામસિંહ ચૌધરી તથા વન સંવર્ધન ક્ષેત્રે વન વિભાગમાં ઉત્કૃષ?ટ કામગીરી કરનારા અધિકારીઓ, કર્મચારીઓનું મંત્રીશ્રીના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં બનાસકાંઠાના નાયબ વન સંરક્ષકશ્રી પી.જે.ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

વન મહોત્સવની ઉજવણી પ્રસંગે ધારાસભ્યશ્રી મહેશભાઈ પટેલ, અગ્રણીશ્રી ગુમાનસિંહ ચૌહાણ, બનાસ મેડીકલ કોલેજના ચેરમેનશ્રી પરથીભાઈ ચૌધરી, ગુજરાત ઈકોલોજી કમિશનના એમ.ડી. શ્રી મહેશસિંઘ, બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ?નીલ ખરે, અગ્રણીઓ સર્વશ્રી ભાવાભાઈ દેસાઈ, શ્રી લાલજીભાઈ પ્રજાપતિ, ફતાભાઈ ધારીયા સહિત વન વિભાગના અધિકારીઓ, સરપંચશ્રીઓ, અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં સી. એલ. પરીખ કોલેજના ઉપક્રમે 'રન ફોર તિરંગા' કાર્યક્રમ યોજાયો

**પાલનપુર,**

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણી અંતર્ગત આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના યજમાન પદે 'રન ફોર તિરંગા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ પ્રેરિત હતો જેમાં રન ફોર તિરંગાને લીલી ઝંડી પાલનપુરના ધારાસભ્ય મહેશ એ. પટેલ અને પાલનપુર નગરપાલિકા પ્રમુખ હેતલબેન રાવલ વગેરેના હસ્તે આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જી.ડી. મોદી વિદ્યાસંકુલની જુદી જુદી કોલેજો ઉપરાંત કર્ણાવતી કેમ્પસ પાલનપુર, આદર્શ કેમ્પસ પાલનપુર, યુ.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વડગામ, લોકનિકેતન રતનપુર કેમ્પસ, અંબાજી આર્ટસ કેમ્પસ, સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ થરાદ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દિયોદર, ડી.એન.પી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસા તથા બનાસકાંઠા જિલ્લાની વિવિધ કોલેજોના ૨૫૦૦થી વધારે વિદ્યાર્થી ભાઈ-બહેનો, અધ્યાપકો ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને નગરજનો જોડાયા હતા. 'રન ફોર તિરંગા'નું પ્રસ્થાન જી.ડી. મોદી વિદ્યાસંકુલ શરૂ થઈને કોઝી વિસ્તાર ઢુંઢિયાવાડી થઈને રેલ્વેબ્રિજ થઈને ગુરુનાનક ચોક પહોચી હતી ત્યાંથી પરત ફરીને ડોકટર હાઉસ, કલેકટર કચેરી, ન્યુ બસ પોર્ટ થઈને એરોમા સર્કલ પાસે પૂર્ણાહુતિ થઈ હતી.

# મોડાસામાં નશામાં ચકચૂર એસઆરપી જવાને વાહનથી બાઈકને ટક્કર મારતા બે યુવક ગંભીર

**ભિલોડા,**

અરવલ્લી જિલ્લ્ના મોડાસા શહેરમાં રાજયકક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાજયકક્ષાની ઉજવણીમાં બંદોબસ્તમાં રહેલા એસઆરપી જવાને નશામાં ચકનાચૂર બની સરકારી વાહન હંકારી જિલ્લા સેવાસદન નજીક બાઈકને અડફેટે લેતા બાઈક સવાર મોડાસાના બે યુવકોને ગંભીર ઈજાઓ પહોચતા સારવાર અર્થે સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાતા ઘટનાનું કવરેજ કરવા ગયેલા પત્રકાર પર અકસ્માત સર્જનાર એસઆરપી જવાને ગડદાપાટુનો માર મારી અપશબ્દો બોલતા ભારે ચકચાર મચી હતી.

મોડાસા શહેરમાં રાજયકક્ષાનો સ્વાતંત્ર પર્વની ઉજવણીના બંદોબસ્તમાં મુકાયેલ એસઆરપી જવાને સરકારી વાહન ભયજનક રીતે હંકારી જિલ્લા પોલીસવડા કચેરી નજીક બાઈકને ટકકર મારતા બે યુવકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઘટનાનું કવરેજ કરવા પહોંચેલા પત્રકારને જોઈ બેકાબુ બની તેમની પર તૂટી પડતા સાથે રહેલા અન્ય એસઆરપી જવાનોએ દારૂના નશામાં ભૂરાંટા બનેલા એસઆરપી જવાનને માંડ માંડ કાબુમાં લીધો હતો. પત્રકાર અને જિલ્લા પોલીસને બેફામ બની અપશબ્દો બોલતા હોસ્પિટલમાં ધમાચકડી મચી હતી. નશાની હાલતમાં એસઆરપી જવાનો પત્રકાર પર હુમલો કરતા મોટી સંખ્યામાં પત્રકારો સાર્વજનિક હોસ્પિટલ દોડી આવ્યા હતા.મોડાસા ટાઉન પોલીસ સાર્વજનિક હોસ્પિટલમાં પહોંચી એસઆરપી જવાન સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દક્ષિણ ગુજરાત



સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો



'હર ઘર તિરંગા ' અભિયાનની અસર રક્ષાબંધનના તહેવાર ઉપર પણવર્તાઈ છે .ભાઈના હાથ ઉપર રાખડી બાંધી પોતાની રક્ષાનુ વચન માંગતી બહેનોએ ,ભાઈને તિરંગો ભેટ આપી પોતાની સાથે માં ભોમની આન ,બાન ,અને શાનની રક્ષા અને ગૌરવ જાળવવાનુ પણ વચન લીધુ હતુ.

# ડાંગ જિલ્લા કક્ષાનો ૭૩મો વન મહોત્સવ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા સુબીર ખાતે યોજાયો

**(ડાંગ માહિતી ): આહવા,** આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ડાંગ જિલ્લાની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા સુબીર ખાતે ૭૩મા વન મહોત્સવની ઉજવણી કરવામા આવી.

૭૩મા જિલ્લા વન મહોત્સવ કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે જણાવ્યુ હતુ કે, જંગલ છે તો ડાંગ જિલ્લાની કિંમત થાય છે. અને આ વન ના કારણે જ ડાંગ સુશોભીત છે. ડાંગ જિલ્લામા જંગલ, નદી, નાળા હોવાથી અહીં પ્રકૃતિને માણવા માટે મોટી સંખ્યામા પ્રવાસીઓ આવે છે. વૃક્ષો ઓક્સીજન અને પ્રાણવાયુ છોડવાનુ કામ કરે છે, વૃક્ષોનુ મહત્વ કેટલુ છે જે આપણને કોરોના સમયે જોયુ છે, આવનાર દિવસોમા સુખ ભોગવવુ હોય તો વૃક્ષોનુ જતન કરવું જોઈએ. જેના કારણે આપણે આવનાર દિવસોમાં બચી શકીશુ. વન ને સાચવવાની જવાબદારી આપણી છે. પ્રજાએ તંત્રની સાથે રહી વન જતન કરવુ જોઈએ.

ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલે ૭૩મો વન મહોત્સવ પ્રસંગે જણાવ્યું કે ડાંગ પ્રાકૃતિક જિલ્લો છે.




અહીં વન પ્રકૃતિ સાથે જીવન સંકળાયેલું છે. ડાંગ જિલ્લો વૃક્ષોથી છવાયેલો છે. ડાંગમાં વનોને કારણે ઓક્સીજન પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે. વૃક્ષોનું જતન કરવું એ આપણા લોકોની જવાબદારી છે. વન છે તો જીવન છે. વન જતન કરવાનો સંકલ્પ કરીએ.

ડાંગ કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ ૭૩ મા વન મહોત્સવ પ્રસંગે જણાવ્યુ હતુ કે ૧૯૫૦ થી વન મહોત્સવ ઉજવતા આવ્યા છે. આપણા ગુજરાતના કનેયાલાલ મુન્શી જયારે વન મંત્રી હતા ત્યારે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ડાંગ જિલ્લો પ્રકૃતિથી સમૃદ્ધ છે. રાજ્યમાં વધુમાં વધુ વૃક્ષો ધરાવતો ડાંગ જિલ્લો છે. ડાંગ જિલ્લામા જળ, જંગલ અને શુદ્ધ વાયુ મળે છે. અહીં પ્રદુષણ મુક્ત હવા છે. જેથી આ જિલ્લો અન્ય જિલ્લા કરતા વિકસિત જિલ્લો છે. અહિંના લોકોની મહેનત, રાજવીઓ, અગ્રણીઓના કારણે વન સુરક્ષિત રાખી શક્યા છે. અહીં જંગલ હોવાના કારણે જ પ્રવાસીઓ મોટી સંખ્યામા મુલાકાત માટે આવે છે.

વન મહોત્સવ કાર્યક્રમમા ઉપસ્થિત મહાનુભાવો મહાનુભાવો દ્વારા લાભાર્થીઓને માલકી યોજના અને વન લક્ષ્મી યોજનાના ચેક વિતરણ કરવામા આવ્યા હતા. ત્યારબાદ ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે વૃક્ષા રોપણ કરવામા આવ્યુ હતુ. મુખ્યમંત્રીશ્રીના જીવિત પ્રસારિત કાર્યક્રમ નિહાળ્યો હતો.

૭૩ મો વન મહોત્સવમા ઉત્તર નાયબ વન સરક્ષક શ્રી દિનેશભાઈ રબારી, દક્ષિણ નાયબ વન સરક્ષક શ્રી પ્રસાદ રવિ રાધાક્રિષ્ના, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એમ. સી. ભુસારા, મદદનીશ વન સરક્ષક શ્રી નિલેશભાઈ પંડ્યા, શ્રી અભિષેક, સુ.શ્રી આરતી ભાભોર, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી બુધુભાઈ કામડી, ભાજપ પાર્ટી અધ્યક્ષ શ્રી દશરથભાઈ પવાર, ભાજપ મહામંત્રી શ્રી રાજુભાઈ ગામિત, સુબીર ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી સોમનાથ એમ. કાગડે, ડાંગ જિલ્લાના વનકર્મીઓ, અન્ય અધિકારી અને પધાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## Movie મસાલા

## શિલ્પા શેટ્ટીને ૬ અઠવાડિયા સુધી કરવો પડશે આરામ

**મુંબઈ,** બોલીવુડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીને એક્શન સીનનું શૂટિંગ કરવું ભારે પડી ગયું છે. આ વાતનો સ્વીકાર શિલ્પા શેટ્ટીએ પોતે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને કર્યો છે. એક્શન સીનના શૂટિંગ દરમિયાન શિલ્પા શેટ્ટીનો પગ તૂટી ગયો છે. તેના ડાબા પગનું હાડકું તૂટી ગયું છે. જે બાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જ્યાં તેના પગ પર પાટો બાંધવામાં આવ્યો છે. હોસ્પિટલમાં વ્હીલચેર પર બેસેલો ફોટો શિલ્પા શેટ્ટીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે અને પોતાના ફેન્સને દુઆઓમાં યાદ રાખવા માટે પણ કહ્યું છે. ઉલ્લેખનીય છે કે, બોલીવુડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીનો થોડા દિવસ પહેલાં જ એક વિડીયો વાયરલ થયો હતો. જેમાં તે રોહિત શેટ્ટીની અપકમિંગ વેબ સિરીઝ 'ઈન્ડિયન પોલીસ ફોર્સ' માટે એક્શન સીન શૂટ કરી રહી હતી. શિલ્પા શેટ્ટીએ ઈન્સ્ટાગ્રામમાં જે ફોટો શેર કર્યો છે, તેમાં તે વ્હીલચેર પર બેસેલી જોવા મળે છે. અને મોઢા પર વિક્ટરી સાઈન સાથે હસી રહી છે. આ ઉપરાંત તેના પગમાં પાટો પણ જોવા મળી રહ્યો છે. અને પાટાવાળો પગ વ્હીલચેરમાં એકદમ સીધો રાખવામાં આવ્યો છે. શિલ્પા શેટ્ટીએ ફોટો શેર કરતાંની સાથે કેપ્શનમાં લખ્યું હતું કે, તેઓએ કહ્યું કે, રોલ કેમેરા એક્શન- પગ તોડો! અને મેં આ વાતને ગંભીરતાથી લઈ લીધી. હવે છ અઠવાડિયા સુધી એક્શનથી આઉટ થઈ ગઈ છું. પણ હું એકદમ સ્ટ્રોંગ અને સારી થઈને પરત ફરીશ. ત્યાં સુધી દુઆઓમાં યાદ રાખજો. પ્રાથના હંમેશા કામ કરે છે. આભાર શિલ્પા શેટ્ટી કુંદ્રા. શિલ્પા શેટ્ટીએ ફોટો શેર કર્યાના થોડા જ કલાકોમાં ૨ લાખથી પણ વધારે લોકો આ તસવીરને લાઈક કરી ચૂક્યા હતા, જ્યારે બે હજારથી પણ વધારે લોકોએ કોમેન્ટ કરી તે ઝડપથી સાજી થઈ જાય તે માટે પ્રાથના કરી હતી. આ કોમેન્ટમાં અનેક સેલિબ્રિટીસે પણ કોમેન્ટ કરતાં ગેટ વેલ સૂન લખ્યું હતું. ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ કોમેન્ટ કરતાં લખ્યું કે, શિલ્પા ઝડપથી ઠીક થઈ જા. એક્ટર આર.માધવને પણ કોમેન્ટ કરતાં લખ્યું હતું કે, ઓયે જેમ્સ બોન્ડનેસ, મહેરબાની કરીને એકદમ શાંતિ રાખ, અને ઝડપથી સાજી થઈ જા. આશા રાખું કે, તે ખુબ ખરાબ ન હોય. સોફી ચૌધરીએ પણ લખ્યુ કે, ગેટ વેલ સૂન સુપરવુમન શિલ્પા. જ્યારે રેપર બાદશાહે લખ્યું કે, અરે યાર. તો નાની બહેન શમિતા શેટ્ટીએ લખ્યું કે, મારી મુનકી ખુબ જ મજબૂત છે.



આઝાદી કા અમૃત મહોત્સવમાં ટેક્ષટાઈલ વેપારીની મુહિમ

# સુરતના ટેક્ષટાઈલ વેપારી સાડીના દરેક બોકસમાં સાડીની સાથે તિરંગો મોકલશે

**અમદાવાદ,** આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સુરત ટેક્ષટાઈલ વેપારી દ્વારા પ્રશંસનીય મુહીમ હાથ ધરવામ આવી છે. સુરત માર્કેટના વેપારીઓ દ્વારા દેશભરમાં ૫ લાખ તિરંગાનું વિતરણ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં સુરત ટેક્ષટાઈલ યુનીટમાં સાડીના દરેક બોકસમાં સાડીનીસાથે તિરંગો મોકલવામાં આવી રહયો છે. એક જ દિવસમાં ૪૦ હજારથી વધુ તિરંગા મોકલાયા છે જે ૧૫ ઓગષ્ટ સુધી શરૂ રાખવામાં આવશે.

દરેક ગામ અને ઘર-ઘર સુધી તિરંગો પહોચે અને લોકો ઘર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી બને તે માટે અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તિરંગા ઉપરાંત સાડીનું બોકસ પણ તિરંગા કલરમાં તૈયાર કરવામાં આવ્યું છે. આઝાદીકા અમૃત મહોત્સવની આનંદના અવસર પરને લઈને તમામ દેશવાસીઓને અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે. ત્યારે શહેરોમાં આસાનીથી રાષ્ટ્રધ્વજ મળી રહે છે પરંતુ ગામડાના મધ્યમ અને શ્રમીક વર્ગના લોકોમાં પણ દેશભાવના વધુને વધુ જાગૃત થાય અને તેમને પણ રાષ્ટ્રધ્વજ મળી રહે તે માટે સુરત ટેક્ષટાઈલ વેપારી દ્વારા આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યોછે. અનોખી દેશભકિતના આ અભિયાનમાં શ્રી ગણેશ કરીને એક જ દિવસમાં ૪૦ હજારથી વધુ તિરંગા મોકલી પણ દેવામાં આવ્યા છે. સ્વતંત્રતા દિવસ નજીક હોવાથી રાષ્ટ્રધ્વજ બનાવવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે.

ટેક્ષટાઈલ યુનીટો દિવસરાત મશીનો ચાલુ રાખી ત્રિરંગો બનાવી રહયા છે. આઝાદી કા અમૃત મહોત્સવને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હર ઘર તિરંગા અભિયાન સુચવવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની શરૂઆત ૧૩ ઓગષ્ટ ૨૦૨૨ સુધી ચાલુ રહેશે જે ભારતનો ૭૫મો સ્વતંત્રતા દિવસ છે. આ અભિયાનને લઈને દેશવાસીઓમાં અનેરો થનગનાટ જોવા મળી રહયો છે.

# હર ઘર તિરંગા અંતર્ગત વરેડીયા ગામે તિરંગા યાત્રા યોજાઈ

**(પ્રતિનિધિ) ભરૂચ,** ૭૫ માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાન હેઠળ ભરુચ શહેર અને જીલ્લામાં ઠેર ઠેર તિરંગા યાત્રા યોજાઈ રહી છે.જેમાં વિવિધ રાજકીય પક્ષો,સરકારી વિભાગો,શૈક્ષણિક સંસ્થાઓ સહિત વિવિધ ધર્મના લોકો જોડાઈ રહ્યા છે.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫ માં વર્ષ નિમિત્તે એક રાષ્ટ્ર તરીકે સામુહિક રીતે ધ્વજને ઘરે લાવવોએ માત્ર તિરંગા સાથેના વ્યક્તિગત જોડાણનું જ નહીં પરંતુ રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાનું મૂર્ત સ્વરૂપ પણ બની જાય છે.આ અભિયાન પાછળનો વિચાર લોકોના હૃદયમાં દેશભક્તિની લાગણી જગાડવાનો અને ભારતીય રાષ્ટ્રધ્વજ વિશે જાગૃતિ લાવવાનો છે.ત્યારે હર ઘર તિરંગા રાષ્ટ્ર વ્યાપી અભિયાન ચાલી





(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

રહ્યું છે.ત્યારે ભરૂચ તાલુકાના વરેડીયા ગામ પણ આ અભિયાનમાં જોડાયું છે.જેના ભાગરૂપે આજરોજ ગામના સરપંચ ફજીલાબેન નઝીરભાઈ દૂધવાલાની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા નીકળી હતી.આ તિરંગા યાત્રામાં લઘુમતી મોરચાના મંત્રી ફેઝલ નઝીરભાઈ દુધવાલા,ગામ પંચાયતના સભ્યો,શાળાના બાળકો અને શિક્ષકગણ,ગામના આગેવાનો તેમજ યંગસ્ટર ગૃપ જોડાયા હતા.

## ઉલ્ટા ચશ્માનો ટપુ હવે ડિજિટલ ડેબ્યુ માટે તૈયાર

**મુંબઈ,** ટીવી એક્ટર રાજ અનડકટે વિવિધ રોલ પ્લે કર્યા છે. તેણે ફેમિલી ડ્રામા, કોમેડી, માયથોલોજિકલ સિરિયલમાં કામ કર્યું છે. હવે તે ફિલ્મ તથા ડિજિટલ પ્લેટફોર્મ પર કામ કરવા માગે છે. તે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં ટપુનો રોલ પ્લે કરે છે. જોકે, ચર્ચા છે કે રાજે આ સિરિયલ છોડી દીધી છે, પરંતુ હજી સુધી સિરિયલના મેકર્સ તથા એક્ટરે આ અંગે પુષ્ટિ કરી નથી. ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તે એક્ટર તરીકે દરેક પ્રકારના રોલ કરવા માગે છે. તે એક જ મીડિયમમાં કામ કરવા માગતો નથી. તેને જે ઓફર્સ આવશે તેમાં બેસ્ટ કરશે. તે બાઉન્ડ્રીમાં કામ કરવા ઈચ્છતો નથી. તે સ્કાય ઈઝ લિમિટમાં માનનારો છે. તે હવે ફિલ્મ ને વેબ સિરીઝમાં કામ કરવા ઉત્સુક છે. રાજને જ્યારે પૂછવામાં આવ્યું કે ડિજિટલ પ્લેટફોર્મ પર મોટાભાગે બોલ્ડ સીન્સ આવતા હોય છે. તો તે પણ આ સીન્સ કરશે? જવાબમાં એક્ટરે કહ્યું હતું કે જો તે બોલ્ડ સીન્સ અથવા ઈન્ટિમેટ સીન્સ ભજવવામાં કમ્ફર્ટેબલ નથી. તેને હજી સુધી આ અંગે વિચાર્યું નથી. તેને ખ્યાલ નથી કે તે તેના પર કેવી પ્રતિક્રિયા આપે. તેણે બોલ્ડ પ્રોજેક્ટ્સ અંગે વિચાર્યું નથી. જો તેને એક્શન કરવાની થશે તો તે આ માટે તૈયાર છે. તેને આ ગમે છે. તે પોતાની ઓનસ્ક્રીન ઈમેજ બદલવા માગે છે. રાજ ડિરેક્ટર રોહિત શેટ્ટી સાથે કામ કરવા માગે છે. તેનું સપનું છે કે તે રોહિત શેટ્ટી સાથે કામ કરે. તેણે રોહિત શેટ્ટીની ફિલ્મ્સ એકથી વધુ વાર જોઈ છે. તે જ્યારે પણ અવોર્ડ ફંક્શનમાં રોહિત શેટ્ટીને મળે ત્યારે તે તેમની સાથે વાત પણ કરવાની હિંમત કરી શકતો નથી. રાજે એમ પણ કહ્યું હતું કે તે 'ખતરો કે ખિલાડી'માં કામ કરવા તૈયાર છે. જો તેને આ શો ઓફર થયો તો તે તેમાં કામ કરવા તૈયાર છે. આવતા વર્ષે તે આ શોમાં કામ કરવા તૈયાર છે. શરૂઆતમાં તેણે સ્વાસ્થ્ય પર ધ્યાન આપ્યું નહોતું. તે હાલમાં જીમ જાય છે. રાજે વધુમાં ઉમેર્યું હતું કે તે હાલમાં શું જમે છે તેના પર ફોકસ કરે છે. તેણે પર્સનલ ટ્રેનર પણ રાખ્યો છે. તેણે ડાયટ પ્લાન બનાવીને આપ્યો છે અને તે રેગ્યુલર આ ફોલો કરે છે. જોકે, જ્યારે તે ટ્રાવેલિંગ કરતો હોય છે ત્યારે ડાયટ પ્લાન ફોલો કરી શકાતો નથી. તે રજાઓમાં ક્યારેય કેલરીની ગણતરી કરતો નથી. હાલમાં તે કાર્બ્સ ઓછા લે છે.



કાળીડુંગરી સીઆરસીની સિમોડા ફ.

# કાળી ડુંગરી પ્રા શાળામાં દાતાઓ દ્વારા શૈક્ષણીક કિટનુ વિતરણ



(તસ્વીરઃ મઝહરઅલી મકરાણી, દેવગઢબારીઆ)

**(પ્રતિનિધિ) દેવગઢબારીઆ,** તા.૮/૮/૨૦૨૨ને સોમવાર ના રોજ સિમોડા ફ કાળીડુંગરી પ્રા શાળામાં બાળકોને અભ્યાસ અર્થે શાળાના આ.શિ.શ્રી પરમાર દિનેશચંદ્ર એલ ના નાનકડા પ્રયાસ થી દાતાઓ પાસેથી દાન મેળવી બાળકોને શૈક્ષણીક કિટ આપવામા આવી.નેહલ ખોડલવાળા, નરેન્દ્રભાઈ બામણીયા ,કૌશિકકુમાર વર્મા, પ્રવિણભાઈ પરમાર તથા નિકુંજભાઈ સોની તરફથી દરેક બાળકોને ૧ જોડી યુનિફોર્મ, સ્કૂલબેગ, બૂટ, નોટબુક, સ્લેટ, સ્લેટ પેન, પેન્સિલ, કંપાસ પેટી,બોલપેન જેવી વસ્તુઓનુ વિતરણ કરવામા આવ્યુ. આ કાર્યક્રમમા કાળીડુંગરીના સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી અમરસિંહ જી વણઝારા, પે સેન્ટરના આચાર્ય શ્રી અશ્વિનસિંહ એસ ઠાકોર, જદ્રષ્ઠ અધ્યક્ષ, જદ્રષ્ઠ સભ્યો તથા વાલીઓ હાજર રહ્યા હતા.શાળાના આચાર્ય અલ્કેશભાઈ બી બારીઆ દ્વારા દાન આપનાર દાતાઓનો તથા કાર્યક્રમમા ઉપસ્થિત મહેમાનોનો આભાર માનવામાં આવ્યો હતો કાર્યક્રમનુ સમગ્ર સંચાલન પરમાર દિનેશચંદ્ર એલ દ્વારા કરવામા આવ્યુ હતું.


# સંતરામપુરમાં તસ્કરો પુનઃ સક્રિય થતાં ભયનો માહોલ

**(પ્રતિનિધિ) સંતરામપુર,** સંતરામપુર નગરપાલિકા વિસ્તાર માં તાજેતરમાં એક જ રાત માં ચાર બંધ ધરો ના તાળાં તોડી ને તસકરો ચોરી કરી ફરાર થઈ ગયેલ ને સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાયેલી જોવા મળે છે.

સંતરામપુર નગરમાં આ અગાઉ થયેલ અનેક ચોરી ઓ નો ભેદ સથાનિક પોલીસ દવારા ઊકેલાયેલ નથી કે તસકરો ને પકડી શકેલ નથી. ત્યાં વળી નગરમાં પુનઁ તસકરો એ તેમનો ચોરી નો કસબ અજમાવવાનું શરું કરતાં નગરમાં ભય નો માહોલ જોવા મળે છે. ને સ્થાનીક પોલીસ તંત્ર ની નિષફળતા ને ચોરીઓનો ભેદ ઉકેલવા માં પોલીસ નિષફળ નીવડેલ હોઈ પોલીસ ની કામગીરી નબળી જોવાય છે ને ટીકાને પાત્ર બનેલ છે.

સંતરામપુર નગરપાલિકા વિસ્તાર માં થયેલ તમામ ચોરીઓનો ભેદ ઉકેલાય અને ધરફોડચોરી કરનારા તસકરો ને શોધી પકડે ને રાત્રી પોલીસ પ્રેટોલીંગ સખ્ત બનાવે તેવી માંગ ઉઠી છે.

## મધ્ય ગુજરાત



ખેડા, આણંદ, વડોદરા, જીલ્લાના સમાચારો



સંતરામપુર વિશ્વહિંદુ પરિષદ અને બજરંગ દળ અને આરએસએસ ના કાર્યકરો દવારા આજરોજ રક્ષાબંધન પર્વ પ્રસંગે સંતરામપુર પોલીસ સ્ટેશન માં પોલીસ સ્ટાફ ને રક્ષા બાંધીને પર્વ ની ઉત્સાહભેર ઊજવણી કરવામાં આવી હતી. ( તસવીર. ઈન્દ્રવદન વ પરીખ .સંતરામપુર )

# વડોદરાની વિશ્વામિત્રી નદીમાંથી ૧૧ ફૂટ લાંબા મગરનો મૃતદેહમળી આવ્યો

**વડોદરા,** અસંખ્ય મગરોના સલામત વસવાટ ધરાવતી વડોદરાની વિશ્વામીત્રી નદીમાંથી ૧૧ ફૂટના વિશાળ મગરનો મૃતદેહ મળી આવ્યો હતો. વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં જામવાડી પાસેથી પસાર થતી નદીમાં મગરનો મૃતદેહ તરતો જણાઈ આવતાં વનવિભાગ અને અગ્નિશમન દળનાલશ્કરોના ભારે જહેમત બાદ આ મૃતદેહને બહાર કાઢયો હતો.

વડોદરાના મધ્યમાંથી પસાર થતી વિશ્વામીત્રી નદીમાં આજે એક મહાકાય મગરનો મૃતદેહ નદીમાં વહેતો જોવા મળ્યો હતો. જેની જાણ થતા વનવિભાગ ના અધિકારીઓ ઘટના સ્થળે પહોચી ગયા હતા. જયાં વનવિભાગ દ્વારા મગર જે જગ્યાએ દેખાયો હતો. ત્યાં પહોચી તપાસ શરૂ કરી હતી. તપાસકરતા મગર મૃત હોવાની જાણ થતા તેમના દ્વારા ફાયરવિભાગને જાણ કરવામાં આવી હતી.

ત્યારબાદ બંને ટીમો દ્વારા સયાજીગંજ જામવાડી વિસ્તારમાં વિશ્વામીત્રીના કાંઠા પરથી મૃતદેહનો બહાર કાઢ્વામાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયાં તેમના દ્વારા દોરી તેમજ અન્ય સાધનોની મદદથી મગરના મૃતદેહને નદીના કિનારા સુધી લાવવામાં આવ્યો હતો.

આ મગર પુખ્ત વયનો તેમજ મહાકાય હોવાથી તેને બહાર કાઢવામાં કલાકોની જહેમત ઉઠાવવી પડી હતી.

મગરનો વજન વધુ હોવાથી મૃતદેહને બહાર કાઢવામાં વન વિભાગ અને ફાયર વિભાગના અધિકારીઓને ભારે મુશ્કેલીઓ સામનો કરવો પડયો હતો. જેથી આસપાસના લોકો પણ મદદે દોડી આવ્યા હતા. આસપાસના દોરડા વડે ઢસેડીને મગરના મૃતદેહને બહાર ગાડી સુધી લાવવામાં આવ્યો હતો. કલાકોની ભારે જહેમત બાદ મગરને બહાર કાઢી તેના મૃતદહેન પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

# વડોદરામાં ભાગીદારે જ ૧.૯૧ કરોડનો ચુનો ચોપડયો

**વડોદરા,** વડોદરાના અક્ષર ચોક વિસ્તારમાં કાર્યરત થીન્ક ટેન્ક યુનિવર્સલ કંપનીમાં ત્રણ મહીના અગાઉ ભાગીદાર તરીકે એન્ટ્રી લેનાર ભાગીદારે રૂપિયા ૧.૯૧ કરોડની છેતરપિડી કરી હોવાની વડોદરાના જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી છે.

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલા નટરાજ ટાઉનશીપમાં રહેતા સુનીલ દત્તુભાઈ ભાલેકરની અક્ષર ચોક ખાતે આવેલ સિગ્નેટ હબ ખાતે થીન્ક ટેન્ક યુનિવસીલ નામનીઓફીસ કાર્યરત છે. ત્રણ મહીના અગાઉ તેમના મિત્ર મુકેશ રોય થકી વડસર વિસ્તારમાં આવેલડ્રીમ આત્માના ખાતે રહેતા રોનક પ્રવીણભાઈ પટેલ સુનીલ ભાલેકરની સાથે ધંધામાં જોડાયા હતા. ગત મે મહીનાથી તારીખ ૨૧મીએ સુનીલ ભાલેકરન અને રોનક પટેલ વચ્ચે ભાગીદારી કરાર થયા હતા. તેઓએ સોફટવેર કન્સલ્ટીગ થીન્ક ટેન્ક યુનિવસીલ નામથી ભાગીદારી પેઢી ઉભી કરી હતી. જેમાં બંને ભાગીદારોની સંમતીથી પૈસાની લેવડદેવડ થતી હતી. આ દરમ્યાન ગ્લોકેક્ષ કોર્પોરેશન નામની કંપની તરફથી સોફટવેર કન્સલન્ટગની ઓર્ડર મળ્યો હતો જેની ૨.૮૯ કરોડ એડવાન્સ પેટે જણા થયા હતા. જે તેમના બેક ખાતામાં જમા થયા હતા. ૨૯મી જુલાઈ ના રોડ ડીબીએસ બેકના એકાઉન્ટમાંથી ૧.૬૫ કરોડ તથા એક્ષીસના એકાઉન્ટમાંથી ૨૬.૫૦ લાખ મળી કુલ ૧.૯૧ કરોડ રોનક પ્રવીણભાઈ પટેલે તેમના પર્સનલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા.

### જામનગર : ૭ જુગાર દરોડામાં ૩૫ પકડાયા

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં શ્રાવણી જુગાર પુરબહારમાં ધમધમતો થયો છે ત્યારે બીજી બાજુ પોલીસ વિભાગ દ્વારા ઠેર ઠેર દરોડા પાડી જુગારીઓને ઝડપી લેવા દરોડાની દોર આરંભવામાં આવ્યો છે. વધુ સાત સ્થળો ઉપર પોલીસે દરોડો પાડી બે મહિલા સહિત ૩૫ શખ્સોને રોકડ, મોબાઈલ વાહન સહિત કુલ રૂ.૧.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

## સોનમ કપૂરને કારણે અર્જુન કપૂરે ખાધો છે માર

**મુંબઈ,** કરણ જોહરના ચેટ શૉ કોફી વિથ કરણની અત્યારે સાતમી સિઝન ચાલી રહી છે. મેકર્સે અપકમિંગ એપિસોડનો પ્રોમો રીલિઝ કર્યો છે. આગામી એપિસોડમાં સોનમ કપૂર અને અર્જુન કપૂર કરણ જોહરના મહેમાન બનવાના છે. પ્રોમોમાં જ જોઈ શકાય છે કે સોનમ અને અર્જુન એકબીજા વિશે રસપ્રદ ખુલાસા કરી રહ્યા છે. આટલુ જ નહીં અર્જુન કપૂર મલાઈકા અરોરા વિશે પણ ખુલીને વાત કરતો જોવા મળ્યો છે. રક્ષાબંધનનો સમય છે ત્યારે ભાઈ-બહેનની આ જોડીને સાથે જોવા માટે ફેન્સ આતુર છે. અર્જુન કપૂર માટે કહેવામાં આવે છે કે તે બોલિવૂડનો સૌથી સારો ભાઈ છે. જે અંશુલા, જાહ્નવી અને ખુશીનું તો ધ્યાન રાખે જ છે, કપૂર પરિવારની અન્ય બહેનોની સાથે પણ તે હંમેશા ઉભો હોય છે. કરણ જોહરના શૉ દરમિયાન અર્જુન કપૂરે ખુલાસો કર્યો કે સોનમ કપૂરને કારણે એકવાર તેને સ્કૂલમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. વાસ્તવમાં સોનમ કપૂરે અર્જુન કપૂરને જણાવ્યુ હતું કે બાલ્કેટબોલ કોર્ટમાં અમુક છોકરા તેને હેરાન કરી રહ્યા છે. અર્જુન આ ઘટના યાદ કરતાં કહે છે કે, હું તે લોકો પાસે ગયો અને કહ્યું કે તમે મારી બહેન સાથે આ પ્રકારે વાત કેવી રીતે કરી શકો છો. મને યાદ છે કે તે શાહરુખ ખાનની ફિલ્મ જોશના સીન જેવી સ્થિતિ હતી, જ્યાં બે ગેંગ એકબીજા સાથે લડવા તૈયાર હતી. તેમણે મને આંખ પર પંચ માર્યો હતો. પણ સ્કૂલમાંથી મને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો કારણકે મેં તેમને અબ્યુઝ કર્યા હતા. આ સિવાય પ્રોમોમાં જોઈ શકાય છે કે સોનમ કપૂર પોતાના ભાઈઓ વિશે ચોંકાવનારો ખુલાસો કરી રહી છે. અર્જુન કહે છે કે, મને લાગી રહ્યું છે કે મને અહીં સોનમ કપૂરથી ટ્રોલ કરવા માટે બોલાવવામાં આવ્યો છે. આ સિવાય સોનમ કપૂર જ્યારે રણબીર કપૂરની વાત કરી રહી હતી તેણે કહ્યું કે રણબીરની અપકમિંગ ફિલ્મનું નામ શિવા નંબર ૧ છે.

# ઘરફોડ ચોરીનો આરોપી મુદ્દામાલ સાથે ઝડપાયો

**(પ્રતિનિધિ) નડિયાદ,** પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.બાજપાઈ સાહેબ નાઓએ નડિયાદ શહેરમાં બનતા મિલ્કત સબંધી ગુના અટકાવવા તેમજ તાજેતરમાં સી.આર.સન્સ પેટ્રોલ પંપમાં થયેલ ઘરફોડ ચોરીના આરોપીને શોધી કાઢવા સારુ કરેલ સુચના હેઠળ નડિયાદ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી.ચૌહાણ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સબ.ઈન્સ વી.એ.શાહ તથા સ્ટાફના માણસોએ સદર ગુનાના સી.સી.ટી.વી ફુટેજ મેળવી ફુટેજમાં દેખાતા ઈસમને અંગત બાતમીદારોને બતાવી આરોપી તથા ચોર મુદ્દામાલને શોધવા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હેડકો પ્રવિણસિંહ તથા અજીતસિંહ નાઓને તેઓના સંયુકત બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે સી.આર.સન્સ પેટ્રોલપંપ માંથી રોકડ રૂપિયાની ચોરી કરનાર



(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

રોહિતભાઈ જશુભાઈ તળપદા રહે . નડિયાદ મીલ રોડ માહિતી ભવન સામે ખાડ વાઘરીવાસમાં તા.નડિયાદ જી.ખેડા . નાઓ મીલ રોડ માહિતી ભવન પાસે આવનાર છે . અને તેણે શરીરે સફેદ વાદળી કલરની આખી બાયની ટી શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પહેરેલ છે . જે બાતમી આધારે સદર ઈસમને માહિતી ભવન પાસેથી પકડી ઉપરોકત ગુના સબંધે યુકતિપ્રયુકતિથી પુછપરછ કરતા આજથી ૩ દિવસ પહેલા સી.આર.સન્સ પેટ્રોલપંપની કેસ કાઉન્ટર ઓફીસની બારીનો કાચ તોડી બારીમાંથી ઓફિસમાં પ્રવેશ કરી ટેબલના ખાનાનું લોક તોડી ખાનામાં મુકેલ રોકડ રૂ . ૧,૯૪,૦૦૦ ની ચોરી કરેલાની કબુલાત કરતો હોય . જેથી સદર આરોપી પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ રોકડ રૂ . ૧,૬૫,૦૦૦ /- નો ચોર મુદ્દામાલ રીકવર કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે .

# 'સ્વરાજ- ભારત કે સ્વતંત્ર સંગ્રામ કી સમગ્ર ગાથા' – ૭૫ એપિસોડનો મેગા શો દૂરદર્શન પર

'સ્વરાજ- ભારત કે સ્વતંત્રતા સંગ્રામ કી સમગ્ર ગાથા', ૭૫-એપિસોડનો મેગા શો ૧૪મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ થી ઢ્ઢ નેશનલ પર રવિવારે રાત્રે ૯ થી ૧૦ વાગ્યા સુધી પ્રસારિત કરવામાં આવશે અને તેનું મંગળવાર, ગુરુવાર, શનિવાર અને રવિવારે પુનઃપ્રસારણ થશે. આ એપિસેડ્સ પ્રાદેશિક ભાષાઓ ગુજરાતી, તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, મરાઠી, બંગાળી, ઓડિયા, આસામી ભાષામાં દૂરદર્શનના પ્રાદેશિક નેટવર્ક પર પણ પ્રસારિત થશે. તેને અંગ્રેજીમાં પણ ડબ કરવામાં આવી રહી છે.

આ અંગ અમદાવાદમાં એક પત્રકાર પરિષદ યોજાઈ હતી, જેને પીઆઈબી ગુજરાત રીજનના અપર મહાનિદેશક શ્રી પ્રકાશ મગદૂમ, દૂરદર્શનના સ્ટેશન હેડ શ્રી સત્યજીત દાસ, પ્રોગ્રામ હેડ શ્રી નટવર ડામોર તથા સમાચાર વિભાગના ડેપ્યુટી ડાયરેકટર શ્રી ઉત્સવ પરમારે સંબોધિને સીરીયલના વિવિધ પાસાઓ અંગે માહિતી આપી હતી.

'સ્વરાજ' સીરીયલ ૫મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ દ્વારા આકાશવાણી ભવનમાં એક કાર્યક્રમમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી. અનુરાગ સિંહ ઠાકુર અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજય મંત્રી ડૉ. એલ. મુરુગનની હાજરીમાં લોન્ચ કરવામાં આવી હતી. તેનાં ઓડિયો વર્ઝન શનિવારે સવારે ૧૧ વાગ્યાથી ઓલ ઈન્ડિયા રેડિયો નેટવર્ક પર પ્રસારિત થશે. સિરીયલ પાછળનો વિચાર ભારતની 'સ્વરાજ' માટેની શોધના ઓડિયો-વિઝ્યુઅલ ઈતિહાસને રિપ્રોડ્યુસ કરવાનો છે. ફોટોગ્રાફ્સ, ફિલ્મો, મૌખિક ઈતિહાસ, અંગત સંસ્મરણો, આત્મકથાઓ, જીવનચરિત્રો, બહુભાષી પ્રાદેશિક સાહિત્યનો ભંડાર મોટે ભાગે સંશોધન વિનાનો રહે છે અને મોટાભાગે જાહેર ચેતનાથી ગેરહાજર હોય છે. આવા મુદ્દાઓ, ચિહ્નો, ઘટનાઓ, સંગઠનોની ઓડિયો-વિઝ્યુઅલ રજૂઆતો 'સ્વરાજ માટે શોધ' ના આ વિશાળ વ્યાપક માળખામાં બનાવવામાં આવશે અને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનની ૭૫ એપિસોડ સિરિયલના રૂપમાં લોકો સમક્ષ રજૂ કરવામાં આવશે.

આ સીરીયલમાં ૧૫મી સદીથી જ્યારે વાસ્કો-દ-ગામા ભારતમાં ઉતર્યો ત્યારથી લઈને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ગૌરવશાળી ઈતિહાસને દર્શાવે છે. આ સીરીયલ ભારતીય ઈતિહાસના અનેક પાસાઓને દર્શાવશે જેમાં સ્વાતંત્ર્ય સંગ્રામના ઓછા જાણીતા નાયકોના જીવન અને બલિદાનને દર્શાવવામાં આવશે.

# આઇકેડીઆરસી AUFI મહિલાઓની સારવાર માટે ગર્ભાશય પ્રત્યારોપણ શરૂ કરશે

**અમદાવાદ,**

દેશમાં સ્ત્રી પ્રજનન આરોગ્ય સેવામાં નવી સીમાઓ ખોલતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (આઈકેડીઆરસી) એ શનિવારે એબ્સ્યુલુટ યુટ્રીન ફેક્ટર ઈનફર્ટિલિટી (AUFI) સ્થિતિની સારવાર માટે ગર્ભાશય પ્રત્યારોપણ પ્રક્રિયાની જાહેરાત કરી. આ જાહેરાત સાથે, આઈકેડીઆરસી ભારતની પ્રથમ જાહેર ક્ષેત્રની આરોગ્યસંભાળ સુવિધા બની છે, જે ગર્ભાશય ટ્રાન્સપ્લાન્ટ ઓફર કરે છે, જે AUFIને કારણે ગર્ભધારણ કરવામાં અસમર્થ સેંકડો મહિલાઓ માટે આશાનું કિરણ બની રહેશે.

આઈકેડીઆરસી-આઈટીએસના ડિરેક્ટર ડૉ. વિનીત મિશ્રાએ જણાવ્યું, "આઈકેડીઆરસી (કિડની હોસ્પિટલ) ખાતે ગર્ભાશય પ્રત્યારોપણ એ છે UFI સ્થિતિ ધરાવતી સ્ત્રીઓ માટે એક વરદાન રૂપે આવ્યું છે જેમને

સામાજિક અને વ્યવહારિક પ્રસંગોમાં સગા સંબંધી દ્વારા કરવામાં આવતી સતત પૃચ્છા થી અત્યંત ત્રાસદાયક અનુભવમાંથી પસાર થવુ પડે છે અને સાથે સાથે બાળક પેદા ન કરવા માટે ભાવનાત્મક તણાવની પીડા સહવી પડે છે. ડૉ. મિશ્રાના જણાવ્યા અનુસાર, સંસ્થા શરૂઆતમાં ફક્ત જીવંત સંબંધિત ટ્રાન્સપ્લાન્ટને પ્રોત્સાહિત કરશે, જેમાં છે સ્થિતિ ધરાવતી સ્ત્રીના નિકટના સંબંધીઓ તેમની પોતાની મરજીથી ભાગ લઈ શકશે. ગર્ભાશયના દાતાઓ, આદર્શ રીતે, તંદુરસ્ત ગર્ભાશય સાથે ૩૦-૬૦ વર્ષની વય જૂથના હોવા જોઈએ.

# 'હર ઘર તિરંગા અભિયાન' હેઠળ સ્કાઉટ અને ગાઈડ દ્વારા બાઈક રેલીનું આયોજન



**અમદાવાદ,**

સ્વતંત્રતાના ૭૫ વર્ષ પુરા થવાના ઉપલક્ષ્યમાં હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે, મંડલ રેલ પ્રબંધક કચેરી, અમદાવાદથી સ્કાઉટ અને ગાઈડ દ્વારા એક બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેને મંડલ રેલ પ્રબંધક તરૂણ જૈન દ્વારા પ્રસ્થાન સંકેત બતાવીને રવાના કરવામાં આવી. આ બાઈક રેલી ૧૩ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી અમદાવાદ મંડલની તમામ રેલવે કોલોનીઓમાં જશે અને એ સુનિશ્ચિત કરશે કે આ દરમિયાન તમામ ઘરોમાં તિરંગો લગાવવામાં આવે. આ કાર્યક્રમ ભારત સરકારની એક પહેલ 'હર ઘર તિરંગા' વિશે જાગૃતિ ફેલાવવા માટે અખિલ ભારતીય આઝાદીનો અમૃત મહોત્સવની નિરંતરતામાં આયોજિત કરવામાં આવ્યો. સ્વતંત્રતાના ૭૫ વર્ષ પૂરા થવાના ઉપલક્ષ્યમાં અને આપણા લોકોના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ અને ઉપલબ્ધિનો ઉત્સવ મનાવવા માટે દેશના તમામ ભાગોમાં સમારોહ આયોજિત કરવામાં આવી રહ્યા છે. આ રીતે આ પહેલ રાષ્ટ્ર ધ્વજની સાથે નાગરિકોનું વ્યક્તિગત જોડાણ બનાવવામાં પણ મદદ કરે છે.


**નામ બદલેલ છે**

મે મારૂ નામ **શેખ ફુરકાનએહમદ એઝાઝએહમદ** હતું જે બદલીને **અન્સારી ફુરકાનએહમદ એઝાઝએહમદ** કરેલ છે.
**સરનામું :** ૧૬૧૯, દલાલ બીલ્ડીંગ પાસે, નાગોરીવાડ, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
2038A

**નામ બદલેલ છે**

મે મારૂ નામ **શેખ શેહનાઝબાનુ ફુરકાનએહમદ** હતું જે બદલીને **અન્સારી શેહનાઝબાનુ ફુરકાનએહમદ** કરેલ છે.
**સરનામું :** ૧૬૧૯, દલાલ બીલ્ડીંગ પાસે, નાગોરીવાડ, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
2038

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**સિગ્નલ અને ટેલીકોમ્યુનિકેશન વિભાગ"ઈ"-ટેન્ડર નોટીસ - સિગ્નલીંગ કાર્ય**

**ટેન્ડર નં.:** - EPC_BRC_Co-ord_ SnT_01 **તા. 08.08.2022. વિભાગઃ** સિગ્નલ અને ટેલિકોમ, **કાર્યપાલકઃ** સિનિ. ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (કો.ઓ.), પ્રતાપનગર, વડોદરા ડિવિઝન **કામ અને સ્થળઃ** પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના ગોઠણગામ અને પાનોલી સ્ટેશન ખાતે મલ્ટી સેક્શન ડિજિટલ એક્ષલ કાઉન્ટર (MSDAC) ઇક્વિપમેન્ટની ડિઝાઈન, આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમીશનીંગનું કામ. **કામની અંદાજીત પડતરઃ** ₹ 6.59 કરોડ, **ટેન્ડર ફોર્મની પડતરઃ** શૂન્ય, **ઓફિસની વિગતો જ્યાં ઇ-ટેન્ડર ખોલાશેઃ** સિનિ.ડીએસટીઈ/(કોઓ)/બીઆરસી બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડિવિઝનલ રેલવે મેનેજરની કચેરી, પ્રતાપનગર, વડોદરા-390004. **અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ₹ 4,79,500/- **પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 12 મહિના, **ઓફરની માન્યતાઃ** ખોલવાની તારીખથી, 180 દિવસ. **ઈ-ટેન્ડરનો પ્રકારઃ** ઓપન ઇ-ટેન્ડર, સિંગલ સ્ટેજ બે પેકેટ સિસ્ટમ, **પ્રિ-બિડ કોન્ફરન્સની તારીખ અને સમયઃ** 02.09.2022 (11.00 કલાકે ભારતીય સમય) **2જી પ્રિ-બિડ કોન્ફરન્સની તારીખ અને સમયઃ** 22.09.2022 (11.00 કલાકે ભારતીય સમય) **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** 06.12.2022 (15.00 કલાકે ભારતીય સમય) **આરએફપી (રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ) ની કલમ નં.** 2.11.2 **માં સૂચિત તમામ દસ્તાવેજોનું ભૌતિક સબમીશનઃ** 12.12.2022 (15.00 કલાકે ભારતીય સમય) ટેન્ડર વેબસાઈટ http://www.ireps.gov.in. પર જોઈ શકાશે. 98

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**ચેઈન ગાઈડ કેરિયરનું પ્રોક્યુરમેન્ટ**

**ચીફ એન્જિનિયર (સીપીઓએચ) એડીઆઈની ઓફિસ ઈ-ટેન્ડર નોટીસ નં. 15, 2022-23 તારીખ 06.08.2022 કાર્યનું નામઃ** સીપીઓએચ એડીઆઈ ખાતે બીસીએમ મશીનોના પીઓએચ માટે ચેઈન ગાઈડ કેરિયર (ઊર્ધ્વગામી બાજુ)ના પ્લાસ્સર પાર્ટ નં. 64.08.1000.200 ના પ્રોક્યુરમેન્ટનું કામ. **ટેન્ડર નં.: CECPOHADI-2022-23-12 એનઆઈટીની અંદાજિત પડતર :** ₹ 54,87,000.00, **ઈએમડી પડતર ₹ માં :** ₹ 1,09,740.00, **ટેન્ડર બંધ થવાની તારીખ** 05.09.2022 ના 11.00 કલાકે. **ટેન્ડર ખુલવાની તારીખ** 05.09.2022 ના 11.15 કલાકે. **IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ :** 06.08.2022 **IREPS સરનામુઃ** www.ireps.gov.in 103

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરીંગ કામ**

**(એન્જિનિયરીંગ વિભાગ) ઈ-ટેન્ડર નોટીસ નં. 14 of 2022-2023 તારીખ 08.08.2022 ક્ર. નં.** (01) **ઈ-ટેન્ડર નં. : DRM-ADI-69-2022-23 કાર્યનું નામઃ** ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ બે વર્ષ માટે એન્જિનિયરીંગ ગેટ્સના મિકેનિકલ ટાઈપ લિફ્ટીંગ બેરીઅરના નિભાવનું કામ. **અંદાજિત પડતર :** ₹ 16,68,206.83 **અર્નેસ્ટ મનીઃ** ₹ 33,400.00 (02) **ઈ-ટેન્ડર નં. : DRM-ADI-70-2022-23 કાર્યનું નામઃ** ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ કોમન ટોઈલેટની જોગવાઈનું સતુંલન કામ અને કટાયેલી પાઈપ લાઈનના સમારકામનું કામ. **અંદાજિત પડતર :** ₹ 2,07,26,707.95 **અર્નેસ્ટ મનીઃ** ₹ 2,53,600.00 (03) **ઈ-ટેન્ડર નં. : DRM-ADI-71-2022-23 કાર્યનું નામઃ** ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદના અધિકારક્ષેત્રમાં વિવિધ સ્થળોએ પીવાના પાણીના ક્લોરિનેશનનું કામ. **અંદાજિત પડતર :** ₹ 18,94,128.84 **અર્નેસ્ટ મનીઃ** ₹ 37,900.00 **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ તારીખઃ** 06.09.2022 **સમયઃ** 15.00 **કલાકે. કાર્યાલયનું સરનામુ :** સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (સંકલન), અમદાવાદ, ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રીજની પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ** www.ireps.gov.in 105

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**Corrigendum to the Financial Result June 2022**

This is in furtherance to our Financial Result for the June 2022 dated 11th August, 2022 published in western times English and Gujarati edition in this regard Please consider total income from operation for the year ended 31.03.2022 Audited figure is 3118.4 at the last Column first raw which is wrongly published by 13118.4.

Minaxi Textiles
Managing Director

**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.**

**-જાહેરખબર મેનેજર**

**KHYATI MULTIMEDIA ENTERTAINMENT LIMITED**

CIN: L92199GJ1995PLC024284
Reg. Office: 100, Chinubhai Towers, 1st Floor, Opp: Handloom House, Ashram Road, Navrangpura, Ahmedabad 380009 Gujarat India Ph: 079-26584335-26582983
E-mail: khyatimulti@gmail.com Website: www.khyatimultimedia.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON JUNE 30, 2022** (Rs. in Lakhs)

| Sr. No | Particulars | Quarter Ended 30/06/2022 (Unaudited) | Quarter Ended 30/06/2021 (Unaudited) | Year Ended 31/03/2022 (Audited) |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 1.00 | 0.77 | 23.59 |
| 2 | Net Profit/(Loss) for the period (before exceptional Items, extraordinary items & tax) | (2.57) | (2.69) | (8.37) |
| 3 | Net Profit/ (Loss) for the period before tax (after exceptional Items and extraordinary items) | (2.57) | (2.69) | (8.37) |
| 4 | Net Profit/ (Loss) for the period after tax (after exceptional Items and extraordinary items) | (2.57) | (2.69) | (8.37) |
| 5 | Equity Share Capital (Face value of Rs.10/- each) | 1,080.02 | 1,080.02 | 1,080.02 |
| 6 | Reserve excluding revaluation reserves as per balance sheet of previous accounting year | - | - | |
| 7 | Earning Per Share (EPS) (before extraordinary items)(of Rs.10/- each)(not annualized) | (0.02) | (0.02) | (0.08) |
| 8 | Earning Per Share (EPS) (after extraordinary items)(of Rs.10/- each)(not annualized) | (0.02) | (0.02) | (0.08) |

Notes:(1) The above Financial Results have been reviewed and recommended for adoption by Audit Committee and were taken on record by the Board of Directors at their meeting held on August 13,2022.(2) Figures for the previous periods have been re-grouped/ re-classified where necessary. (3) The full format of Quarterly /Half yearly Results of the Company are available on the website of BSE Ltd (www.bseindia.com) and on Company's website (www.khyatimultimedia.com)

By Order of the Board of Directors
For, KHYATI MULTIMEDIA ENTERTAINMENT LIMITED
**KARTIK J PATEL,**
Managing Director, (DIN NO : 00047862)

Date : 13/08/2022
Place : Ahmedabad

**CEEJAY FINANCE LIMITED** CIN : L65910GJ1993PLC019090

**Regd. Office :** C. J. House, Mota Pore, Nadiad - 387001, Telephone: 02682562633
**Website:** www.ceejayfinance.com, **E-mail:** shaileshbharvad@ceejayfinance.com
**Corp. Office :** 9th floor, Abhijeet II, Mithakhali six Road, Ellisbridge, Ahmedabad - 380006.

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2022**

(Rs. In Lakhs except per share data)

| Particulars | Quarter Ended | | Year Ended |
|---|---|---|---|
| | 30.06.2022 Unaudited | 30.06.2021 Unaudited | 31.03.2022 Audited |
| Total income from operations (net) | 505.87 | 392.25 | 1795.75 |
| Profit before exceptional and extraordinary item | 232.00 | 197.59 | 694.37 |
| Profit before tax after exceptional and extraordinary item | 232.00 | 197.59 | 694.37 |
| Profit after tax after exceptional and extraordinary item | 174.68 | 149.47 | 497.25 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 172.89 | 152.36 | 503.63 |
| Equity Share Capital | 345.00 | 345.00 | 345.00 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in Audited Balance Sheet of previous year | - | - | 5334.23 |
| Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | 5.06 | 4.33 | 14.41 |

**NOTES :-**

01. The above is an extract of the detailed format of the Financial Results for the Quarter ended 30th June, 2022 filed with the Stock Exchange under regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations,2015 The full format of the said Financial Results are available on the website of the Company and stock exchange website at www.bseindia.com.

For, **Ceejay Finance Limited**
**Sd/- Deepak Patel**
**Managing Director**
**DIN: 00081100**

**Place : Nadiad**
**Date : 13.08.2022**

**TIRUPATI SARJAN LTD.**

**CIN:L45100GJ1995PLC024091**
**Registered Office: A/11, 12, 13, Satyamev Complex, Opposite Gujarat High court, S.G. Highway, Ahmedabad 380060 M : 91-79-2766 2013.**
**Web: http://www.tirupatisarjan.com Email Id: cs.tirupatisarjan@gmail.com**
**Statement of Standalone Unaudited Financial Results for the First quarter ended 30th June, 2022**

**(in lacs)**

| SR. NO. | PARTICULARS | Quarter ended 30/06/2022 | Year ended 31/03/2022 | Quarter Ended Unaudited 30/06/2021 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 2,360.66 | 9,123.41 | 950.33 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | 84.14 | 232.12 | 17.15 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Extraordinary and/Extraordinaryitems) | 84.14 | 232.12 | 17.15 |
| 4 | Net Profit / (Loss) for the period after tax(after Extraordinary and/or Extraordinary items#) | 60.08 | 168.75 | 12.24 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | 60.08 | 168.75 | 12.24 |
| 6 | Equity Share Capital (FV Rs. 5/ each) | 1649.91 | 1649.91 | 1649.91 |
| 7 | Other equity | - | - | - |
| 8 | Earning per share (Face value Rs. 5/- each) (for continuing and discontinued operations) | - | | |
| | (a) Basic | 0.18 | 0.51 | 0.04 |
| | (b) Diluted | 0.25 | 0.78 | 0.11 |

**Notes:**

**a)** The above is an extract of the detailed format of quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the quarterly Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity. **b)** The above results were approved by Audit Committee in its meeting held on 13th August, 2022 and subsequently taken on record by the Board of Directors at its meeting held on 13th August, 2022.

**For, Tirupati Sarjan Limited**
**sd/-**
**Ruchir R. Patel**
**Whole Time Director**
**Director** DIN : 03185133

**Date :** 13/08/2022
**Place :** Ahmedabad

**CREATIVE CASTINGS LIMITED**

**Reg. Office:** 102, GIDC Phase-II, Rajkot Road, Dolatpara, Junagadh-03.,
**Ph.:** +91 285 2660224, **Fax:** +91 285 2661348
**Email:** info@creative-cast.com, **Web.:** www.creative-cast.com
**CIN : L27100GJ1985PLC008286**
**Extract of Standalone Financial Results for the quarter and three months ended on 30th June, 2022**

(Rs.in lakhs)

| SN | Particulars | Standalone | | | |
|---|---|---|---|---|---|
| | | Quarter ended on | | | Year to Date on |
| | | 30/06/2022 (Unaudited) | 31/03/2022 (Audited) | 30/06/2021 (Unaudited) | 31/03/2022 (Audited) |
| 1 | Total income from operations (net) | 1,209.32 | 1,157.37 | 915.00 | 4,170.44 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary Items) | 138.91 | 78.64 | 72.98 | 421.89 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 138.91 | 78.64 | 72.98 | 421.89 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary Items) | 111.50 | 57.06 | 73.24 | 328.11 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 118.35 | 66.08 | 87.61 | 365.97 |
| 6 | Equity Share Capital | 130.00 | 130.00 | 130.00 | 130.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve)as shown in the Audited Balance Sheet ofthe previous year | - | - | - | 2,976.71 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing operations) (Amount in Rs.): | | | | |
| | (a) Basic (in Rs.) | 8.58 | 4.39 | 5.63 | 25.24 |
| | (b) Diluted (in Rs.) | 8.58 | 4.39 | 5.63 | 25.24 |

**Notes :-**

1. The above is an extract of the detailed format of Quarterly Unaudited Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the same is available on the websites of the Stock Exchange i.e. www.bseindia.com and on the Company's website at www.creative-cast.com.
2. The above financial results of the Company have been prepared in accordance with the Indian Accounting Standards ("Ind. AS") as prescribed under Section 133 of the Companies Act, 2013 read with the Companies (Indian Accounting Standards) Rules, 2015 as amended.
3. The Board of Directors has recommended final dividend of 100% (2021: 100%) for the financial year 2021-22 Rs. 10.00 per share (2021: Rs. 10.00 per share) which is subject to approval of shareholders.

For & on behalf of the Board
CREATIVE CASTINGS LIMITED
-sd-
Dhirubhai H. Dand
Chairman & Director
DIN: 00284065

**PLACE : Dolatpara, Junagadh**
**DATED : 13.08.2022**

**DUTRON POLYMERS LIMITED**

**Registered Office: Dutron House, Nr. Mithakhali Underbridge,Navrangpura, Ahmedabad-380009.**
**UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2022**

**(₹ In Lakhs)**

| Sr. No. | Particulars | Quarter Ended 30-06-2022 (Unaudited) | Quarter Ended 30-06-2021 (Unaudited) | Quarter Ended 31-03-2022 (Audited) | Year Ended 31-03-2022 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 4,435.27 | 2,876.37 | 3,572.09 | 9,438.45 |
| 2 | Net Profit/ (Loss) for the period (before tax, Exceptional and/ or extraordinary items) | 193.52 | 135.81 | 73.75 | 298.66 |
| 3 | Net Profit/ (Loss) for the period before tax, (after Exceptional and/ or extraordinary items) | 193.52 | 135.81 | 73.75 | 298.66 |
| 4 | Net Profit/ Loss, for the period after tax, (After Exceptional and/ or extraordinary items) | 145.52 | 105.81 | 68.67 | 227.70 |
| 5 | Total Comprehensive Income for the period (Comprising profit/ loss for the period (after tax) and other Comprehensive Income (after tax) | 145.52 | 105.81 | 68.67 | 227.70 |
| 6 | Equity Share Capital | 600.00 | 600.00 | 600.00 | 600.00 |
| 7 | Reserve (excluding revaluation reserve) as shown in the Audited Balance Sheet of szthe previous year | - | - | - | 1,497.29 |
| 8 | Earnings Per Share (EPS) (Face Value ₹ 10/- each) (For Continuing & Discontinuing Operations) Basic & Diluted | 2.43 | 1.76 | 1.14 | 3.80 |

**Notes :**

1. The above Financial Results which are published in accordance with Regulation 33 of the Securities and Exchange Board of India (Listing Obligations & Disclosure Requirements), Regulations, 2015 have been reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on August 14, 2022. The Financial Results are in accordance with the Indian Accounting Standards (Ind-AS) as prescribed under Section 133 of the Companies Act 2013 ("Act"), read with Rule 3 of the Companies (Indian Accounting Standards) Rules, 2015 (including any amendment(s) / modification(s) / re-enactment(s) thereto). The Financial Results have been subjected to audit by the Statutory Auditors of the Company, who have issued an unqualified opinion thereon.
2. The Company operates in only one business segment.
3. Previous period's figures have been regrouped/rearranged to make them comparable with those of current period.

**Place : Ahmedabad**
**Date : 13-08-2022**

**By Order of the Board**
**SD**
**(S.B. Patel)**
**Chairman**

**અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ**

રજી. ઓફિસઃ પ્લોટ નં. ૨૫/૯-એ, ફેઝ-III, જી.આઈ.ડી.સી. નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦. ફોન : 079-40082447
E-Mail: share@architorg.com Website: www.architorg.com CIN: L24110GJ1993PLC019941

**નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડના સભાસદોની ૨૯મી વાર્ષિક સાધારણ સભા (**'એજીએમ'**) કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા જારી તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ ૫ મે, ૨૦૨૦, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, ૦૮ ડિસેમ્બર, ૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ અને ૫ મે, ૨૦૨૨ ના સરક્યુલર વાંચતા તેમજ સેબી દ્વારા સમયે-સમયે જારી કરાયેલ સરક્યુલર સાથે વાંચતા (બધાને સંયુક્ત રીતે સરક્યુલર ગણવું) અને તેને અનુસરતા વિડિયો કોન્ફરન્સીંગ (**'વીસી'**) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (**'ઓએવીએમ'**) મારફતે કંપનીને તેના સભાસદોને સભાના સ્થળ ઉપર પ્રત્યક્ષ હાજર રહ્યા વગર, એજીએમ નોટીસમાં જણાવેલ કામકાજોની બહાલી માટે ગુરૂવાર, તારીખ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ બપોરના ૧૨.૩૫ કલાકે યોજવામાં આવશે.

ઉપરોક્ત જારી કરેલ સરક્યુલરની પૂર્તતા કરતા કંપનીની ૨૯મી એજીએમ ની નોટીસ અને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલોને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા બધાજ સભાસદોને કે જેઓએ તેમના ઈ-મેઈલ આઈડી કંપની/ડિપોઝીટરીઓ પાસે નોંધાયેલા છે તેમને મોકલી આપવામાં આવ્યા છે. આ ૨૯મી એજીએમ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.architorg.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને એજીએમ નોટીસ એનએસડીએલની વેબસાઈટ https://www.evoting.nsdl.com ઉપર ઉપલબ્ધ છે.

**ઈ-વોટીંગ માટે સુચનાઓ :**

કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૦૮ અને તેને સંબંધિત કાયદાઓ હેઠળ સમય-સમય પર સુધારો કરીને અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ મુજબ વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં જણાવ્યા પ્રમાણેના ઠરાવો માટે સભ્યોને પોતાના મત આપવા માટે રીમોટ ઈ-વોટીંગની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. કંપની દ્વારા એનએસડીએલને તેમના બધા સભાસદોને ઈ-વોટીંગની સુવિધા પૂરી પાડવા માટે અધિકૃત એજન્સી તરીકે નિયુક્ત કરેલ છે.

ઈ-વોટીંગ દ્વારા મત આપવા લાયક ઠરવા માટેની તારીખ ગુરૂવાર ૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ (Cut-off Date) રહેશે. રીમોટ ઈ-વોટીંગનો સમય દરેક સભાસદો કે જે ભૌતિક સ્વરૂપમાં કે ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવતા હશે તેઓ માટે ૩ દિવસ માટે ખુલ્લો રહેશે. તે તારીખ સોમવાર ૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યાથી શરૂ થશે અને તારીખ બુધવાર ૦૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે પૂરો થશે. ત્યારબાદ રીમોટ ઈ-વોટીંગ સુવિધા ઉપલબ્ધ થશે નહીં. કંપનીના જે સભાસદોએ રીમોટ ઈ-વોટીંગ દ્વારા ઠરાવો ઉપર વોટીંગ ન કર્યુ હોય તેવા સભાસદો વીસી/ઓએવીએમ દ્વારા યોજાનાર એજીએમ સભામાં ઉપસ્થિત રહેનારા સભાસદો સભા વખતે મતદાન કરી શકશે.

જે સભાસદોએ સભા પહેલા રીમોટ ઈ-વોટીંગ દ્વારા મતદાન કરી દીધું હશે તેઓ પણ સભામાં હાજર રહી શકશે. પરંતુ ફરીથી તેઓનો મત આપી શકશે નહીં. રીમોટ ઈ-વોટીંગની સુવિધા અને એજીએમમાં વોટીંગની સુવિધા વિશેની વિગતવાર માહિતી એજીએમ નોટીસમાં આપવામાં આવેલ છે.

કોઈપણ વ્યક્તિ જે આ નોટીસ મોકલ્યાની તારીખ પછી કંપનીના શેર ધારક બનેલ હોય અને કટ-ઓફ-ડેટ સુધી શેર ધારણ કરેલ હોય તેઓ એજીએમ નોટીસમાં જણાવેલ માહિતી અને પ્રકીયાને અનુસરીને ઈ-વોટીંગ દ્વારા પોતાનો મત આપી શકશે. જે સભાસદોના ઈ-મેઈલ આઈડી કંપની કે ડિપોઝીટરીઝ પાસે નોંધાયેલ ન હોય તેવા સભાસદો માટે ઈ-વોટીંગ કરવા માટે લોગ-ઈન ની પ્રક્રીયા.

- જે સભાસદો તેમના શેર ભૌતિક સ્વરૂપમાં ધારણ કરતા હોય તેમણે તેમના લોગ-ઈન માટે share@architorg.com ઉપર જરૂરી વિગતો જેવીકે, ફોલીયો નંબર, સભાસદનું નામ અને સેલ્ફ એટેસ્ટેડ પાન કાર્ડ અને આધાર કાર્ડની કોપી સહીત ઈ-મેઈલ મોકલવો.
- જે સભાસદો તેમના શેર ડીમેટમાં ધારણ કરતા હોય તેઓ તેમના લોગ-ઈન માટે share@architorg.com ઉપર જરૂરી વિગતો જેવીકે, ડીમેટ એકાઉન્ટની વિગતો, સભાસદનું નામ, ક્લાયન્ટ માસ્ટર, સેલ્ફ એટેસ્ટેડ પાન કાર્ડ અને આધાર કાર્ડની કોપી સહીત ઈ-મેઈલ મોકલવો.
- અન્યથા શેર ધારણ કરનાર સભાસદો તેમની ઉપરોક્ત જણાવેલ દસ્તાવેજો સહિતની વિગતો evoting@nsdl.co.in ઉપર મોકલી ઈ-વોટીંગ માટે યુઝર આઈડી અને પાસવર્ડ મંગાવી શકે છે.

આથી જે સભાસદોના ઈમેઈલ આઈડી કંપની / આરટીએ પાસે નોંધાયેલા નથી. તેઓ કંપની પાસેથી ઈ-કોમ્યુનિકેશન મેળવીને તેમજ નીચે જણાવેલ પ્રકીયા અનુસરીને તેમના ઈમેઈલ આઈડી નોંધાવી લેવા વિનંતી.

- જે સભાસદો તેમના શેર ભૌતિક સ્વરૂપમાં ધારણ કરતા હોય તેમણે તેમના ઈમેઈલ આઈડી નોંધાવવા share@architorg.com ઉપર જરૂરી વિગતો જેવીકે, ફોલીયો નંબર, સભાસદનું નામ અને સેલ્ફ એટેસ્ટેડ પાન કાર્ડ અને આધાર કાર્ડની કોપી સહીત ઈમેઈલ મોકલવો.
- જે સભાસદો તેમના શેર ડીમેટમાં ધારણ કરતા હોય તેમણે તેમનો ઈમેઈલ આઈડી નોંધાવવા તેમના ડિપોઝીટરી પાર્ટીસીપન્ટનો સંપર્ક કરવો.

સભાસદોને ઈ-વોટીંગને લગતી કોઈ પૂછપરછ અથવા સમસ્યાઓ કે ફરિયાદો હોય તો તેઓ વેબસાઈટ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ "ફીક્વન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ" ("FAQs") જોઈ શકે છે અને ઈ-વોટીંગ મેન્યુલ વાંચી શકે છે અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૦૨૦૯૯૦ અને ૧૮૦૦૨૨૪૪૩૦ અથવા શ્રી પલ્લવી મ્હાતે ને evoting@nsdl.co.in ઉપર મોકલી ઈ-મેઈલ મોકલી શકે છે.

**ડિવિડન્ડની ચૂકવણી અને ટેક્ષ ડિડક્ટેડ એટ સોર્સ (ટીડીએસ)**

બોર્ડ ઓફ ડાયરેક્ટર દ્વારા તારીખ ૧૨ મે, ૨૦૨૨ ના રોજ યોજાયેલ સભામાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઈક્વિટી શેર દીઠ રૂા. ૦.૭૫ નું ડિવિડન્ડ (રૂા. ૧૦/- ના એક એવા) ની ભલામણ કે જે કંપનીની વાર્ષિક સાધારણ સભા દરમ્યાન સભાસદોની મંજૂરીને આધિન કરેલ હતી. આ ડિવિડન્ડ જો કંપનીની વાર્ષિક સાધારણ સભામાં મંજૂર થશે તો તે સભાસદોને ભૌતિક સ્વરૂપમાં કે ડીમેટ સ્વરૂપમાં ઈક્વિટી શેર ધારણ કરનાર સભાસદોને કે જેઓ કંપની દ્વારા બુક બંધ જાહેર કરાયાના પહેલા (એટલે કે તારીખ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૨ થી તારીખ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં) શેર ધારણ કરતા હશે તો યોગ્ય જાહેર થશે તો તેઓને ચૂકવવામાં આવશે.

નાણાંકીય કાયદો ૨૦૨૦ માં દાખલ કરાયેલ સુધારા પ્રમાણે કંપની દ્વારા શેર ધારકોને તારીખ ૧ એપ્રિલ, ૨૦૨૦ પછી ચૂકવવામાં આવેલ ડિવિડન્ડ ઉપર નક્કી કરેલ દરે ટેક્ષ એટ સોર્સ કાપવાનો રહેશે. આ ટીડીએસની જરૂરી પૂર્તતા માટે સભાસદોને વિનંતી કે તેઓ તેમનું રેસીડેન્શીયલ સ્ટેટસ, પાન અને તેમની આઈટી કાયદા મુજબની કેટેગરી વિગેરે જો ડીમેટમાં શેર ધરાવતા હોય તો ડિપોઝીટરીઝ પાર્ટીશીપન્ટ પાસે અપડેટ કરાવવાની રહેશે અને જો ભૌતિક સ્વરૂપમાં શેર ધારણ કરતા હશો તો ઉપરોક્ત માહિતી કંપની / આરટીએ પાસે તેના નામ અને ફોલીયો નંબર જણાવી અપડેટ કરાવવાની રહેશે. નોન-ડિડકશન ઓફ ટેક્ષનો લાભ લેવા શેર ધારકોને વિનંતિ કે તેઓ તેમના જરૂરી દસ્તાવેજો / ડિક્લેરેશન ફોર્મ ઈ-મેઈલ દ્વારા તારીખ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ પહેલા share@architorg.com ઉપર મોકલી આપે.

**જો સભાસદ દ્વારા એજીએમમાં મંજૂરી મળશે તો ડિવિડન્ડને ઈલેક્ટ્રોનીકલી દ્વારા મેળવવા માટે નીચે જણાવેલ વિગતો જમા કરાવવી**

| | |
|---|---|
| જો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા હોય તો | કંપનીને આપની સહી કરેલ લેટર મોકલો જેમાં જણાવો :<br>૧. આપને બેંકના જે ખાતામાં ડિવિડન્ડની રકમ જોઈતી હોય તેનું નામ અને શાખા.<br>૨. બેંકના ખાતાનો પ્રકાર.<br>૩. બેંક ખાતા નંબર, MICR કોડ, IFSC કોડ.<br>૪. પહેલા શેર ધારકનું નામ હોય તેવા કેન્સલ કરેલ ચેકની કોપી. |
| જો ડીમેટમાં શેર ધરાવતા હોય તો | ડિપોઝીટરી પાર્ટીશીપન્ટ (ડીપી) નો સંપર્ક કરી આપના ડિમેટ એકાઉન્ટમાં ઈ-મેઈલ અને બેંક એકાઉન્ટની વિગતો ની નોંધણી આપના ડીપી ના માર્ગદર્શન દ્વારા કરાવો. |

તારીખ : ૧૩ ઓગસ્ટ, ૨૦૨૨
સ્થળ : અમદાવાદ

વતી, **અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ**
**સહી/- કંદર્પ કે. અમિન**
**ચેરમેન અને હોલ ટાઈમ ડાયરેક્ટર (DIN : 00038972)**

**AMBAR PROTEIN INDUSTRIES LIMITED**

(CIN: L15400GJ1992PLC018758)
(Regd. Off:- Sarkhej-Bavla Highway, Opp Bhagyoday Hotel, Changodar, Dist. Ahmedabad-382213)
E-mail: ambarinv@gmail.com • website: www.ambarprotein.com
Contact No: (02717) 250220 / 221 / 410 • F: (02717) 297123

**EXTRACT OF UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2022**

**(Rs. In Lakhs)**

| Particulars | Quarter Ended | | Year Ended |
|---|---|---|---|
| | 31-6-2022 (UnAudited) | 30-6-2021 (UnAudited) | 31-3-2022 (Audited) |
| Total Income from Operations (Net) | 8438.21 | 8190.5 | 33974.81 |
| Net Profit / (Loss) for the period (before tax, Exceptional and / or Extraordinary Items) | 163.42 | 88.99 | 590.7 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary Items) | 163.42 | 88.99 | 590.7 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary Items) | 134.22 | 77.28 | 445.03 |
| Total Comprehensive income for the period [Comprising profit / (Loss) for the period (after tax) and Other Comprehensive income (after tax)] | 0 | 0 | 0 |
| Equity Share Capital | 575 | 575 | 575 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of the Previous Year) | - | - | 1334.64 |
| Earning Per Share (of Rs. 10/- each) (for Continuing and discontinued Operations) | | | |
| (a) Basic | 2.33 | 1.34 | 7.74 |
| (b) Diluted | 2.33 | 1.34 | 7.74 |

**Note :**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the the website of the Company (www.ambarprotein.com) and on the website of BSE Ltd (www.bseindia.com)
2. The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.
3. Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

**Date : 13-08-2022**
**Place : Ahmedabad**

**For and on behalf of Board**
**For, AMBAR PROTEIN INDUSTRIES LIMITED**
**Sd/-**
**Pradeep C. Khetani**
**Managing Director**
**(DIN:01786030)**



સરકારદ્વારા હરઘર તિરંગા ના કાર્યક્રમઅંતર્ગત અમદાવાદના દાણાપીઠ પાસે આવેલી અંજુમન ઇસ્લામિક સ્કૂલને તિરંગાથી સજાવી છે .( **તસવીર : જયેશ મોદી** )

# ગાંધીનગરમાં સ્કૂલ ઓફ ડ્રોનનું સીએમએ ઉદ્‌ઘાટન કર્યું

**(એજન્સી) ગાંધીનગર,**

વિશ્વભરમાં ટેકનોલોજીકલ ક્રાંતિની સાથે તાલ મિલાવવા તેમજ દેશનું યુવાધન અદ્યતન ટેકનોલોજીથી સતત અપડેટ રહે, પોતાની સ્કિલને વધુ સારી રીતે એપ્લાય કરી શકે, આધુનિક ટેક્નોલોજી યુગ સાથે સમન્વય સાધી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા આધુનિક ટેક્નોલોજીકલ સ્કિલ શીખવવા માટે અભ્યાસક્રમો શરૂ કરવા જરૂરી બન્યા છે. જે ધ્યાને રાખીને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ગાંધીનગર ખાતેથી કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી હેઠળ સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે સ્કૂલ ઓફ ડ્રોન વિદ્યાશાખાનો પ્રારંભ કરવામાં આવ્યો.આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર પ્રધાન બ્રિજેશ મેરજા તથા આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલે સંબોધન કરતા જણાવ્યું કે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યુ છે. ગ્રોથ એન્જિન ત્યારે કહેવાય જ્યારે દરેક ક્ષેત્રે વિકાસ સારી રીતે થયો હોય. દરેક ક્ષેત્રે ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે, છેવાડાના માનવી સુધી ટેક્નોલોજી પહોંચે તેવો પ્રયાસ થઈ રહ્યા છે. સ્ટાર્ટઅપમાં ગુજરાત નંબર વન આવે છે તેમ જણાવ્યું હતું, વધુમાં જણાવ્યું આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગાનું જે આહ્વાન કર્યુ છે તે અંતર્ગત ગુજરાત આગળ વધ્યુ છે. પોતાનું ઘર અને વ્યવસાયના સ્થાને એક એક તિરંગો લગાવીએ. સૌ આ અભિયાનમાં જોડાય તેવી અપીલ કરી હતી. સ્કૂલ ઓફ ડ્રોન ક્ષેત્રે તાલીમ મેળવ્યા બાદ એગ્રીકલ્ચર, લેન્ડ સર્વેયિંગ, ડીઝાસ્ટર, ગુના સંશોધન, એરિયલ ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી, વિજીલન્સ મોનીટરીંગ, સંરક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતના યુવાધનને વિપુલ પ્રમાણમાં રોજગારી તથા સ્વ-રોજગારીની તકોનું સર્જન થશે. ડ્રોન ટેકનોલોજીની જરૂરિયાત ગામડાઓમાં પણ રહેલી છે. ખાસ કરીને કૃષિ ક્ષેત્રે તેની ખુબ જરૂરિયાત રહેલી છે.

# અમદાવાદમાં તોફાની પવન સાથે વરસાદ

**(એજન્સી) અમદાવાદ,**

રાજ્યમાં વરસાદના ત્રીજો રાઉન્ડને લઈને ભારે વરસાદની અને વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. જેને લઈને આજે અમદાવાદમાં પણ બપોર બાદ વતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને ત્યારબાદ અનેક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડ્યો હતો. બોડકદેવ, સેટેલાઈટ, એસ.જી હાઈવે, સરખેજ, સનાથલ, શાંતિપુરા, બાકરોલ સહીતના વિસ્તારોમાં વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જેને લઈને લોકોને બફારામાંથી રાહત મળી હતી.

વધુમાં અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં ભારે પવન પણ ત્રાટકતા મીની વાવાઝોડા જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. સાંજે પાંચ વાગ્યા બાદ આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયું હતું. ત્યારબાદ તોફાની પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. જોકે વાતાવરણમાં પલટો આવતા ઘણા લોકો ભિંજાવા પણ નીકળ્યા હતા. પરંતુ તોફાની પવન સાથે વરસાદને પગલે રોડ પર ધુમ્મસ જેવુ વાતાવરણ ઊભું થતાં વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવાની નોબત આવી હતી. તો અમુક જગ્યાએ રોડ પર ટ્રાફિક જામ પણ થયા હતા.

હવામાન વિભાગ દ્વારા ફરી ગાજવીજ અને વાવાઝોડા સાથે ત્રણ દિવસ માટે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં તેની અસર જોવા મળશે. બંગાળની ખાડીમાં સર્જાયેલી વેલમાર્ક લો-પ્રેશર સિસ્ટમ મધ્યપ્રદેશના પૂર્વ ભાગમાં પહોંચી છે. બીજી તરફ સૌરાષ્ટ્રના ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર ઉપર એક નવી લો-પ્રેશર સિસ્ટમ બની છે. આ બંને સિસ્ટમના કારણે આજે રાજ્યભરમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. મહત્વનું છે કે કચ્છ, દાહોદ, પંચમહાલ, મહીસાગરમાં ભારેથી અતિભારે જ્યારે અમદાવાદ, ગાંધીનગર, ખેડા, વડોદરા, અરવલ્લી, રાજકોટ, જામનગર, દ્વારકા, સુરત, તાપી, નવસારી, ડાંગ, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, વલસાડમાં પણ વરસાદની આગાહી કરાઈ છે.

# ગુજરાત બોર્ડના અસલ લોગો લગાવી નકલી માર્કશીટ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ

**(એજન્સી) અમદાવાદ,**

એલિસબ્રિજ પોલીસે આંબાવાડીના ગ્રાન્ડ મોલમાંથી ગુજરાત બોર્ડના અસલ લોગો લગાવી તૈયાર થતી નકલી માર્કશીટ બનાવવાનું રેકેટ ઝડપી ત્રણ આરોપીની ધરપકડ કરી છે. પોલીસે બાતમીના આધારે રેડ કરતા વિદેશ જવા ઈચ્છતા પેસેન્જરોને વિઝા અપાવવા માટે આ રેકેટ ચાલતું હોવાનો ઘટસ્ફોટ થયો છે. એલિસબ્રિજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ડી.પટેલે બાતમી મુજબ આંબાવાડીના ગ્રાન્ડ મોલ ખાતે ત્રીજા માળે આવેલી યુનિવર્લ્ડ નામની ઓફિસમાં શુક્રવારે બપોરે દરોડા પાડી ત્રણ આરોપીને ઝડપી લીધા હતા. પોલીસ તપાસમાં ખૂલેલી વિગત મુજબ ઓફિસના સંચાલક મનીષભાઈ સુરેન્દ્રભાઈ ઝવેરી (ઉં,૫૧)રહે, ચંદનબાળા સુવિધા શોપિંગ સેન્ટરની સામે પાલડી, નીરવ વિનોદ વખારીયા (ઉં,૪૬)રહે, સિલ્વર નેસ્ટ, આઈસીબી ફલોરા સામે, ગોતા અને જીતેન્દ્ર ભવાનભાઈ ઠાકોર ઉં,૪૦,રહે, સુભદ્રાપુરા, ઠાકોર વાસ, ગુલબાઈ ટેકરાવાળો ડુપ્લિકેટ માર્કશીટ બનાવવાના વેપલો કરતો હતો.

આરોપીઓની પૂછપરછમાં ખૂલેલી વિગત મુજબ વિદેશ ઈચ્છતા લોકોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની અસલ માર્કશીટ લઈ આરોપીઓ તેમાંથી ગુજરાત બોર્ડનો અસલ લોગો અને સિક્કો કાઢી માર્ક સુધારી તૈયાર થયેલી નકલી માર્કશીટ પર આ લોગો અને સિક્કો લગાવી દેતા હતા. આમ વિદેશ જવા ઈચ્છતા લોકોને વિઝા અપાવવા માટે આ રેકેટ ચાલતું હોવાનું ખુલ્યું હતું. પોલીસને સ્થળ પરથી ૩૫ જેટલી નકલી માર્કશીટ મળી આવી હતી. પોલીસ તપાસમાં ઓફિસમાંથી રૂ.૨૩,૭૫,૨૦૦ની રોકડ, ૬૦ હજારનું કોમ્પ્યુટર, ૨૭ હજારના મોબાઈલ ફોન અને પૈસા ગણવા માટેનું રૂ.બે હજારનું મશીન મળી કુલ રૂ.૨૪,૬૪,૨૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ તપાસ હાથ ધરી છે.

# ઝઘડામાં ઉપરાણું લેનાર યુવકને જીવ ગુમાવવાનો વારો આવ્યો

**(એજન્સી) અમદાવાદ,**

શહેરના માધવપુરા પોલીસ સ્ટેશનની હદમાં હત્યાનો બનાવ બનતા પોલીસે તપાસ શરૂ કરી છે. રક્ષા બંધનના દિવસે ચાલીના નાકે બે લોકો વચ્ચે બબાલ થઈ હતી. જેમાં પરેશ નામના યુવકે એક વ્યક્તિનું ઉપરાણું લેતા બીજા દિવસે આરોપીએ પરેશને છરીના ઘા મારી જાહેરમાં હત્યા કરી નાખી હતી. શહેરના તાવડીપુરામાં રહેતા અલ્પેશભાઈ ઠાકોર પ્રાઈવેટ નોકરી કરી પરિવારનું ગુજરાત ચલાવે છે. તેમને એક નાનોભાઈ પરેશ પણ હતો. રક્ષાબંધનના દિવસે તમામ પરિવારજનો ઘરે ભેગા થયા હતા. ત્યારે રાત્રે આઠેક વાગ્યાના સમયે ચાલીમાં રહેતા બલરામ ઠાકોરને ત્યાં જ રહેતા હિમાંશુ ઉર્ફે ભેમો રાવતની સાથે ચાલીને નાકે ઝઘડો થયો હતો. જેમાં પરેશે બલરામનું ઉપરાણું લઈને હિમાંશુ રાવતને કહ્યું હતું કે, ચાલીના નાકે તું ગાળા ગાળી ન કર. જે બાદમાં હિમાંશુ તેના ઘરના સભ્યોને લઈને પરેશના ઘરે આવીને ઝઘડો કરવા લાગ્યો હતો. આ દરમિયાન ચાલીના અન્ય લોકો આવી પહોંચતા બંને પક્ષ વચ્ચે સમાધાન થઈ ગયું હતું. બાદમાં બીજા દિવસે ચાલીના નાકાની બહાર હિમાંશુ રાવત ગાળો બોલતો હતો. હિમાંશું રાવત પોતાના હાથમાં રહેલી છરીથી પરેશભાઈના શરીર ઉપર ઘા મારતો હતો. જેથી આસપાસના લોકો ભેગા થઈ જતા આરોપી હિમાંશુ ખુલ્લી છરી હાથમાં રાખીને ત્યાંથી ભાગીને દેવજીપુરા તરફ જતો રહ્યો હતો.

# ગિરનાર નિલકંઠ મહાદેવ મંદિરના મહંત ગણપતગીરી બાપુ દેવલોક પામ્યા

**(એજન્સી) જૂનાગઢ,**

જૂનાગઢ ગિરનાર શક્તિપીઠ અંબાજી મંદિર અને દતશિખર તથા નીલકંઠ મહાદેવ મંદિરના મહંત પૂજ્ય શ્રી ગણપતગીરી બાપુ ગુરુ શ્રી પ્રભાતગીરી બાપુ આજે દેવલોક પામ્યા છે. આ અંગેના વાવડ વહેતા થતાં સંતો-મહંતો અને સેવક સમુદાયમાં ઘેરા શોકનું મોજુ ફરી વળ્યું છે. વધુમાં અંગે લોકોને જાણ થતાં તેમના અંતિમ દર્શનાર્થે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જૂનાગઢના ગિરનાર પર્વત પર આવેલ શક્તિપીઠ અંબાજી મંદિર અને નીલકંઠ મહાદેવ મંદિરના મહંત શ્રી પૂજ્ય ગણપતગીરીએ આજે અંતિમ શ્વાસ લીધા હતા.

# કડીમાં તિરંગા યાત્રામાં રખડતી ગાયે પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલને હડફેટે લીધા

**(એજન્સી) કડી,**

પંદરમી ઓગસ્ટને હવે ગણતરીના જ કલાકો બાકી રહી ગયા છે. ત્યારે રાજ્યમાં ઠેર ઠેર તિરંગા રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજ્યના અનેક વિસ્તારોમાં આ રીતે તિરંગા રેલી યોજાઈ ગઈ છે અને હજુ પણ ઉજવણી ચાલી રહી છે. ત્યારે મહેસાણાના કડી વિસ્તારમાં પણ આ રીતે તિરંગા રેલી યોજાઈ હતી. આ તિરંગા રેલીમાં પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલ પણ હાજર રહ્યા હતા. આ સિવાય મોટી સંખ્યામાં લોકો પણ ઉમટ્યા હતા. આ તિરંગા રેલી દરમિયાન એક ચોંકાવનારી ઘટના બની હતી. અહીં રખડતી ગાયે નીતિન પટેલને અડફેટે લીધા હતા. જે બાદ નીતિન પટેલને ઢીંચણમાં ઈજાઓ પહોંચી હતી. જેથી તેઓને તાત્કાલિક સરવાર માટે હોસ્પટિલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવની વિગતો એવી છે કે, રાજ્યમાં ઠેર ઠેર હાલ તિરંગા રેલીનું આયોજન થઈ રહ્યુ છે. બીજી તરફ, ઘર ઘર તિરંગા અભિયાન પણ ચાલી રહ્યું છે અને પંદરમી ઓગસ્ટને હવે ગણતરીના જ કલાકો બચ્યા છે. ત્યારે રાજ્યમાં પંદરમી ઓગસ્ટની ઉજવણી હાલથી જ શરુ થઈ ચૂકી છે. આ દરમિયાન મહેસાણાના કડી વિસ્તારમાં પણ તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. આ તિરંગા રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સાથે જ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ તિરંગા રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. આ રેલી કરણપુર શાક માર્કેટ પાસે પહોંચી હતી. ત્યારે અહીં કેટલીક રખડતી ગાયો પણ નજરે પડી હતી. જેમાંથી એક રખડતી ગાયે નીતિન પટેલને અડફેટે લીધા હતા. જે બાદ તેઓને પગના ઢીંચણમાં ઈજા પહોંચી હતી. એ પછી તાત્કાલિક ધોરણે નીતિન પટેલને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એવા પણ રિપોર્ટ સામે આવ્યા છે કે, નીતિન પટેલની અધ્યક્ષતામાં કડીમાં આ તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા અને સાથે કેટલાંક રાજકીય નેતાઓ પણ હતા.

